# IN THE COURT OF PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE, SURAT

Special (ACB) Case No.14/2011

**Complainant**: **The State**

Versus

**Accused**: **PRADEEP SHASHIKANT KARKHANISH**
Additional Assistant Engineer -
Deputy Executive Engineer (Class-3)
Medical College Sub-Division,
Athwalines, Surat.

## J U D G M E N T

**Coram**: **RAHUL ARUNKUMAR TRIVEDI**
Principal District & Sessions Judge,
Surat

# સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની
# કોર્ટ સમક્ષ, મુ.સુરત.

## સ્પેશીયલ (એ.સી.બી.) કેસ નં.૧૪/૨૦૧૧

(એ.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ગુના રજિ. નં.૪/૨૦૧૧)

**અ નુ ક્ર મ ણિ કા**



| અનુ. નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| | **કેસની પ્રાથમિક વિગતો** | |
| ૧. | પક્ષકારોના નામ-સરનામા | ૧ થી ૨ |
| ૨. | ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની વિગત | ૩ થી ૪ |
| ૩. | ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત | ૪ થી ૭ |
| ૪. | તપાસની વિગતો | ૭ થી ૮ |
| ૫. | કેસની પ્રાથમિક કાર્યવાહી | ૮ થી ૯ |
| ૬. | આરોપીઓનું વિશેષ નિવેદન. | ૯ થી ૧૪ |
| | **દલીલો** | |
| ૭. | ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલો. | ૧૫ થી ૧૯ |
| ૮. | બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલો. | ૧૯ થી ૩૦ |
| ૯. | **મુદ્દા અને તેના નિર્ણય** | ૩૦ થી ૩૨ |
| | **નિર્ણય માટેના કારણો** | |
| ૧૦. | **મુદ્દા નં.૧** | ૩૨ થી ૩૫ |
| ૧૧. | **મુદ્દા નં.૨** | ૩૫ થી ૩૮ |

| અનુ. નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| | **મુદ્દા નં.૩** | |
| ૧૨. | ફરિયાદ પક્ષ તરફેના મૌખિક પુરાવાઓનું વિવરણ | ૩૮ થી ૮૩ |
| ૧૩. | ફરિયાદ પક્ષ તરફેના પુરાવાનું મૂલ્યાંકન | ૮૩ થી ૧૩૪ |
| ૧૪. | **મુદ્દા નં.૪**<br>તહોમતનામાની સાબિતી | ૧૩૪ |
| ૧૫. | **મુદ્દા નં.૫**<br>હુકમ | ૧૩૪ |
| ૧૬. | **સજા બાબતે બંને પક્ષકારોની રજૂઆત અને આખરી તારણ** | ૧૩૫ થી ૧૪૩ |
| ૧૭. | **આખરી હુકમ** | ૧૪૪ થી ૧૪૬ |
| ૧૮. | નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસારના પરિશિષ્ટો | ૧૪૭ થી ૧૫૦ |


* * * * * * * *

GJSR010020782011

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૨.૦૬.૨૦૧૧ |
| દાખલ તારીખ | : | ૨૨.૦૬.૨૦૧૧ |
| ફેંસલ તારીખ | : | ૧૭.૦૩.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ ૧૪ માસ ૮ દિવસ ૨૩ |

**આંક –**

**ફોર્મ–'એ'**

## સુરતના વિશેષ ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

[ચૂકાદા તારીખઃ ૧૭.૦૩.૨૦૨૬]

**સ્પેશીયલ (એ.સી.બી.) કેસ નં.૧૪/૨૦૧૧**

(એ.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ગુના રજિ. નં.૪/૨૦૧૧)

**ફરિયાદીઃ** **શ્રી સરકાર.**

**ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટર શ્રી આર.પી.ડોબરીયા**

વિરુદ્ધ

**આરોપીઃ** **પ્રદિપ શશીકાંત કારખાનીશ,**
અધિક આસિસ્ટંટ ઈજનેર –
નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩)
મેડીકલ કોલેજ પેટાવિભાગ, અઠવાલાઈન્સ, સુરત.
ઉં.૪૯ વર્ષ, ધંધોઃ નોકરી,
રહેવાસીઃ ૨૧, નિરવ પાર્ક સોસાયટી,
પાંચબત્તી, ભરૂચ.

**આરોપી વિ.વકીલશ્રી જી.આઈ.દેસાઈ**

------------------------------------------------------------------------------------

## ફોર્મ-'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૫.૦૩.૨૦૧૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૫.૦૩.૨૦૧૧ |
| ચાર્જશીટ તારીખ | ૨૨.૦૬.૨૦૧૧ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૭.૦૯.૨૦૧૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૪.૦૬.૨૦૧૬ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૧૩.૦૩.૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૧૭.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૧૭.૦૩.૨૦૨૬ |

## આરોપીની વિગતો

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મૂકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો **વર્ષ-માસ-દિ.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પ્રદિપ શશીકાંત કારખાનીશ** | ૨૫.૦૩.૨૦૧૧ | ૨૧.૦૫.૨૦૧૧ | ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૭, ૧૩(૧)ઘ, ૧૩(૨) મુજબનો. | સજા કરેલ છે. | આખરી હુકમ મુજબ | ૦ - ૧ - ૨૬ |

## ફોર્મ–'સી'

## એ. ફરિયાદ પક્ષ તરફેના શાહેદોનું લીસ્ટઃ–

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૪ | વિનયકુમાર નરેશભાઈ પટેલ | ફરિયાદી |
| ૨ | ૨૭ | શંકરભાઈ ઝીણાભાઈ પટેલ | પંચ નં.૧ |
| ૩ | ૮૭ | નંદકિશોર શ્રાવણ ચૌધરી | ટ્રેપીંગ ઓફિસર |
| ૪ | ૧૦૩ | મહેન્દ્રસિંહ વજેસિંહ રાઠોડ | તપાસ કરનાર અધિકારી |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ શાહેદો તપાસવામાં આવેલ નથી.

## એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–

| અનુ. નં. | આંક/ શાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫/૧ | ફરિયાદ |
| ૨ | ૨૯/૨ | લાંચના છટકાનું પંચનામું |
| ૩ | ૩૦/૨ | સીઝર મેમો |
| ૪ | ૩૧/૨ | આરોપીનું અટક પંચનામું |
| ૫ | ૩૨/૨ થી ૩૭/૨ | પંચ સ્લીપ (મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૫, ૭) |
| ૬ | ૮૮/૩ | પંચો મેળવવા માટે લખવામાં આવેલ યાદી |
| ૭ | ૯૦/૩ | બીલો મંજૂર કરવા માટે તૈયાર કરેલ ફાઈલની નકલો |
| ૮ | ૧૦૧ | પ્રોસીક્યૂશનની મંજૂરીનો હુકમ (બચાવ પક્ષની કબૂલાતના આધારે આંકે પાડેલ છે). |
| ૯ | ૧૦૪/૪ | મુદ્દામાલ રવાનગી નોંધ |

| અનુ. નં. | આંક/ શાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧૦ | ૧૦૫/૪ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ |
| ૧૧ | ૧૦૬/૪ | એફ.એસ.એલ. નો રવાગની પત્ર અને રસાયણશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ |
| ૧૨ | ૧૦૭/૪ | આરોપીના ઘરની ઝડતી–તપાસ કરવા માટે કરેલ રીપોર્ટ |
| ૧૩ | ૧૦૮/૪ | ભરૂચ એ.સી.બી.એ પંચો મેળવવા લખેલ યાદી |
| ૧૪ | ૧૦૯/૪ | ઝડતી પંચનામું |
| ૧૫ | ૧૧૦/૪ | ઈન્વેન્ટરી યાદી |
| ૧૬ | ૧૧૧/૪ | મુદ્દામાલ કબજે કર્યાની રસીદ |
| ૧૭ | ૧૧૨/૪ | આરોપીનો સેવાકીય રેકર્ડ |
| ૧૮ | ૧૧૩/૪ | કોલ ડીટેઈલ |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**ગુનોઃ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨) મુજબનો.**

## ચૂકા દો

**(૧)** આ કેસના આરોપી વિરુદ્ધ સુરતના વિ.૭મા અધિક સત્ર ન્યાયાધીશ અને વિશેષ ન્યાયાધીશ દ્વારા **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું તહોમતનામું **આંક–૭** થી ફરમાવવામાં આવેલ છે.

(૨) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

**/એ/** આ કામના ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલ તેમના પરીવાર સાથે ભાટપોર ગામ, તાપી ફળિયું, તા.ચોર્યાસી, જિ.સુરત ખાતે રહે છે; "નરેશ કન્સ્ટ્રક્શન એન્જીનીયરીંગ" ના નામની તેમના માતા–પિતાની માલિકીની પેઢી છે, જે પેઢીની પી.ડબલ્યુ.ડી. માં નોંધણી કરાવેલ છે, જેનો રજિ. નં.૪૭૨૯૨ છે; સદર પેઢીનો સમગ્ર વહીવટ તેમના માતા–પિતા વતી તેઓ કરે છે; તેમની આ પેઢી પી.ડબલ્યુ.ડી. હસ્તકના બિલ્ડિંગોનું હાઉસ કીપીંગ તથા ગાર્ડનીંગ વગેરેને લગતું કામ પી.ડબલ્યુ.ડી. પાસેથી કોન્ટ્રાક્ટ મેળવી કરે છે.

**ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે,** સને ડિસેમ્બર–૨૦૦૯ માં કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (માર્ગ અને મકાન) વિભાગ–૧, નાનપુરા દ્વારા નવી સિવિલ હોસ્પિટલમાં ગાર્ડનીંગ અંગેનું ટેન્ડર બે વર્ષ માટે મંજૂર થયેલ અને તે મંજૂર થયેલ ટેન્ડર અન્વયે તેમને નવી સિવિલ હોસ્પિટસ ખાતે કુલ ૩૦૦ ઝાડ રોપી, તેની ફરતે લોખંડના પાંજરા મૂકી, તેનું મેઈન્ટેનન્સ કરવાનું હતું; તે મુજબ તેમણે ૩૦૦ છોડવા રોપી, તેને લોંખડના પાંજરાથી કવર કરી, તેનું મેઈન્ટેનન્સ ચાલું કરી દીધેલ; જે અંગેનું પાર્ટ પેમેન્ટનું બીલ નાયબ કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન) વિભાગ–૧ ની કચેરીના આસિસ્ટંટ ઈજનેર શ્રી કારખાનીશ (આ કામના આરોપી) નાએ તૈયાર કરેલ ₹૨,૨૪,૦૦૦/– નો ચેક કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) વિભાગ–૧ ની કચેરીમાંથી મળી ગયેલ અને બાકી રહેતા પેમેન્ટમાંથી મેઈન્ટેનન્સ સિવાયના બાકીના પૈસાના પાર્ટ પેમેન્ટનું ₹૭૭,૦૦૦/– નું બીલ આરોપીએ ડિસેમ્બર–૨૦૧૦ માં બનાવવું જોઈતું હતું, પરંતુ તેમણે તે બનાવેલ ન હોઈ, ફરિયાદીને તે રકમ મળેલ નહીં.

**ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે,** તેઓ ડિસેમ્બર–૨૦૧૦ થી આરોપીને મળી, તેમના પાર્ટ પેમેન્ટના ₹૭૭,૦૦૦/– નું બીલ બનાવી, નાયબ ઈજનેરશ્રી પાસે મૂકવા કહેતા હતા, પરંતુ આરોપીએ બીલો બનાવી મૂકેલ નહીં, જેથી તેમણે ફેબ્રુઆરી માસથી આરોપીને મળીને તેમના બીલો બનાવવા વિનંતી કરતા આરોપીએ તેમને કહેલ કે, *"તે તારા અગાઉ પાસ થયેલ ₹૨,૨૪,૦૦૦/– ના બીલમાંથી પણ મને કાંઈ આપ્યું નથી, જેથી તે અને આ બાકી બીલની રકમમાંથી મને ₹૩૦,૦૦૦/– આપે તો તારા બીલ બનાવી દઉં"*, જેથી ફરિયાદીએ આરોપીને વિનંતીઓ કરી કાંઈ ઓછું કરવા કહેતા, આરોપીએ છેવટે *"₹૨૫,૦૦૦/– તો આપવા જ પડશે, નહીં તો બીલો મારી ફુરસતે બનશે"*, તેવું કહેતાં તેમણે નાછૂટકે તેની સાથે સહમત થયેલ.

**ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે,** ફરિયાદીએ આરોપીને કહેલ કે, બીલ મંજૂર થયા પછી જે પૈસા મળશે, તેમાંથી ₹૨૫,૦૦૦/– આપી જઈશ; હાલ તેમની પાસે કાંઈ નથી. જેથી આરોપીએ હા પાડેલ અને તેમના બીલો બનાવી મોકલી આપેલ; ત્યાર બાદ તારીખઃ ૨૪.૦૩.૨૦૧૧ ના રોજ તેમણે કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીએ જઈ તપાસ કરતા ત્યાંના કર્મચારીશ્રી જયંતીભાઈને પૂછતા, તેઓએ તેમને તેમના નવી સિવિલ હોસ્પિટલમાં કરેલ કામના બાકીના ₹૭૭,૦૦૦/– તથા બીજા ચાર કામોના મળી કુલ ₹૧,૩૯,૬૯૧/– નો ચેક તેમને આપેલ; જે ચેક તેમણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, નાનપુરા શાખામાં જમા કરાવેલ.

**ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે,** ત્યાર બાદ બપોરે આશરે ૩:૩૦ વાગ્યાના અરસામાં આરોપીએ તેમના મોબાઈલ

નં.૯૭૧૨૯ ૨૦૩૨૨ પરથી તેમને ફોન કરી, તેમની અઠવાલાઈન્સ ખાતેની ઓફિસે બોલાવતા તેઓ ત્યાં ગયેલ, ત્યારે આરોપીએ તેમને કહેલ કે, *"તારો ચેક મળી ગયો ને?"* જેથી ફરિયાદીએ હા પાડેલ; ત્યારે આરોપીએ કહેલ કે, *"તો મારા ₹૨૫,૦૦૦/- આપી દે"*, જેથી તેમણે કહેલ કે, *"સાહેબ, ચેક બેંકમાં જમા કરાવેલ છે, કાલે ઉપાડીને આપી દઈશ"*; જેથી આરોપીએ કહેલ કે, *"કાલે અહીં આવી આપી જજે, નહીં તો અમારા ડીવીઝનમાં તારા બીજા કામ પણ ચાલે છે"*; જેથી ફરિયાદીને થયેલ કે, જો તેઓ આરોપીને તેની માંગણી મુજબ ₹૨૫,૦૦૦/- નહીં આપે તો તેઓ તેમને હેરાન કરશે, જેથી તેઓ નાછૂટકે તેની સાથે સંમત થઈ ચાલી આવેલ.

**ફરિયાદીએ તેમની ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે,** પરંતુ તેમને આરોપીને તેમના કોન્ટ્રાક્ટના પાર્ટ પેમેન્ટના બીલો બનાવી આપવાના બદલા પેટે તેમણે તેની પાસે માંગેલ લાંચની રકમ આપવાની કોઈ ઈચ્છા ન હોઈ, તેમણે સુરત એ.સી.બી. ઓફિસનો સંપર્ક કરેલ; તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમને આરોપી સાથે કોઈ પણ પ્રકારની નાણાંકીય લેવડદેવડનો વ્યવહાર નથી કે આરોપી સાથે કોઈ મનદુઃખ નથી; તેમને જણાવવામાં આવશે, ત્યારે તેઓ લાંચની રકમ રજૂ કરશે.

ફરિયાદીની ઉપરોક્ત ફરિયાદ સુરત એ.સી.બી. ના પોલીસ ઈન્સ્પેક્ટરે તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ૧૨ઃ૦૦ કલાકે નોંધેલ.

**/બી/** આ કામના ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલે એ.સી.બી., સુરતના પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ ફરિયાદ દાખલ કરતાં, પોલીસ ઈન્સ્પેક્ટર, એ.સી.બી. સુરતનાએ તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ લાંચના છટકાનું આયોજન કરેલ અને તે અનુસાર પ્રાથમિક પંચનામું કરી,

પોલીસ, પંચો તથા ફરિયાદી, સુરત ખાતે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, મેડીકલ કોલેજ પેટાવિભાગ નજીક ગયેલ અને ત્યાર બાદ ફરિયાદી તથા પંચ નં.૧ સદર કચેરીમાં આરોપીને મળેલ; ત્યાર બાદ આરોપીએ ફરિયાદી પાસે ગેરકાયદેસર રીતે લાંચ પેટે ₹૨૫,૦૦૦/– ની માંગણી કરતા ફરિયાદીએ તે રકમ આરોપીને આપતા, આરોપીએ તે રકમ પોતાના જમણા હાથે સ્વીકારી, ડાબા હાથથી ગણી, પોતાના જમણા હાથે પોતાના પેન્ટના આગળના જમણી બાજુના ખિસ્સામાં મૂકી દીધેલ. ત્યાર બાદ ફરિયાદીએ સૂચિત ઈશારો કરતા એ.સી.બી. સ્ટાફ અને પંચ નં.૨ નાઓ સદર જગ્યાએ આવી, આરોપીની અંગઝડતી કરતા આરોપીના પેન્ટના ખિસ્સામાંથી સદર રકમ રીકવર કરવામાં આવેલ. આમ, સદર લાંચનું છટકું સફળ થતાં એ.સી.બી. ના અધિકારી દ્વારા જરૂરી પંચનામું કરવામાં આવેલ; જરૂરી નમૂના કબજે લેવામાં આવેલ અને આરોપીની ધરપકડ કરવામાં આવેલ અને આરોપીને મુદત અંદર સક્ષમ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ; ત્યાર બાદ તપાસ કરનાર અધિકારીએ સદર ગુનાની જરૂરી તપાસ કરી, મુદ્દામાલનું એફ.એસ.એલ. ખાતે પૃથક્કરણ કરાવેલ; લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા અને તેઓએ જરૂરી તપાસ પૂર્ણ કરીને આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુનાનું ચાર્જશીટ કરી શકાય તેટલો પુરાવો જણાતા, તેમણે આરોપી વિરુદ્ધ પ્રોસીક્યૂશનની મંજૂરી મેળવી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ, જે **સ્પેશીયલ (એ.સી.બી.) કેસ નં.૧૪/૨૦૧૧** થી રજિસ્ટરે લેવામાં આવેલ અને તેને સુરતના વિ.૭મા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

**કેસની પ્રાથમિક કાર્યવાહીઃ–**

(૩) આરોપી જામીન મુક્ત થયેલ હોઈ, તેઓ સુરતના વિ.૭મા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ હાજર થતાં તેમના વિરુદ્ધ **આંક–૭**

થી **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબના ગુના સબબ **તહોમતનામું** ફરમાવવામાં આવેલ અને તે અન્વયે આંક–૮ થી આરોપીની પ્લી/નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ પોતાને ગુનો કબૂલ નથી અને તેઓ કેસ ખાનગી વકીલ રોકી આગળ ચલાવવા માંગે છે, તેવું જણાવતા ફરિયાદ પક્ષને આરોપી વિરુદ્ધનું તહોમતનામું સાબિત કરવાની તક આપવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓઃ**–

(૪) આરોપી વિરુદ્ધ આંક–૭ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપર દર્શાવેલ **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે. સદર કેસ ફરિયાદ પક્ષ તરફેનો પુરાવો નોંધવાના સ્ટેજે અત્રેની કોર્ટમાં આગળની ન્યાયિક કાર્યવાહી માટે ટ્રાન્સફર થયેલ છે.

## આરોપીનું વિશેષ નિવેદન

(૫) ફરિયાદ પક્ષનો ઉપરોક્ત પુરાવો પૂરો થયા બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ **આંક–૧૧૬** થી **ક્લોઝીંગ પુરસીસ** રજૂ કરેલ. ત્યાર બાદ આરોપીને તેમના વિરુદ્ધ રજૂ થયેલા પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક મળી રહે તે હેતુથી **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાઓનો મહદ્ અંશે અસ્વીકાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે; તેમને ખોટી રીતે આ કેસમાં સંડોવી દેવામાં આવેલ છે; તેમણે લાંચની રકમની કોઈ માંગણી કરેલ નથી કે લાંચની રકમ સ્વીકારેલ નથી; તેમના તરફથી ફરિયાદીની વિરુદ્ધમાં તેની કામગીરી બાબતે કાયદેસરની કાર્યવાહી કરેલ હોવાથી અને તેને આર્થિક નુકસાન થયેલ

હોવાથી મનદુઃખ રાખી તેમની સામે ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં, આરોપીએ તેમના વિશેષ નિવેદનના અનુસંધાને તેમનો વધારાનો લેખિત જવાબ તેમજ દસ્તાવેજી કાગળો રજૂ કરેલ છે.

**આરોપીએ તેમના વધારાના લેખિત જવાબમાં જણાવેલ છે કે,**

તેઓ નિર્દોષ છે; તેમને તદ્દન ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે; આરોપીએ ફરિયાદી પાસેથી કહેવાતી એવી કોઈ લાંચની રકમની માંગણી કરેલ નથી કે કહેવાતી એવી કોઈ લાંચની રકમ સ્વીકારેલ નથી; આરોપીએ ફરિયાદી સાથે કહેવાતી લાંચની રકમ માટે કોઈ વાતચીત કરેલ નથી તથા કહેવાતી એવી રકમ ફરિયાદી પાસેથી સ્વીકારેલ નથી; ફરિયાદીએ અશુદ્ધબુદ્ધિપૂર્વકના ઈરાદાથી તેમની સામે તદ્દન ખોટી હકીકતો ઉપજાવી કાઢી કહેવાતી ખોટી ટ્રેપ ઉભી કરી, તેમને તદ્દન ખોટી રીતે આ કેસમાં ફસાવી દેવામાં આવેલ છે.

**આરોપીએ તેમના વધારાના લેખિત જવાબમાં જણાવેલ છે કે,**

આ કેસમા ફરિયાદીના પિતાશ્રીની માલિકીની પેઢી "નરેશ કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ" ના નામથી હતી; તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ફરિયાદીએ એ.સી.બી. ઓફિસમાં ફરિયાદ નોંધાવેલ હતી; તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના અરસામાં આરોપી આર. એન્ડ બી. કચેરીમાં અધિક મદદનીશ એન્જીનીયર તરીકે તેમની ફરજ બજાવી રહેલ હતા; ફરિયાદીની પેઢી પી.ડબલ્યુ.ડી. હસ્તકના બિલ્ડિંગોનું હાઉસકીપીંગ તથા ગાર્ડનીંગ વગેરેને લાગતુ કામકાજ ટેન્ડરથી મેળવી કરી રહેલ હતા; ડિસેમ્બર–૨૦૦૯ માં કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) વિભાગ–૧ સુરત, નાનપુરા દ્વારા નવી સિવિલ હોસ્પીટલમાં ગાર્ડનીંગ અંગેનું ટેન્ડર ૨(બે) વર્ષ માટે મંજૂર થયેલ; ટેન્ડરની શરતો મુજબ ઉપરોક્ત કામગીરી માટે ચોક્કસ સમય–

મર્યાદા નક્કી કરવામાં આવેલ હતી; નવી સિવિલ હોસ્પિટલ ખાતે ૩૦૦ (ત્રણસો) વૃક્ષો રોપી, તેની ફરતે લોખંડની જાળી ટ્રીગાર્ડ કરી, ડ્રીપ–ઈરીગેશન પદ્ધતિથી છોડવાઓને પાણી પીવડાવી, તેનું મેઈનટેનન્સ કરવાનું હતું; તેમની ઓફિસ અઠવાલાઈન્સ રોડ, સરકારી વસાહત ક્વોટર્સના ભોંયતળીયે હતી; તેમની ફરજમાં નવી સિવિલ હોસ્પિટલ ખાતેના સંકૂલમાં આવેલ આંતરિક રસ્તાઓ તથા મકાનોનું બાંધકામ તથા તેની જાળવણી અને નિભાવણી કરવાની હતી અને આ દરમ્યાન થતી કામગીરી પર દેખરેખ રાખી, તેના માપો માપપોથીમાં રેકર્ડ કરી, આગળની ચૂકવણી વિગેરે કાર્યવાહી અર્થે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તરફ રજૂ કરવાની હતી; આ સંજોગોમાં તેઓ વખતોવખત ટેન્ડરની કામગીરી બાબતે સંપૂર્ણપણે પ્રમાણિકતાથી અને નીતિનિયમો મુજબ તેમની ફરજ બજાવતા હતા; ટેન્ડર મુજબની કામગીરી જેમ જેમ કરવામાં આવતી હતી, તેમ તેમ ફરિયાદી પાર્ટ પેમેન્ટના કાગળો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં રજૂ કરતા હતા અને તે બીલ માટેના માપો રજૂ કરતા ચકાસણી કરી, માપપોથીમાં રેકર્ડ કરી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ; ફરિયાદીએ પેમેન્ટ માટેના જે પેપર્સો રજૂ કરેલ, તે પ્રમાણે તેમણે ચકાસણી કરી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં ફોરવર્ડ કરવાના હોય છે; ફરિયાદીને આપવામાં આવેલ ટેન્ડરની કામગીરી અંગે ફરિયાદીને નીચે જણાવેલ વિગતો અનુસાર ચેકો આપવામા આવેલ છે:–

<u>ફરિયાદીને આપવામાં આવેલ ચેકોની વિગત</u>

| ક્રમ | ચેક મળ્યાની તારીખ | રકમ |
|---|---|---|
| ૧ | ૨૯.૦૩.૨૦૧૦ | ૨,૨૪,૪૦૬/– |
| ૨ | ૧૯.૦૩.૨૦૧૧ | ૭૭,૪૬૨/– |
| ૩ | ૧૯.૦૩.૨૦૧૧ | ૧,૩૮,૬૮૧/– |

**આરોપીએ તેમના વધારાના લેખિત જવાબમાં જણાવેલ છે કે,** ઉપર જણાવેલ વિગતોથી ફરિયાદીને "નરેશ કન્સ્ટ્રકશન એન્ડ એન્જીનીયરીંગ સુરત" ના નામથી ચેકો આપવામાં આવેલ અને તે ચેકોની રકમ "નરેશ કન્સ્ટ્રકશન એન્ડ એન્જીનીયરીંગ સુરત" ના ખાતામાં જમા થતી હતી; ફરિયાદીને જે ચેકો આપવામાં આવેલ હતા, તે ચેકો તેમની સહીથી આપવામાં આવેલ ન હતા; આ ચેકો કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) વિભાગ, સુરતની કચેરીએથી તેમની તથા એકાઉન્ટસ ઓફીસરની સંયુક્ત સહીથી આપવામાં આવેલ. આ ચેકો આપવાની કાર્યવાહીમાં તેમને કોઈ ભાગ ભજવવાનો હતો નહીં.

**આરોપીએ તેમના વધારાના લેખિત જવાબમાં જણાવેલ છે કે,** ઉપરોક્ત સંજોગોમાં ફરિયાદીને ત્રણ ચેકો જુદા જુદા સમયે આપી દેવામાં આવેલ હતા અને તે ચેકો પાસ થઈ ગયેલ હતા; આ ચેકો ફરિયાદીએ એ.સી.બી. માં ફરિયાદ આપી, તેના ઘણા સમય પહેલાં તેને સુપ્રત કરી દેવામાં આવેલ હતા; આ ચેકો જયારે આપવામાં આવેલ, ત્યારે ફરિયાદી દ્વારા એ.સી.બી. માં કોઈ ફરિયાદ આપવામાં આવેલ ન હતી. ફરિયાદી ટેન્ડરમાં નક્કી થયેલ શરતો મુજબ કામગીરી કરવામાં ખૂબ જ બેદરકારીભર્યું વર્તન દાખવતા હતા; ટેન્ડરની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું હોય છે; પરંતુ ટેન્ડરની શરતો મુજબ કામગીરી કરવામાં ફરિયાદી કંપની નિષ્ફળ ગયેલ હતી અને ટેન્ડરની કામગીરી નક્કી થયેલ સમય-મર્યાદામાં પૂર્ણ થયેલ ન હતી; તેઓ તેમની ફરજ રૂએ ટેન્ડરની કામગીરી અંગે દેખરેખ રાખતા હતા અને નિરીક્ષણ કરતા હતા અને તે અનુસાર વખતોવખત ફરિયાદીને કામગીરી બાબતે તથા તેમની બેદરકારી બાબતે સૂચનાઓ આપતા હતા; વધુમાં તેઓ તેમના ઉપરી અધિકારીશ્રી નાઓને વખતોવખત રીપોર્ટ કરતા હતા; ટેન્ડરના નીતિનિયમોમાં એક અગત્યનો નિયમ પાર્ટ રેટ નો છે; પાર્ટ રેટનો નિયમ એવો છે કે, ટેન્ડરની શરતો મુજબ કામગીરી થતી ન હોય તથા

કામગીરીમાં બેદરકારી હોય તો તેણે રજૂ કરેલ બીલોની રકમમાંથી પાર્ટ રેટ પ્રમાણે રકમ બાદ કરવામાં આવે છે. એટલે કે, એક પ્રકારની પેનલ્ટીની રકમ બાદ કરી તેને ચેક આપવામાં આવે છે. આ સંજોગોમાં નીચે જણાવેલ પાર્ટ રેટની રકમ ફરિયાદીએ રજૂ કરેલ બીલોમાંથી તેમની ઓફિસમાંથી કાપી લેવામાં આવેલ હતીઃ–

**કાપેલ પાર્ટ રેટની રકમ**

| ક્રમ | તારીખ | રકમ |
|---|---|---|
| ૧ | ૨૯.૦૩.૨૦૧૦ | ૧૬,૯૨૫/– |
| ૨ | ૧૯.૦૩.૨૦૧૧ | ૩૮,૭૫૨/– |
| **કપાત કરવામાં આવેલ કુલ રકમ** | | **૫૫,૬૭૭/–** |

ઉપરોક્ત રકમ નીતિનિયમ મુજબ કાપવામાં આવેલ હતી; તે સંજોગોમાં ફરિયાદીને આર્થિક નુકશાન થતું હતું; આરોપી તેમની ફરજના ભાગરૂપે આ રકમ કપાત થાય તે માટે ઉપરી અધિકારીને રીપોર્ટ કરતા હતા; આ સંજોગોમાં ફરિયાદીએ દુશ્મનાવટ રાખી તેમની સામે ખોટી હકીકતો ઉપજાવી કાઢી એ.સી.બી. માં ફરિયાદ નોંધાવેલ છે. આરોપીએ દ્વેષબુધ્ધીપૂર્વક તથા પ્રેજ્યુડાઈસ રાખી તેમની સામે તદ્દન ખોટી હકીકતો ઉપજાવી કાઢેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ પણ ઉપર જણાવેલ ચેક ચૂકવી આપવામાં આવેલ હતા; આ ચેકો જ્યારે ફરિયાદીને સુપ્રત કરવામાં આવેલ ત્યારે તેમના તરફથી કહેવાતી લાંચની રકમની માંગણી કરવામાં આવેલ હોય કે વાતચીત કરેલ હોય તેવો ફરિયાદ પક્ષનો કેસ નથી; આ સંજોગોમા પાર્ટ રેટના નિયમ મુજબ ફરિયાદીને આર્થિક નુક્શાન થયેલ હોઈ, તેમણે તેમની સામે ખોટી રીતે ખોટા બનાવો ઉભા કરી એ.સી.બી. ડિપાર્ટમેન્ટમાં ફરિયાદ આપેલ છે; ફરિયાદીને જે પેમેન્ટ વખતોવખત ચેકોથી કરવામાં આવેલ છે, તેનો પુરાવો પોલીસ પેપર્સ તથા ચાર્જશીટ સાથે રજૂ થયેલ છે, તે ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

**આરોપીએ તેમના વધારાના લેખિત જવાબમાં જણાવેલ છે કે,** ઉપરોકત "નરેશ કન્સ્ટ્રકશન એન્ડ એન્જીનીયરીંગ એજન્સી" પાસે તેમની કચેરી સિવાય તેમના વિભાગ હેઠળના બીજા પેટાવિભાગ હસ્તકના સરકારી વિભાગના હાઉસ કીપીંગના પણ કામો ચાલતા હતા; આ કામગીરી પણ અધુરી અને સંતોષકારક અને વ્યવસ્થિત સમયસર ન કરવામાં આવેલ હોવાથી ત્યાંની કચેરી તથા તેમના કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા ઘણી નોટિસો આપવામાં આવેલ; જેમાં એજન્સીને દંડ, કાળી યાદીમાં મૂકવા તથા ચાલું કામો બીજી એજન્સીને સોંપવા માટે પણ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ અને આ પ્રકારની બેદરકારીના કારણે તેમના વખતોવખત પેમેન્ટ અટકાવવામાં આવેલ હતા, જે નોટિસની નકલ તેમણે જવાબ સાથે રજૂ કરેલ છે.

**આરોપીએ તેમના વધારાના લેખિત જવાબમાં જણાવેલ છે કે,** તેઓ નિર્દોષ છે, તેમની હાલમાં ઉંમર ૬૪ વર્ષ છે; તેઓ તારીખઃ ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ નિવૃત્ત થયેલ છે; તેમણે ૩૯ વર્ષ તેમની ફરજ સંપૂર્ણપણે પ્રમાણિકતાથી તથા નીતિનિયમો મુજબ બજાવેલ છે; તેમની સામે જે વખતે આ ટ્રેપ કેસ થયેલ, તે વખતે તેઓ અધિક મદદનીશ એન્જીનીયર તરીકેની પોસ્ટ ઉપર ફરજ બજાવતા હતા; ત્યાર બાદ તેમની કામગીરીને ધ્યાનમાં લઈ તેમને તારીખઃ ૩૦.૦૮.૨૦૧૮ ના રોજ પ્રમોશન આપી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તરીકે નિમણૂંક આપવામાં આવેલ; તેઓ નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે તારીખઃ ૩૧.૧૨.૨૦૧૯ ના રોજ નિવૃત્ત થયેલ છે; તેમની ૩૯ વર્ષની સમયની ફરજ દરમ્યાન તેમની સામે કોઈ ખાતાકીય તપાસ થયેલ નથી; એટલું જ નહીં પરંતુ આ પ્રકારના કોઈ આક્ષેપો પણ તેમની સામે થયેલ નથી. આ તમામ સંજોગો ધ્યાનમાં લેવા વિનંતી કરેલ છે.

આરોપીએ જાતે સોંગદ પર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ શાહેદ તપાસેલ નથી.

**(૬)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોક્ત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધો. ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી. શ્રી આર.પી.ડોબરીયા**ની તેમજ આરોપી તરફે **વિ.વકીલશ્રી જી.આઈ.દેસાઈ**ની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ રજૂઆત/દલીલો**

**(૭)** ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, હાલના આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ–૭, ૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) ના અપરાધનું સંગીન તહોમતનામું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે. વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાની રજૂઆત મુજબ, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ આરોપી વિરુદ્ધ લાંચના છટકાના અત્રેની અદાલત રૂબરૂ ચાલેલ પ્રસ્તુત કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા ટ્રેપ કેસના ત્રણ મહત્વના તત્વો – આરોપી તરફે લાંચની માંગણી (demand), લાંચની રકમનો આરોપીએ કરેલ સ્વીકાર (acceptance of bribe) તથા આરોપી પાસેથી લાંચના છટકામાં સામેલ નાણાંની રીકવરી (recovery) શાહેદોના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે. જે જોતાં આરોપી વિરુદ્ધનું તહોમતનામું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

**(૭.૧)** વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાની રજૂઆત મુજબ, પ્રસ્તુત કેસમાં આંક–૧૪ થી ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલને તપાસવામાં આવેલ

છે, જેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં આરોપી દ્વારા કરવામાં આવેલ શરૂઆતની લાંચની રકમની માંગણીનો સચોટ પુરાવો આપેલ છે તેમજ લાંચના છટકા દરમ્યાન આરોપી દ્વારા માંગવામાં આવેલ લાંચની રકમનો પણ પુરાવો આપેલ છે અને આરોપી તરફે આ લાંચની રકમનો સ્વીકાર ફરિયાદીના આંક-૧૪ ના પુરાવાથી પુરવાર થયેલ છે. ફરિયાદીની જુબાનીને આંક-૨૭ થી તપાસવામાં આવેલ પંચ નં.૧ શંકરભાઈ ઝીણાભાઈ પટેલના મૌખિક પુરાવાથી પણ સમર્થન મળે છે. વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાની રજૂઆત મુજબ, રાજ્ય સેવક દ્વારા લાંચની રકમની માંગણી સામાન્ય રીતે "secret" તથા "clandestine" એટલે કે ગુપ્ત રીતે કરવામાં આવતી હોય છે. જેમાં સૌથી મહત્વપૂર્ણ રીતે ફરિયાદી તથા પંચ નં.૧ હોય છે અને પ્રસ્તુત કેસમાં સમગ્ર ટ્રેપની કાર્યવાહી દરમ્યાન પંચ નં.૧ ફરિયાદી સાથે રહેલ છે. ફરિયાદીની જુબાની મુજબ જ પંચ નં.૧ ની હાજરીમાં આરોપી પ્રદિપ શશીકાંત કારખાનીશ દ્વારા પોતાના બીલના પેમેન્ટ માટે લાંચની ₹૨૫,૦૦૦/- ની માંગણી કર્યાનો પુરાવો રેકર્ડ પર આવે છે. આ પુરાવો બચાવ પક્ષની લંબાણપૂર્વકની ઊલટતપાસની એરણે પણ ખરો ઉતરે છે તથા તેને ટ્રેપીંગ ઓફિસર નંદકિશોર શ્રાવણ ચૌધરીના આંક-૮૭ ના પુરાવાનું પણ અનુમોદન મળે છે.

**(૭.૨)** વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાની રજૂઆત મુજબ, પ્રસ્તુત કેસમાં બીજા ભાગના પંચનામા દરમ્યાન ફિનોલ્ફથેલીન પાઉડરના પ્રયોગ દરમ્યાન આરોપીના બંને હાથ પર ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી પુરવાર થયેલ છે; પંચ નં.૧ ની જુબાનીથી ફરિયાદીએ ધરેલ લાંચની રકમ આરોપી દ્વારા સ્વીકાર્યા બાદ તેને ગણીને પોતાના જમણા હાથે પેન્ટના જમણી બાજુના ખિસ્સામાં મૂક્યાની હકીકત રેકર્ડ પર આવે છે. તેવી જ રીતે બીજા ભાગના પંચનામા દરમ્યાન કરવામાં આવેલ દ્રાવણના પ્રયોગોથી ફરિયાદીના જમણા હાથમાં ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી પુરવાર થયેલ છે. ફરિયાદ પક્ષ તરફે

તપાસાયેલ શાહેદો – ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલ (આંક–૧૪), પંચ નં.૧ શંકરભાઈ ઝીણાભાઈ પટેલ (આંક–૨૭) તથા ટ્રેપીંગ ઓફિસર નંદકિશોર શ્રાવણ ચૌધરી (આંક–૮૭) ની જુબાની તથા આંક–૨૯ ના લાંચના છટકાના પંચનામાના સામૂહિક વંચાણથી લાંચના નાણાંની રકમ આરોપી દ્વારા માંગવામાં આવતા, ફરિયાદીએ પોતાના શર્ટના ખિસ્સામાંથી ફિનોલ્ફથેલીન પાઉડરવાળી ચલણી નોટોની ગડી જમણા હાથે કાઢી, આરોપી સામે ધરતા આરોપીએ તેને જમણઆ હાથે સ્વીકારી, ડાબા હાથના ઉપયોગથી ગણીને પોતાના પેન્ટના જમણા ખિસ્સામાં મૂક્યાનો સચોટ પુરો આવે છે. ફરિયાદીના જમણા હાથ, આરોપીના બંને હાથ, આરોપીના પેન્ટના જમણા ખિસ્સા તથા લાંચના છટકાના નાણાં પર દ્રાવણના પ્રયોગ થકી ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી બીજા ભાગના પંચનામામાં પુરવાર થાય છે, જે આરોપીએ લાંચની રકમનો કરેલ સ્વીકાર પુરવાર કરે છે.

આ હકીકતને આંક–૧૦૬ થી રજૂ એફ.એસ.એલ. ના અહેવાલથી પણ જડબેસલાક સમર્થન મળે છે.

ઉપરોક્ત હકીકતે ફરિયાદ પક્ષ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠલ આવશ્યક લાંચની રકમની માંગણી અને સ્વીકાર, એ બંને તત્વોને નિઃશંકપણે મૌખિક, દસ્તાવેજી તેમજ વૈજ્ઞાનિક પુરાવાથી પુરવાર કરી શકેલ છે.

**(૭.૩)** વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાની રજૂઆત મુજબ, પ્રસ્તુત કેસમાં બચાવ પક્ષ દ્વારા હાલના આરોપી સાથે ફરિયાદીને કોઈ ગજગ્રાહ, દ્વેષ, પૂર્વગ્રહ કે દુશ્મનાવટ હોવાની હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. કથિત રીતે પણ બચાવ પક્ષનો તેવો તર્ક છે કે, આરોપી દ્વારા ફરિયાદીના અન્ય ટેન્ડરના કામોમાં ફરિયાદીને ગુણવત્તા બાબતે ધ્યાન દોરવા તેમજ રીડયુઝ રેટથી ચૂકવણું કરવાનો તર્ક એટલા માટે વાજબી ઠરતો નથી કે, પ્રત્યેક ટેન્ડરમાં વિવાદ નિવારણ માટે અલાયદી જોગવાઈ રહેલ છે. વધુમાં

માત્ર તેટલા કારણસર કે, ફરિયાદી અને આરોપી વચ્ચે કોઈ બાબતે મનભેદ કે વિવાદ છે, તે કારણસર પ્રોસિક્યૂશન દ્વારા રજૂ થયેલ વિધેયાત્મક પુરાવાને અવગણી શકાય નહીં, જે અંગે વિ.એ.પી.પી.શ્રી ડોબરીયા દ્વારા **મહારાષ્ટ્ર રાજ્ય વિરુદ્ધ ઈશ્વર પીરાજી કલ્પત્રી – ૧૯૯૬(૧) એસ.સી.સી. ૫૪૨** ના ચૂકાદાનો સંદર્ભ લેવામાં આવેલ છે.

**(૭.૪)** વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાની રજૂઆત મુજબ, પ્રસ્તુત કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા આરોપીએ કરેલ લાંચની રકમની માંગણી અને તેનો સ્વીકાર પુરવાર કર્યેથી અને આરોપી પાસેથી લાંચના છટકાના અનુસંધાને નાણાંની રીકવરી થયેથી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ–૨૦ હેઠળ આરોપીએ આ રીકવરીનો ખુલાસો કરવો આવશ્યક છે. કારણ કે, સદર કાયદાની કલમ–૨૦ હેઠળ આરોપી દ્વારા વાજબી ખંડન કે ખુલાસો ન કરવામાં આવે તો આ રકમ 'ઈલલિગલ ગ્રેટીફિકેશન' એટલે કે લાંચની રકમ હોવાનું માનવાને રહે.

**(૭.૫)** આ ઉપરાંત વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેમની ઉપરોક્ત દલીલના સમર્થનમાં **૨૦૧૪ એ.આઈ.આર. (સુપ્રિમ કોર્ટ) ૧૨૬૭ – કુલાસીંઘ વિ. હિમાચલ પ્રદેશ રાજ્ય** ના ચૂકાદાનો સંદર્ભ લીધેલ છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> ***8.*** *The accused has a duty to furnish an explanation in his statement under Section 313 Cr.P.C. regarding any incriminating material that has been produced against him. If the accused has been given the freedom to remain silent during the investigation as well as before the court, then the accused may choose to maintain silence or even remain in complete denial when his statement under Section*

*313 Cr.P.C. is being recorded. However, in such an event, the court would be entitled to draw an inference, including such adverse inference against the accused as may be permissible in accordance with law.*

**(૭.૬)** વિ.એ.પી.પી.શ્રીની રજૂઆત મુજબ, પ્રસ્તુત કેસમાં આરોપી દ્વારા આવો કોઈ વાજબી ખુલાસો કરવામાં આવેલ ન હોઈ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવો અકબંધ રહે છે, જે આરોપી વિરુદ્ધનું તહોમતનામું પુરવાર કરે છે અને તેથી આરોપીને તકસીરવાર ઠરાવી સખ્ત નશ્યત કરવા રજૂઆત કરેલ છે.

**બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ દલીલ/રજૂઆત**

(૮) **બચાવ પક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી જી.આઈ.દેસાઈ દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફોજદારી વિધિમિમાંશાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધનું તહોમતનામું નિઃશંકપણે પુરવાર કરવું આવશ્યક છે. આ સંદર્ભે બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતનો **૧૯૭૩ એ.આઈ.આર. ૨૭૭૩ – કાલી રામ વિ. હિમાચલ પ્રદેશ રાજ્ય** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

*"... One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of*

*the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."*

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચૂકાદાના અનુસંધાને વિ.વકીલશ્રી દેસાઈ દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, પ્રસ્તુત કેસમાં ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમત પુરવાર કરવાનું તો દૂર, પરંતુ કોઈ મહત્વના અને પ્રતિકૂળ સંજોગો પણ ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૮.૧) વિદ્વાન વકીલશ્રી દેસાઈની રજૂઆત મુજબ,** પ્રસ્તુત ફરિયાદ પક્ષનો કેસ શરૂઆતથી જ સંદિગ્ધ છે, કારણ કે, ફરિયાદી દ્વારા એ.સી.બી. કચેરીમાં નોંધાવવામાં આવેલ આંક–૧૫ ની ફરિયાદમાં આરોપી તરફે

કરવામાં આવેલ લાંચની રકમની માંગણી, તે અનુસંધાને આંક–૨૯ ના ટ્રેપ દરમ્યાન કરવામાં આવેલ લાંચના છટકાના પંચનામા અને અદાલત રૂબરૂ ફરિયાદ પક્ષના પ્રમુખ શાહેદોએ આપેલ શાહેદીમાં ભારોભાર વિરોધાભાસ એટલે કે કોન્ટ્રાડિક્શન રેકર્ડ પર આવેલ છે, જે ફરિયાદ પક્ષના કેસ અંગે ગંભીર શંકા ઉભી કરે છે.

(૮.૨) **વિદ્વાન વકીલશ્રી દેસાઈની રજૂઆત મુજબ,** પ્રસ્તુત ટ્રેપ કેસમાં આંક–૨૯ ના લાંચના છટકાના પંચનામામાં જણાવેલ વિગતો અને ફરિયાદીની આંક–૧૪ ના પુરાવામાં આવતી વિગતોમાં મહત્વપૂર્ણ વિરોધાભાસ છે, જેમાં કથિત રીતે આરોપીએ ક્યા માધ્યમથી, ક્યા સમયે, કેવી રીતે લાંચની માંગણી કરી તે અંગે, પ્રથમ ભાગનું પંચનામું કર્યા બાદ ફરિયાદી, પંચ તથા ટ્રેપીંગ ટીમના સભ્યો ક્યા વાહનમાં ટ્રેપના સ્થળે પહોંચેલ તે અંગે, આરોપીની ઓફિસની સ્થળ–સ્થિતિ અને તેનું ક્ષેત્રફળ જોતાં અને ફરિયાદ પક્ષના કેસ અંગેની હકીકતોને મૂલવતા ફરિયાદ પક્ષના કેસમાં ગંભીર છીદ્રો ઉપસ્થિત થાય છે, તેથી પણ ફરિયાદ પક્ષનો કેસ માનવાલાયક રહેતો નથી.

(૮.૩) **વિદ્વાન વકીલશ્રી દેસાઈની રજૂઆત મુજબ,** બચાવ પક્ષ દ્વારા ઊલટતપાસમાં એ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ છે કે, ફરિયાદી દ્વારા ટેન્ડર અંતર્ગત એક્ઝીક્યૂટ કરવામાં આવેલ કામના બીલના ચેકની ચૂકવણીની કાર્યવાહીમાં આરોપીએ કોઈ ભાગ ભજવવાનો રહેતો નથી. આરોપીની ડ્યુટી લીસ્ટમાં નવી સિવિલ હોસ્પિટલના સંકૂલમાં આવેલ આંતરિક રસ્તાઓ તથા મકાનોનું બાંધકામ તથા તેની જાળવણી અને નિભાવણી કરવાનું તથા તેના માપો માપપોથીમાં રેકર્ડ કરી, હુકમ વગેરેની કાર્યવાહી અર્થે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તરફ રજૂ કરવાની હતી. ફરિયાદી

દ્વારા ટેન્ડરની શરતો મુજબ કરાયેલ કામગીરી પ્રમાણે તેમણે રજૂ કરેલ પાર્ટ પેમેન્ટના બીલો આરોપીએ માપપોથીમાં રેકર્ડ કરી આગળ ફોરવર્ડ કરેલ છે અને તે અનુસંધાને ફરિયાદીને ચેકો આપવામાં આવેલ છે. પરંતુ ફરિયાદી ટેન્ડરની શરતો મુજબ ટેન્ડરનું કામ કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ અને સમય–મર્યાદામાં કામ થયેલ ન હોઈ, તે અનુસંધાને બેદરકારી બદલ આરોપીએ વખતોવખત ફરિયાદીને સૂચના આપેલ તેમજ તેના ઉપરી અધિકારીને રીપોર્ટ કરેલ અને તે જ અનુસંધાને ફરિયાદીના બીલમાંથી પાર્ટ એમાઉન્ટ કાપી લેવામાં આવેલ છે. આ રકમ ટેન્ડરની શરતો મુજબ કાપવામાં આવેલ, જેનાથી ફરિયાદીને આર્થિક નુકસાન થયેલ હોઈ, ફરિયાદીએ દ્વેષ રાખીને આરોપી વિરુદ્ધ ખોટી ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

(૮.૪) **વિદ્ધાન વકીલશ્રી દેસાઈની રજૂઆત મુજબ,** ફરિયાદ પક્ષના કેસ મુજબ, વિવાદી ચેકો ચૂકવી આપવામાં આવેલ છે; ચેકની ચૂકવણી વખતે આરોપી તરફે લાંચની રકમની માંગણીનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદીના પુરાવામાં કથિત રીતે આરોપી તરફે કરવામાં આવેલ લાંચની રકમની માંગણી સંદિગ્ધ અને ફરિયાદમાં જણાવેલ હકીકતોથી વિરુદ્ધની હોવાનું પ્રસ્થાપિત થયેલ છે, તે જોતાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમના કેસ માટે સૌથી આવશ્યક તત્વ લાંચની રકમની માંગણી એટલે કે demand પુરવાર થયેલ ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૮.૫) વિદ્ધાન વકીલશ્રી દેસાઈએ પોતાની ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં **આંક–૧૨૩** ના લીસ્ટથી નીચે જણાવેલા ચૂકાદાઓ રજૂ કરેલ છે, તે વંચાણે લીધાઃ–

| Sr. No. | Citation | Details |
|---|---|---|
| 1 | Paritala Sudhakar Vs. State of Telangana 2025(0) Supreme (SC) 797 | **21.** As far as the submission of the State is that the presumption under Section 20 of the Act, as it then was, would operate against the Appellant is concerned, our analysis supra would indicate that the factum of demand, in the backdrop of an element of animus between the Appellant and complainant, is not proved. In such circumstances, the presumption under Section 20 of the Act would not militate against the Appellant, in terms of the pronouncement in Om Parkash v State of Haryana, (2006) 2 SCC 250:<br><br>‘22. In view of the aforementioned discrepancies in the prosecution case, we are of the opinion that the defence story set up by the appellant cannot be said to be wholly improbable. Furthermore, it is not a case where the burden of proof was on the accused in terms of Section 20 of the Act. Even otherwise, where demand has not been proved, Section 20 will also have no application. (Union of India v. Purnandu Biswas [(2005) 12 SCC 576: (2005) 8 SCALE 246] and T. Subramanian v. State of T.N. [(2006) 1 SCC 401: (2006) 1 SCALE 116])’<br>(emphasis supplied) |
| 2 | State Of Gujarat VS M. G. Chauan 2019(4) GLR 3164 | Prevention of Corruption Act, 1988 - Sections 7, 12, 13(1)(d) and Section 13(2) - Code of Criminal Procedure, 1973 - Section 378(1)(3) - Appeal |

| | | |
|---|---|---|
| | | against acquittal - Held, it is clearly found that the prosecution has miserably failed to prove the necessary ingredients of the offence of corruption namely demand, acceptance and recovery Held, Trial Court, it clearly appears that the trial Court has properly appreciated the evidence on record in its true perspective and has come to a right conclusion - There is no perversity in the impugned judgment and the same is sustainable in the eyes of law. The same does not warrant interference at the hand of this Court it is clearly found that the prosecution has miserably failed to prove the necessary ingredients of the offence of corruption namely demand, acceptance and recovery Appeal dismissed. |
| 3 | K. Shanthamma Vs. The State of Telangana 2022(0) AIR(SC) 1134 | Prevention of Corruption Act, 1988 Sections 7 and 13 (1)(d) read with Section 13(2) Illegal gratification - Conviction and sentence - Demand of bribe for issuing an assessment order Offence under Section 7 of PC Act relating to public servants taking bribe requires demand of illegal gratification and acceptance thereof - Proof of demand of bribe by a public servant and its acceptance by him is sine quo non for establishing offence under Section 7 of PC Act Prosecution's case about demand of bribe made by appellant appears to be highly doubtful Complainant accepted that his version regarding demand made by appellant on various dates was an afterthought This is a |

| | | |
|---|---|---|
| | | case where demand of illegal gratification by appellant was not proved by prosecution - Demand which is sine quo non for establishing offence under Section 7 was not established Impugned judgment set aside and appellant acquitted. |
| 4 | Anand Ramachandra Chougule Vs. Sidarai Laxman Chougala and Others - 2019(0) AIR(SC) 3871 | (a) Indian Evidence Act, 1872-Section 105-Burden of proof - Prosecution has to prove the case beyond all reasonable doubt Accused, on the other hand, has only to create a doubt about the prosecution case and the probability of its defence Not required to establish or prove his defence beyond all reasonable doubt - Benefit of doubt must be given to accused. |
| 5 | B. Jayraj Vs. State of A.P. 2014(0) Supreme (SC) 248 | 7. In so far as the offence under Section 7 is concerned, it is a settled position in law that demand of illegal gratification is sine qua non to constitute the said offence and mere recovery of currency notes cannot constitute the offence under Section 7 unless it is proved beyond all reasonable doubt that the accused voluntarily accepted the money knowing it to be a bribe. The above position has been succinctly laid down in several judgments of this Court. By way of illustration reference may be made to the decision in C.M. Sharma Vs. State of A.P.[1] and C.M. Girish Babu Vs. C.B.I.[2]<br><br>8. In the present case, the complainant did not support the prosecution case in so far as demand by the accused is concerned. The prosecution has |

| | | |
|---|---|---|
| | | not examined any other witness, present at the time when the money was allegedly handed over to the accused by the complainant, to prove that the same was pursuant to any demand made by the accused. When the complainant himself had disowned what he had stated in the initial complaint (Exbt.P-11) before LW-9, and there is no other evidence to prove that the accused had made any demand, the evidence of PW-1 and the contents of Exhibit P-11 cannot be relied upon to come to the conclusion that the above material furnishes proof of the demand allegedly made by the accused. We are, therefore, inclined to hold that the learned trial court as well as the High Court was not correct in holding the demand alleged to be made by the accused as proved. The only other material available is the recovery of the tainted currency notes from the possession of the accused. In fact such possession is admitted by the accused himself. Mere possession and recovery of the currency notes from the accused without proof of demand will not bring home the offence under Section 7. The above also will be conclusive in so far as the offence under Section 13(1)(d)(i)(ii) is concerned as in the absence of any proof of demand for illegal gratification, the use of corrupt or illegal means or abuse of position as a public servant to obtain any valuable thing or pecuniary advantage cannot be held to be established. |

| | | |
|---|---|---|
| 6 | N.Vijayakumar Vs. State of Tamil Nadu | (B) Prevention of Corruption Act, 1988-Sections 7 and 13(2) read with Sections 13(1)(d) and 20 Illegal gratification Reversal of acquittal by High Court - Mere recovery of tainted money, divorced from circumstances under which such money and article is found is not sufficient to convict accused when substantive evidence in the case is not reliable - When Inspecting Officer and other witnesses who are examined on behalf of prosecution, went to office of appellant- accused, appellant was not there in office and office was open and people were moving out and in from office of appellant To prove charge, it has to be proved beyond reasonable doubt that accused voluntarily accepted money knowing it to be bribe Absence of proof of demand for illegal gratification and mere possession or recovery of currency notes is not sufficient to constitute such offence Presumption under Section 20 of Act can be drawn only after demand for and acceptance of illegal gratification is proved Initial presumption of innocence in criminal jurisprudence gets doubled by acquittal recorded by trial court Demand for and acceptance of bribe amount and cell phone by appellant, is not proved beyond reasonable doubt - Having regard to such evidence on record acquittal recorded by trial court is a possible view, as such judgment of High Court is fit to be set aside. |

| | | |
|---|---|---|
| 7 | Selvaraj Vs. State of Karnataka - 2015(0) Supreme (SC) 1051 | Prevention of Corruption Act, 1947, Sec. 5(1)(d) Offence punishable under Conviction for - Allegation of bribe taking should be considered along with other material circumstances - And the demand has to be proved by adducing clinching evidence. |
| 8 | Mir Mustafa Alia Hasmi Vs. State of A.P. - 2024(0) Supreme (SC) 567 | 53. In view of the above analysis and elaboration of evidence, we have no hesitation in holding that the prosecution miserably failed to prove the factum of demand of bribe against the appellant(AO1) by reliable direct or circumstantial evidence. The allegation regarding acceptance of bribe by the appellant(AO1) is primarily based on the evidence of the complainant(PW-1) and PW-2 and the DySP(PW-10). From the extracted portion of the deposition of the complainant (PW-1) supra, it is comprehensible that he admitted that the appellant (AO1), forgot his rexine bag in the coffee shop and that the complainant (PW-1) picked up the same and handed it over to the appellant (AO1). Thus, unquestionably, the complainant (PW-1) had the opportunity to plant the tainted currency notes into the bag being carried by the appellant (AO1). |
| 9 | Soundarajan Vs. State | (A) Prevention of Corruption Act, 1988-Section 7 and Section 13(2) read with Sections 13(1)(d) and 20 - Illegal gratification - Conviction and sentence - For establishing commission of offence punishable under Section 7 of PC Act, proof of demand of gratification and acceptance of gratification is a sine qua non - |

| | | |
|---|---|---|
| | | Presumption under Section 20 of PC Act can be invoked only on proof of facts in issue, namely, demand of gratification by accused and acceptance thereof - It is - There is no not a simple demand for money but it has to be a demand for gratification circumstantial evidence of demand for gratification in this case - In the circumstances, offences punishable under Section 7 and Section 13(2) read with Section 13(1)(d) have not been established - Unless both demand and acceptance are established, offence of obtaining pecuniary advantage by corrupt means covered by clauses (i) and (ii) of Section 13(1)(d) cannot be proved - Impugned judgments quashed and set aside and appellant acquitted of offences alleged against him. |
| 10 | Rajeshwar Yadav s/o. late Soman Yadav Vs. State of Bihar - 2013(0) CrLJ 4246 | 27. And in another case reported in 2011 AIR SCW 297 it is held as follows:-<br>Demand of illegal gratification is sine qua non to constitute the offence under the Act. Mere recovery of currency notes itself does not constitute the offence under the Act unless it is proved beyond all reasonable doubt that the accused voluntarily accepted the money knowing it to be bribe. |
| 11 | T. Subramanian Vs. State of Tamil Nadu - 2006(0) Supreme (SC) 13 | Prevention of Corruption Act, 1947-Section 5(1)(d) r/ws 5(2)-Appellant working as Executive Officer of Sri Swarnathaneswar Temple was convicted by High Court in appeal against acquittal for having accepted Rs.200/- as illegal gratification to get patta of temple land in favour of PWI-Trial |

| | | |
|---|---|---|
| | | Court passed acquittal order holding that appellant gave reasonable and satisfactory explanation for receiving Rs. 200/- from PW1 by stating that amount had been tendered by PW1 as having been sent by PW6 towards his lease rent arrears-High Court held defence not acceptable in view of PW6 in his evidence denying that he had sent any lease rent-Appeal-If the reason for receiving the amount was explained and explanation was probable and reasonable then appellant had to be acquitted-High Court did not consider the explanation offered by appellant for receipt of money nor the previous enmity harboured by PWs 1, 2 and 6 towards him-Evidence threw out a clear alternative that accused was falsely implicated at the instance of PWs 1, 2 and 6-If two views were possible from very same evidence, it could not be said that prosecution proved beyond reasonable doubt that appellant had accepted Rs. 200 as illegal gratification-High Court was not justified in interfering with order of acquittal. |

## મુદ્દા અને તેના નિર્ણય

(૯) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.ધારાશાસ્ત્રીશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી રાજ્ય સેવક અને તેની હેસિયતથી જાહેર સેવક હતા?

૨. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી સામે ફોજદારી કાર્યવાહી કરતા અગાઉ સક્ષમ અધિકારી પાસેથી યોગ્ય અને કાયદેસરની મંજૂરી મેળવવામાં આવેલ હતી?

૩. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ૧૫ઃ૪૦ કલાકે આ કામના આરોપીએ સુરત મુકામે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, મેડીકલ કોલેજ પેટાવિભાગ ખાતે ફરિયાદી પાસેથી તેમના કોન્ટ્રાક્ટના પાર્ટ પેમેન્ટના બીલો બનાવી આપવાના બદલા પેટે ગેરકાયદેસર રીતે લાંચ પેટે ₹૨૫,૦૦૦/- ની લાંચની માંગણી કરી, લાંચની રકમ સ્વીકારી અને ત્યાર બાદ લાંચની રકમ સાથે પકડાઈ જઈ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૭, ૧૩(૧)ઘ, ૧૩(૨) મુજબનો ગુનો કરેલ છે?

૪. શું ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમતનામું નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે?

૫. શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

**૧. હકારમાં**

**૨. હકારમાં.**

**૩. હકારમાં.**

**૪. હકારમાં.**

**૫. આખરી હુકમ મુજબ.**

## કા ર ણો

**મુદ્દા નં.૧**

**(૧૧)** આ કામે મુદ્દા નં.૧ મુજબ સૌપ્રથમ એ નિર્ણિત કરવાનું રહે છે કે, શું કામના આરોપી રાજ્ય સેવક છે? **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૧(ગ)** માં **"રાજ્ય સેવક"** ની વ્યાખ્યા આપવામાં આવેલ છે, જે નીચે મુજબ છેઃ–

> ***"રાજ્ય સેવક"*** *એટલે –*
>
> *(૧) જે સરકારની નોકરીમાં હોય અથવા સરકારના પગારદાર હોય અથવા કોઈપણ જાહેર ફરજ બજાવવા માટે, જેને ફી કમિશન રૂપે સરકાર તરફથી મહેનતાણું મળતું હોય તેવી કોઈ વ્યક્તિ,*
>
> *(૨) સ્થાનિક સત્તામંળની નોકરીમાં હોય અથવા તેની પગારદાર હોય તેવી કોઈ વ્યક્તિ,*
>
> *(૩) કેન્દ્રીય, પ્રાંતિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપેલ કોઈ કોર્પોરેશન અથવા સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના અથવા તેની સહાય મેળવતું કોર્પોરેશન અથવા "કંપની અધિનિયમ" ૧૯૫૯ ની કલમ–૬૧૭ માં વ્યાખ્યા કર્યા*

*મુજબની કોઈ સરકારી કંપનીની નોકરી કરતી અથવા તેમાંથી પગાર મેળવતી કોઈ વ્યકિત,*

*(૪) જાતે અથવા અમુક વ્યક્તિઓનાં મંડળના સભ્ય તરીકે ન્યાય નિર્ણયના કાર્યો અદા કરવા માટે કાયદાથી સત્તા આપેલી કોઈ વ્યકિત સહિત કોઈ પણ ન્યાયાધીશ,*

*(૫) કોઈ ન્યાયાલયે નિયુક્ત કરેલ લિકવીડેટર, રીસીવર અથવા કમિશ્નર સહિત ન્યાય કરવાના સંબંધમાં, કોઈ ફરજ બજાવવા માટે એવા ન્યાયાલયે અધિકૃત કરેલી કોઈ વ્યકિત,*

*(૬) કોઈ ન્યાયાલય અથવા સક્ષમ સરકારી અધિકારીએ જેને કોઈ દાવો કે બાબત નિર્ણયાર્થે કે રિપોર્ટ કરવા માટે મોકલેલ હોય તેવા કોઈ લવાદ કે અન્ય વ્યકિત,*

*(૭) એવો કોઈ હોદ્દો ધરાવતી વ્યકિત કે જેની રૂએ તેને કોઈ મતદાર યાદી તૈયાર કરાવવાની, પ્રસિદ્ધ કરાવવાની, જાળવવાની અથવા સુધારવાની અથવા કોઈ ચૂંટણી કે ચૂંટણીના કોઈ ભાગનું સંચાલન કરવાની સત્તા મળી હોય, (૮) એવો કોઈ હોદ્દો ધરાવતી વ્યકિત કે જેની રૂએ તેને કોઈ જાહેર ફરજ બજાવવાનો અધિકાર આપવામાં આવ્યો હોય અથવા ફરજ પાડવામાં આવી હોય,*

*(૯) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર પાસેથી અથવા કેન્દ્રના, પ્રાંતના અથવા રાજયના કોઈ અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપેલ કોઈ કોર્પોરેશન પાસેથી અથવા સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના અથવા તેની સહાય મેળવતા કોઈ સત્તામંડળ અથવા મંડળ અથવા કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ-૯૧૭ માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ સરકારી કંપની પાસેથી, નાણાંકીય સહાય મેળવતા અથવા મેળવેલ હોય તેવી કૃષિ, ઉદ્યોગ, વેપાર અથવા બેંકીંગમાં રોકાયેલ કોઈ રજિસ્ટર થયેલી સહકારી મંડળીના પ્રમુખ, સેક્રેટરી અથવા અન્ય હોદ્દેદાર હોય તેવી કોઈ પણ વ્યકિત,*

*(૧૦) ગમે તે નામે ઓળખાતા કોઈ સેવા આયોગ અથવા બોર્ડના અધ્યક્ષ, સભ્ય અથવા કર્મચારી હોય અથવા આવા આયોગ કે બોર્ડ*

*વતી કોઈ પરીક્ષાનું સંચાલન કરવા અથવા પસંદગી કરવા માટે, આવા આયોગે અથવા બોર્ડે નીમેલ કોઈ પસંદગી સમિતીનો કોઈ સભ્ય તેવી વ્યક્તિ,*

*(૧૧) કોઈ યુનિવર્સિટીના ગમે તે નામે ઓળખાતા કુલપતિ (વાઈસ ચાન્સેલર) અથવા કોઈ વહીવટી મંડળના સભ્ય, પ્રોફેસર, રીડર, લેકચરર, અન્ય કોઈ અધ્યાપક અથવા કર્મચારી હોય તેવી વ્યક્તિ અને પરીક્ષાઓ લેવા અથવા તેનું સંચાલન કરવાના સંબંધમાં યુનિવર્સિટીએ અથવા અન્ય જાહેર સત્તામંડળે જેની સેવા લેવામાં આવી હોય તેવી વ્યક્તિ,*

*(૧૨) કેન્દ્ર સરકાર કે રાજય સરકાર પાસેથી અથવા સ્થાનિક કે અન્ય કોઈ શૈક્ષણિક, વૈજ્ઞાનિક, સામાજિક, સાંસ્કૃતિક અથવા અન્ય સંસ્થાના કોઈ હોદ્દેદાર કે કર્મચારી હોય તેવી વ્યકિત.*

*<u>સ્પષ્ટીકરણઃ</u>*

*(૧) ઉપરની પેટા–કલમો પૈકી કોઈ પણ પેટા–કલમો હેઠળ જતી વ્યકિતઓ, રાજય સેવકો છે, પછી તેમને સરકારે નિમેલી હોય કે ન હોય,*

*(૨) "રાજય સેવક" એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં ત્યાં રાજય સેવકના સ્થાનોને ખરેખર અધિકાર ધરાવતી હોય તેવી દરેક વ્યક્તિ એમ સમજવું, પછી ભલે તે સ્થાને ધરાવવાના તેના અધિકારમાં કાયદાની કોઈ ત્રુટિ હોય.*

**(૧૧.૧)** "રાજ્ય સેવક" ની ઉપરોક્ત વ્યાખ્યાને અનુલક્ષીને હાથ પરના કેસની વિગતો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદ પક્ષના કેસ મુજબ, આ કામના **આરોપી** તત્કાલિન સમયે અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩) તરીકે એટલે કે એક રાજ્ય સેવક તરીકે ફરજ બજાવતા હતા. આ કામે **આંક–૧૦૧** થી **પ્રોસીક્યૂશનની મંજૂરીનો હુકમ** રજૂ કરવામાં આવેલ છે, જે હુકમ અધિક્ષક ઈજનેર, સુરત (માર્ગ અને મકાન)

વર્તુળ, સુરત દ્વારા તારીખઃ ૨૭.૦૫.૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ છે. સદર હુકમ વંચાણે લેતાં, તેમાં આ કામના આરોપી અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩) તરીકે ફરજ બજાવતા હોવાનો ઉલ્લેખ છે. સદર પ્રોસિક્યૂશનની મંજૂરીના હુકમ (આંક–૧૦૧) ને બચાવ પક્ષ દ્વારા કબૂલ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત **આંક–૧૧૨** થી રજૂ થયેલ આરોપીના સેવાકીય રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો તેમાં આરોપીની સેવાકીય માહિતી, સેવાપોથી, કચેરી આદેશ વગેરેનો સમાવેશ થાય છે, જે તમામ આધારે બનાવના અરસામાં આરોપી અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩) તરીકે માર્ગ અને મકાન વિભાગની મેડીકલ કોલેજ પેટાવિભાગ, અઠવાલાઈન્સ, સુરતમાં ફરજ બજાવતા હોવાનું ફલિત થાય છે. બચાવ પક્ષ તરફે પણ બનાવ સમયે આરોપી રાજ્ય સેવક તરીકે નોકરી કરતા ન હતા અગર તો તેનો સમાવેશ રાજ્ય સેવકમાં થતો ન હતો, તેવો કોઈ બચાવ સુદ્ધા પણ ઉપસ્થિત કરવામાં આવેલ નથી. **જેથી રેકર્ડ પર રજૂ થયેલા પુરાવાઓ આધારે બનાવ સમયે આ કામના આરોપી રાજ્ય સેવક તરીકે ફરજ બજાવતા હોવાની હકીકત પુરવાર થાય છે,** પરીણામે **મુદ્દા નં.૧** નો નિર્ણય '**હકાર**' માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ઃ–**

**(૧૨)** આ કામના આરોપી સામે ફોજદારી કાર્યવાહી કરતા અગાઉ સક્ષમ અધિકારી પાસેથી યોગ્ય અને કાયદેસરની મંજૂરી મેળવવામાં આવેલ કે કેમ, તે હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **આંક–૧૦૧** થી **પ્રોસીક્યૂશનની મંજૂરીનો હુકમ** રજૂ કરવામાં આવેલ છે, જે હુકમ અધિક્ષક ઈજનેર, સુરત (માર્ગ અને મકાન) વર્તુળ, સુરત દ્વારા તારીખઃ ૨૭.૦૫.૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ છે. સદર હુકમ વંચાણે લેતાં, તેમાં આ કામના આરોપી અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩) તરીકે ફરજ બજાવતા હોવાનો ઉલ્લેખ છે. **સદર પ્રોસિક્યૂશનની**

**મંજૂરીના હુકમ (આંક–૧૦૧) ને બચાવ પક્ષ દ્વારા કબૂલ રાખવામાં આવેલ છે**. આરોપી વિરુદ્ધ પ્રોસિક્યૂશનની મંજૂરી મેળવવામાં આવેલ ન હતી અથવા તો તે ખામીયુક્ત છે, તેવી કોઈ તકરાર બચાવ પક્ષ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ નથી.

**(૧૨.૧) આંક–૧૦૧** થી રજૂ કરવામાં આવેલ **પ્રોસિક્યૂશનની મંજૂરીનો હુકમ** વંચાણે લેતાં, તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, **આ કેસની બાબતોનો સંપૂર્ણ અને કાળજીપૂર્વક અભ્યાસ કર્યા પછી પ્રોસિક્યૂશનની મંજૂરી આપવામાં આવેલ છે**.

**(૧૨.૨)** વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **મનસુખલાલ વિઠલદાસ ચૌહાણ વિ. ગુજરાત રાજ્ય – ૧૯૯૮(૧) જી.એલ.એચ. ૨૪૮ (સુપ્રિમ કોર્ટ)** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, મંજૂરી આપનાર અધિકારીએ મંજૂરી આપતા પહેલાં માઈન્ડ એપ્લાઈ કરવું જોઈએ; તેની પાસે રજૂ થયેલા સમગ્ર રેકર્ડનો અભ્યાસ કર્યા બાદ મંજૂરી આપવી જોઈએ.

**(૧૨.૩)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **મહારાષ્ટ્ર રાજ્ય વિ. મહેશ જી. જૈન – ૨૦૧૩ (સપ્લી) એ.આઈ.આર. (એસસી) ૪૩૧** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

> *"13. From the aforesaid authorities the following principles can be culled out: -*
>
> *a) It is incumbent on the prosecution to prove that the valid sanction has been granted by the sanctioning authority after being satisfied that a case for sanction has been made out.*

*b) The sanction order may expressly show that the sanctioning authority has perused the material placed before him and, after consideration of the circumstances, has granted sanction for prosecution.*

*c) The prosecution may prove by adducing the evidence that the material was placed before the sanctioning authority and his satisfaction was arrived at upon perusal of the material placed before him.*

*d) Grant of sanction is only an administrative function and the sanctioning authority is required to prima facie reach the satisfaction that relevant facts would constitute the offence.*

*e) The adequacy of material placed before the sanctioning authority cannot be gone into by the court as it does not sit in appeal over the sanction order.*

*f) If the sanctioning authority has perused all the materials placed before him and some of them have not been proved that would not vitiate the order of sanction.*

*g) The order of sanction is a pre-requisite as it is intended to provide a safeguard to public servant against frivolous and vexatious litigants, but simultaneously an order of sanction should not be construed in a pedantic manner and there should not be a hyper-technical approach to test its validity."*

**(૧૨.૪)** હાથ પરના કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, **સક્ષમ અધિકારી દ્વારા**

**તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલ પેપર્સનો કાળજીપૂર્વક અભ્યાસ બાદ, માઈન્ડ એપ્લાય કરી આરોપી વિરુદ્ધ પ્રોસિક્યૂશન માટે મંજૂરી આપવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે**. જેથી ફરિયાદ પક્ષ **મુદ્દા નં.૨** પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ, સદર મુદ્દાનો નિર્ણય '**હકાર**' માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૩:–**

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિવરણ

**(૧૩)** સદર મુદ્દા સંબંધે સૌપ્રથમ તો ફરિયાદ પક્ષ દ્વારા જે મૌખિક પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે, તેનું વિવરણ કરવું આવશ્યક હોઈ, તે ક્રમાનુસાર નીચે મુજબ કરવામાં આવેલ છેઃ–

**(૧૪)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧** તરીકે **ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલ**ને **આંક–૧૪** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૧ માં તેઓ તેમના માતા–પિતાની માલિકીની 'નરેશ કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ' નામની પેઢી ચલાવતા હતા; જેમાં આર.એમ.પી. ડીવીઝનમાં હાઉસ કીપીંગ મેન્ટેનન્સ, ગાર્ડન મેન્ટેનન્સ, સિવિલ મેન્ટેનન્સ એ બધા કામો કરવામાં આવતા હતા; તેમની પેઢીની નોંધણી પી.ડબલ્યુ.ડી. માં કરવામાં આવેલ, જેનો રજી.નં.૪૭૨૦૯ હશે; તેમની પેઢી આર.એન્ડ બી. વિભાગ–૧, નાનપુરા ડચ ગાર્ડનની સામે થી કામ મેળવતી હતી.

**(૧૪.૧)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, સને ૨૦૦૯ ની સાલમાં નવી સિવિલ હોસ્પિટલમાં ગાર્ડન મેઈન્ટેનન્સ, ડ્રેનેજ લાઈન મેઈન્ટેનન્સ માટે ટેન્ડર મંજૂર

થયેલ, જે પૈક ડ્રેનેજ ટેન્ડરની સમય–મર્યાદા એક વર્ષની અને સિવિલની બે વર્ષની હતી; સિવિલ હોસ્પિટલના વર્કમાં તેમને ૩૦૦ છોડ રોપી, તેના ફરતે લોખંડના પાંજરા મૂકવાના હતા અને તેને મેઈન્ટેન કરવાના હતા; વર્ક ઓર્ડર મળ્યેથી કામ શરૂ કરવાનું હોય છે; તે કામ શરૂ કર્યું હતું.

**(૧૪.૨)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેમને ૩૦૦ છોડ રોપવાના હોઈ અને તેની ફરતે જાળી મૂકાવી હોઈ, તે અંગેના પાર્ટ પેમેન્ટ ₹૨,૨૪,૦૦૦/– કે ₹૨,૩૪,૦૦૦/– જેવા તેમને મળ્યા હતા; તે બીલ કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા તેમની બુકમાં એન્ટ્રી કર્યા બાદ આર. એન્ડ બી. વિ.૧ માં મોકલાવેલ; જે અંગેની કાર્યવાહી કાર્યપાલક ઈજનેર, વિ.૧ શ્રી કારખાનીશ (આરોપી) કરતા હતા; મેઈન્ટેનન્સ બીલ ₹૭૭,૦૦૦/– જેટલું હતું, તે બીલની રકમ તેમને તારીખઃ ૨૪.૦૩.૨૦૧૧ ના રોજ ચેકથી મળી હતી; સદર રકમ ₹૭૭,૦૦૦/– તેમને ડિસેમ્બર, ૨૦૧૦ માં આપવાના હતા; તે અંગે તેમણે આરોપીને બીલ બનાવવા વિનંતી કરી હતી, પરંતુ આરોપીએ તેમને જણાવેલ કે, 'જોઈશું'; ફરી પાછા તેઓ ફેબ્રુઆરી માસમાં આરોપી પાસે આ જ પેમેન્ટ માટે ગયેલ; આરોપીએ તેમને જણાવેલ કે, *'તમે આગળ જે બીલ પાસ થયું હતું, જે ₹૨,૨૪,૦૦૦/– નું હતું, તેમાંથી પણ મને એક પણ રૂપિયો આપ્યો નથી કે મને એક પણ રૂપિયો કમીશન કે લાંચ આપેલ નથી, હું ₹૭૭,૦૦૦/– નું બીલ બનાવી આપું, તેમાંથી મને ₹૩૦,૦૦૦ આપવા પડશે'*. જેથી આરોપીને વિનંતી કરી કે, 'સાહેબ મને આમાં કંઈ મળતું નથી'; તેથી આરોપીએ તેમને જણાવેલ કે, 'અમારા ડીવીઝનમાં તારા ઘણા બધા કામો ચાલે છે, તેમાં તને તકલીફ પડશે'; જેથી તેમણે આરોપીને વિનંતી કરી કે, 'સાહેબ કંઈ ઓછું કરો'; તેમ કહેતા આરોપીએ '₹૨૫,૦૦૦ આપવા જ પડશે' તેમ કહેલ; આ ₹૨૫,૦૦૦/– લાંચના આપવા ન હતા, જેથી

તેમણે એસીબી માં ફરિયાદ કરેલ.

**(૧૪.૩)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેમણે આરોપીને જણાવેલ કે, *'મારી પાસે અત્યારે પૈસા નથી, બીલ પાસ થયા બાદ હું તમને આપીશ'*; ત્યાર બાદ તારીખઃ ૨૪.૦૩.૨૦૧૧ ના રોજ તેમના પર ફોન આવેલ કે, *'તારો ચેક નાનપુરા ડચ ગાર્ડનની સામે ઓફિસમાં આવી ગયો છે'*; જેથી તેઓ ત્યાંના કર્મચારી જયંતીભાઈને મળીને ₹૧,૩૯,૦૦૦/- નો ચેક ત્યાંથી લીધેલ; જેમાં ₹૭૭,૦૦૦/- સિવિલ મેઈન્ટેનન્સ અને તેમના અન્ય કામોના બીલના હતા; જે ચેક તેમણે નાનપુરા એસ.બી.આઈ. બેંકમાં જમા કરાવેલ; તે જ દિવસે આરોપીએ તેમને ફોન કરી પૂછેલ કે, 'ચેક મળી ગયો?' જેથી તેમણે હા પાડેલ; ત્યાર બાદ આરોપીએ તેમને કહેલ કે, 'મેં મારા ₹૨૫,૦૦૦/- આપવાનું કહેલ'; જેથી તેમણે કહેલ કે, 'મારી પાસે હાલમાં પૈસા નથી અને ચેક બેંકમાં જમા કરાવેલ છે, હું તમને આવતીકાલે એટલે કે તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ આપીશ'.

**(૧૪.૪)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેમને આ પૈસા આપવા ન હતા, જેથી તેમણે તે માટે એસીબી માં જઈ ફરિયાદ નોંધાવેલ અને તેમણે સદર ફરિયાદ નીચે સહી કરેલ, જે ફરિયાદ તેમણે **આંક-૧૫** થી રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૪.૫)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, એસીબી માં ફરિયાદ આપ્યા બાદ શ્રી ચૌધરી સાહેબે બે પંચોને તથા ત્યાંના એક કર્મચારી સાથે અરસપરસ તેમની મુલાકાત કરાવેલી અને તેમના કહેવાથી તેમની ફરિયાદની વિગત ટૂંકમાં

જણાવેલ; ત્યાર બાદ તે ફરિયાદ પર બંને પંચોની સહી કરાવવામાં આવેલ; તેમણે પંચોને તેમનું નામ જણાવેલ; ત્યાર બાદ ચૌધરી સાહેબે એક કર્મચારીને બોલાવી લાંચની રકમ ₹૨૫,૦૦૦/- ઉપર ફિનોલ્ફથેલીન પાઉડરનો પ્રયોગ કરવા જણાવેલ; તેમણે એસીબી કચરીમાં ₹૧૦૦૦/- વાળી ૨૫ નોટો રજૂ કરેલ; સદર નોટોના દર અને નંબરની નોંધ કરવામાં આવેલ; ત્યાર બાદ એક કર્મચારીને ચૌધરી સાહેબ આ નોટો પર ફિનોલ્ફથેલીન પાઉડર લગાવવા માટે જણાવેલ; પરંતુ તે પહેલાં જે કર્મચારીને ફિનોલ્ફથેલીન પાઉડરનો ઉપયોગ કરવાનું જણાવેલ, તે કર્મચારીએ તેમને અને પંચોને તેના ગુણધર્મ અને ઉપયોગિતા સમજાવેલ; બનાવના દિવસે તેમણે શર્ટ, પેન્ટ, ટોપી અને બુટ પહેરેલા હતા; તેમણે જે કપડાં પહેરેલ હતા, તેની પંચ નં.૧ એ ચકાસણી કરેલ; નોટો પર ફિનોલ્ફથેલીન પાઉડરનો પ્રયોગ કરવા જણાવતા એસીબી ના એક કર્મચારીએ પ્રથમ એક શીશી બહાર કાઢેલ; તે પાઉડરના ગુણધર્મ અને ઉપયોગીતા અંગે માહિતી આપવામાં આવેલ; તેઓએ જણાવેલ કે, આ પાઉડર નરી આંખે જોઈ શકાતો નથી, પરંતુ જથ્થામાં હોય તો જોઈ શકાય છે; આ પાઉડર જે વસ્તુ પર લગાવવામાં આવે તે વસ્તુ ઉપર સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ છાટવામાં આવે તો આછા ગુલાબી રંગનું દ્રાવણ થઈ જાય અગર જે વસ્તુ પર છાંટવામા આવે ત્યાં આછો ગુલાબી રંગ ઉપસી આવે તેવું જણાવેલ.

**(૧૪.૬)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તે કર્મચારીએ એક કબાટમાંથી ફિલ્ટર પેપર, બાઉલ, સોડીયમ કાર્બોનેટની શીશી વગેરે બહાર કાઢેલ; બાદ એક સફેદ કાગળ ટેબલ પર મૂકી તેના પર ફિનોલ્ફથેલીન પાઉડર થોડોક શીશીમાંથી બહાર કાઢેલ; બાદ કર્મચારીએ પ્રથમ એક બાઉલમાં ડીસ્ટીલ

વોટર અને સોડીયમ કાર્બોનેટનું મિશ્રણ બનાવી, પોતાના બંને હાથ અંદર નાંખતા દ્રાવણના કલરમાં કોઈ ફેરફાર થયેલ નહીં; તે દ્રાવણ ઓફીસમાં તેઓ બધાને બતાવવામાં આવેલ; ત્યાર બાદ તે દ્રાવણને બહાર નાશ કરી પોતાના હાથ સાબુથી ધોઈ અંદર રૂમમાં આવેલા; ત્યાર બાદ તે કર્મચારીએ પોતાના જમણા હાથની આંગળી ફિનોલ્ફથેલીન પાઉડરમાં થોડી અડાડી તે આંગળી તેઓ બધાને બતાવેલ, તો ફિનોલ્ફથેલીન પાઉડર આંગળી પર નરી આંખે જોઈ શકાયેલ નહીં. ત્યાર બાદ તે કર્મચારીએ તેમની તે આંગળી સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળતા દ્રાવણ આછા ગુલાબી રંગનું થયેલ; તે દ્રાવણને બહાર ફેંકી દઈ તેનો નાશ કરેલ અને તે કર્મચારી તેના હાથ સાબુ પાણીથી ધોઈને પાછા આવેલ.

**(૧૪.૭)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સદર કર્મચારીએ એક ફિલ્ટર પેપર ડાબા હાથમાં લઈ ફિનોલ્ફથેલીન પાઉડરને થોડું અડાડેલ; ત્યાર બાદ તે પેપર તેઓ બધાને બતાવવામાં આવેલ, તો તે પેપર પર પણ ફિનોલ્ફથેલીન પાઉડર નરી આંખે જોઈ શકાતો ન હતો; ત્યાર બાદ ફીલ્ટર પેપર પર સોડીયમ કાર્બોનેટના દ્રાવણના છાંટા નાંખવાથી ફીલ્ટર પેપર પર આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલા; ત્યાર બાદ તે ફીલ્ટર પેપરનો બહાર જઈ નાશ કરેલ અને દ્રાવણને પણ ઢોળીને નાશ કરેલ.

**(૧૪.૮)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તે કર્મચારીએ ચોધરી સાહેબના આદેશથી તેમણે રજૂ કરેલ ₹૨૫,૦૦૦/- ની નોટો પર બંને બાજુએ ફિનોલ્ફથેલીન પાઉડર લગાડી તે નોટની ગળી કરી, તે તેમના શર્ટના છાતી પરના ડાબી બાજુના ખીસ્સામાં મૂકવામાં આવેલ અને ચૌધરી સાહેબે તેમને

જણાવેલ કે, જયાં સુધી લાંચનો પ્રશ્ન ઉભો ન થાય ત્યાં સુધી આ નોટને અડવું નહીં. ત્યાર બાદ વધેલ ફિનોલ્ફથેલીન પાઉડરનું પડીકું વાળી તેનું જે કવર હતું તેની અંદર મૂકી તેને સીલ કરી, તેની પર ચૌધરી સાહેબે અને બે પંચોએ સહી કરેલ અને તે કવરને એસીબી ની ઓફીસમાં કબાટમાં મૂકી દેવામાં આવેલ.

**(૧૪.૯)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ ચૌધરી સાહેબે તેમને તથા પંચોને સૂચના આપેલ કે, એસીબી ની ગાડીમાં બેસી અઠવાલાઈન્સ આરોપીની ઓફીસે જઈ પ્રથમ તેઓ પોતે અને પંચ નં.૧ કે જેની તેમની સાથે અરસપરસ મુલાકાત કરાવી હતી, તેઓએ ગાડીમાંથી ઉતરી આરોપીની ઓફીસમાં જઈ તેની સાથે માંગેલ લાંચ બાબતે વાતચીત પંચની રૂબરૂમાં કરવી અને ત્યાર બાદ જો લાંચ માગવામાં આવે તો તેમના શર્ટના ડાબા ખીસ્સામાંથી પૈસા કાઢીને આપવાના હતા અને પંચ નં.૨ ની અરસપરસ ઓળખાણ કરાવેલ હતી, તે એસીબી કચેરીમાંથી તેઓ બધાએ સાથે નીકળવા કહેલ; પૈસા માંગે તો તેમણે આપવાના અને ત્યાર બાદ ઉધરસ કે ખાંસી ખાવાના કે કોઈ પણ બહાનું કાઢી બહાર આવી હાથ ઉંચા કરવાના હતા. તેમને એવી સૂચના આપવામાં આવેલ કે, પંચ નં.૧ ને તેમની સાથે જ રાખવા; પંચ નં.૨ તથા એસીબીના કર્મચારીને જણાવેલ કે, આરોપીન અઠવાલાઈન્સ ઓફીસની બહાર એટલે કે તેઓ જે સમયે ઈશારો કરવા બહાર આવે ત્યારે તે લોકોને દેખાય તેમજ તેઓ પણ તેમને જોઈ શકે તે રીતે તેઓએ ગોઠવાઈ જવું.

**(૧૪.૧૦)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, એસીબી કચેરીએથી નીકળતા પહેલાં

ચૌધરી સાહેબે સૂચના આપેલ કે, જ્યાં સુધી લાંચ આપવાનો પ્રંસગ ન બને ત્યાં સુધી પૈસા કાઢવા નહીં કે પૈસા આપવા નહીં; ત્યાર બાદ પંચ નં.૧ તથા તેઓ અને એસીબી ના તમામ સભ્યો એસીબી ની ગાડીમાં બેસીને અઠવાગેટ આરોપીની ઓફીસની થોડે દૂર આવી ગાડી ઉભી રાખી હતી; પછી પંચ નં.૧ અને તેઓ ગાડીમાંથી ઉતરી ઓફીસમાં જવા માટે રોડ ક્રોસ કરી રવાના થયેલ; પંચ નં.૨ તથા એસીબી કર્મચારીઓ ઓફીસની બહાર જાણ ન થાય તે રીતે અને તેમનો ઈશારો તેઓને દેખાય તે રીતે ગોઠવાઈ ગયેલ; પછી તેઓ તથા પંચ નં.૧ નાઓએ ઓફિસની અંદર પ્રવેશ કર્યો; ત્યાં આરોપીને બેસેલ જોયા અને તેમણે પૂછયું, 'કેમ છો?' આરોપીએ કીધું કે, 'બરાબર'; પછી આરોપીએ તેમને કીધું કે, 'તારો પાર્ટ પેમેન્ટનો ચેક પાસ થઈ ગયો?', તો તેમણે કહેલ કે, 'હા સાહબે થઈ ગયો'; આરોપીએ તેમને પૂછ્યું કે, 'તો તું લાવ્યો છે મારી મહેનતના ૨૫,૦૦૦ રૂપિયા?'; તો તેમણે કીધું કે, 'તમે મંગાવ્યા તો મારે લાવવા જ પડે ને સાહેબ'; પછી આરોપીએ કહેલ કે, 'તો લાવ આપી દે'; તો તેમણે પહેરેલ શર્ટના ઉપરના ખીસ્સામાંથી તેમણે પૈસા કાઢી આરોપીને આપ્યા; ત્યાર બાદ તેઓ એકલા ઉધરસ ખાવાના બહાના ઓફીસની બહાર ગયેલ અને બહાર ઉભેલા એસીબી કર્મચારી તથા પંચ નં.૨ ને ઈશારો કરી રીટર્ન ઓફીસમાં આવી ગયેલ; ત્યાર બાદ થોડી વારમાં એસીબી ના કર્મચારી તથા પંચ નં.૨ ઓફીસમાં આવી ગયેલ; ત્યાર બાદ ચૌધરી સાહેબે ત્યાં આવીને પૂછ્યું કે, 'કારખાનીસ સાહેબ તમે છો?' તો આરોપીએ કહેલ કે, 'હા, હું છું'; ત્યાર બાદ ચૌધરી સાહેબે એસીબી ના કર્મચારીને આરોપીના પેન્ટના ખીસ્સામાં જે પૈસા મૂકેલ હતા, તેની પર ફિનોલ્ફથેલીન પાઉડરનો પ્રયોગ કરવા આદેશ આપેલ; પરંતુ તે પહેલાં સાહેબે એસીબી ના તમામ કર્મચારી તથા પંચ નં.૧ અને ૨ નાઓના ડીસ્ટીલ વોટર તથા સોડીયમ કાબોર્નેટના દ્રાવણમાં હાથ બોળતા દ્રાવણનો રંગ બદલાયેલ નહીં. આ જે કાર્યવાહી થઈ તેમાં દ્રાવણનો બહાર જઈ નાશ કર્યો.

**(૧૪.૧૧)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૪ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, આરોપીએ જે પૈસા ગજવામાં મૂકયા હતા તે પૈસા ચૌધરી સાહેબના આદેશથી પંચ નં.૨ એ કાઢયા; ફરીથી નવું સોડીયમ કાર્બોનેટ અને ડીસ્ટીલ વોટરનું દ્રાવણ બનાવી, તે પૈસા પર છંટકાવ કરતા આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવ્યા; તે પૈસા પંચ નં.૨ તથા ચૌધરી સાહેબે એક કવરમાં પેક કરી, કવર સીલ કરી કબજે લીધેલ; ત્યાર બાદ ચૌધરી સાહેબની સૂચનાથી આ દ્રાવણને બહાર ઢોળી, પંચ નં.૨ એ નાશ કરેલ; ત્યાર બાદ ફરીથી નવું સોડીયમ કાર્બોનેટ અને ડીસ્ટીલ વોટરનું દ્રાવણ બનાવી, આરોપીના જમણા હાથની આંગળી તથા અંગુઠો તે દ્રાવણમાં બોળતા, દ્રાવણનો રંગ આછા ગુલાબી રંગનો થઈ ગયેલ; તે દ્રાવણને શીશીમાં ભરી, શીશીને સીલ કરી, શીશી પર ચૌધરી સાહેબ, પંચ ૧ તથા ૨ ની સહી કરી, તે શીશી ને ચૌધરી સાહેબે કબજે લીધેલ; ત્યાર બાદ પંચ નં.૨ એ પોતાના હાથ સાબુથી ધોઈ, ફરીથી નવું સોડીયમ કાર્બોનેટ અને ડીસ્ટીલ વોટરનું દ્રાવણ બનાવેલ; આરોપીએ પહેરેલ પેન્ટના જમણા ખીસ્સાની અંદરની સાઈડ ફીલ્ટર પેપર ઘસી, એ દ્રાવણનો આ ફીલ્ટર પેપર પર છંટકાવ કરતા ફીલ્ટર પેપેર પર પણ આછા ગુલાબી રંગના છાંટા ઉપસી આવેલ; આ ફીલ્ટર પેપેરને સીલ કરી, પંચ નં.૧, ૨ તથા ચૌધરી સાહેબની સહી કરી કબજે લીધેલ; ત્યાર બાદ આ દ્રાવણનો નાશ કરી, પંચ નં.૨ નાએ ફરીથી પોતાના હાથ સાફ કરેલ; ત્યાર બાદ પંચ નં.૨ એ નવું સોડીયમ કાર્બોનેટ અને ડીસ્ટીલ વોટરનું દ્રાવણ બનાવી, તેમના જમણા હાથ દ્રાવણમાં બોળતા દ્રાવણનો રંગ આછો ગુલાબી થઈ ગયેલ; જે દ્રાવણ પણ શીશી માં ભરી, સીલ કરી, પંચ નં.૧ તથા ૨ તથા ચૌધરી સાહેબની સહી કરાવી કબજે લીધેલ; ત્યાર બાદ આરોપીને પંચ નં.૧, ૨ તથા ચૌધરી સાહેબ અને એસીબી કર્મચારી સાથે લઈ ગયેલ; આ કાર્યવાહી

આરોપીની ઓફીસે અઠવાગેટ ખાતે કરવામાં આવેલ; ત્યાં આગળ આ કાર્યવાહી પૂરી કરી ચૌધરી સાહેબે પંચનામું કરી બંને પંચોની સહી લીધેલ; ત્યાંથી ચૌધરી સાહેબે ₹૨૫,૦૦૦/– ની ચલણી નોટો અને આરોપીનું પેન્ટ કબજે લીધેલ.

**(૧૪.૧૨)** સદર શાહેદ નં.૧ નાએ તેમની આંક–૧૪ ની સોગંદ પરની જુબાની દરમ્યાન મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૭ ઓળખી બતાવેલ છે; તેમણે આંક–૯૦ ની ફાઈલમાંના પેપર્સ જોઈને જણાવેલ છે કે, તેમાં જે જગ્યાએ છોડ રોપેલ હતા તે અંગેનો ચાર્ટ તૈયાર કરીને આપેલ તે જ છે. જે ફાઈલમાં આરએમપી ડીવીઝન નં.૧ નાએ ટેન્ડર બહાર પાડેલ તેની કોપી છે, તેની સાથે મેજરમેન્ટ અને ગ્રેડ એનાલાઈસીસ રજૂ કરેલ છે તેમજ તેમાં તારીખઃ ૧૮.૧૨.૨૦૦૯ ના રોજ તેમને વર્કઑર્ડર આપવામાં આવેલ હતો, જે વર્કઑર્ડર આપ્યા બાદ તેમણે ₹૧૧,૬૨૫/– ડી.ડી. દ્વારા ભરેલ હતા. વધુમાં સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૪.૧૩) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૧ નાએ જણાવેલ છે કે,** નરેશ કન્સ્ટ્રક્શનની પેઢી તેમના પિતાના નામે છે, તેમાં તેમના માતાનો કોઈ હિસ્સો નથી; તેમના પિતા હાઉસ કીપીંગ, ગાર્ડનીંગ તથા મેઈન્ટેનન્સનું કામ રાખતા હતા; સને ૨૦૧૦ માં સદર પેઢીમાં આશરે ૩૫ થી ૪૦ માણસો કામ કરતા હતા; નરેશ કન્સ્ટ્રક્શનની પેઢી સને ૨૦૦૨ થી શરૂ કરેલ અને તે પેઢીનું રજિસ્ટ્રેશન કરાવેલ હતું; તે પેઢીના નામે રાખેલ કોન્ટ્રાક્ટ પૂરો કરવા માટે સુપરવાઈઝર પણ રાખતા. તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, કોર્ટનો સમન્સ મળ્યા બાદ તેઓ એક વખત એસીબી પોલીસ સ્ટેશને આગળની કાર્યવાહી જાણવા માટે ગયેલ; તેમને પંચનામું તથા ફરિયાદ વાંચવા માટે આપેલ અને જણાવેલ કે, તેમને તે પ્રમાણે કોર્ટમાં

જુબાની આપવાની છે; નરેશ કન્સ્ટ્રક્શનની પેઢીનું એકાઉન્ટ પિતાના નામે ચાલે છે; તે ખાતું તેમના પિતા ઓપરેટ કરે છે; તેઓ પ્રથમ વખત એસીબી પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ચૌધરી સાહેબે તેમની પાસે કોઈ દસ્તાવેજ મંગાવેલ નહીં.

**(૧૪.૧૪)** બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૧ નાએ વધુમાં જણાવેલ છે કે, પ્રાથમિક પંચનામું કેટલા વાગ્યે શરૂ કરવામાં આવેલ, તે તેમને યાદ નથી; ચૌધરી સાહેબે તેમણે જે કોન્ટ્રાક્ટ રાખેલ, તેના કાગળો માંગેલ નહીં; ચૌધરી સામે તેમની પાસે કોઈ કુલમુખત્યારનામું માંગેલ નહીં. ₹૧,૦૦૦/– ની જે નોટો હતી, તેનો કલર લાલ હતો. આરોપીની ઓફીસ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ બિલ્ડિંગની બાજુમાં આવેલ છે; એ ઓફીસ રહેણાંક કવાટર્સમાં ભોંયતળિયે બનાવવામાં આવેલ છે; તેમણે સ્વીકારેલ છે કે, તેમણે સને ૨૦૦૯ માં ટેન્ડર ભરેલ અને તેથી ઓફીસના કામકાજ અર્થે તેમને ઘણી વખત આરોપીની ઓફીસમાં જવાના પ્રસંગ બનેલ; આરોપી સીવાય બીજા કર્મચારીઓ પણ ઓફીસમાં કામ કરતા હતા; તેમને સૌપ્રથમ ચેક કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાંથી મળેલ, જે ₹૨,૨૪,૦૦૦/– નો હતો અને તે ચેક તેમણે અલગ–અલગ ૩ થી ૪ કામો રાખેલા તેના પેમેન્ટ બાબતનો હતો; તેમને જે ₹૨,૨૪,૦૦૦/– નો ચેક મળેલ, તે કલીયર થઈને આવતા આશરે ૧૫–૨૦ દિવસનો સમય લાગેલ; તે પછી તેમને ₹૧,૩૯, ૬૯૧/– નો ચેક બીજા ચાર કામો માટે મળેલ; તે બે ચેક વચ્ચેનો સમયગાળો એક વર્ષ જેટલો હતો; તે એક વર્ષના સમયગાળા દરમ્યાન તેમને અવારનવાર અઠવાલાઈન્સ ની કચેરીએ આવવાનુ થતું હતું; તેમને જે ₹૧,૩૯, ૬૯૧/– નો ચેક મળેલ, તેના બે–ત્રણ દિવસ બાદ એસીબી કચેરીમાં હાલની ફરિયાદ આપેલ; તે વખતે ₹૧,૩૯,૬૯૧/– નો ચેક પાસ થઈ ગયેલ; તેઓ

ફરિયાદ આપવા ગયા ત્યારે ચૌધરી સાહેબે આ બે ચેક બાબતે તેમની પૂછપરછ કરેલ; જે દિવસે ફરિયાદ આપેલ, તે જ દિવસે પંચોને બોલાવી લીધેલ; તે પંચોને કોણ બોલાવવા ગયેલ, તે તેઓ કહી શકે નહીં; તે બે પંચોને કઈ ઓફીસમાંથી બોલવવામાં આવેલા અને કોણે બોલાવેલા, તે તેઓ કહી શકે નહીં; એસીબી કચેરીમાં બે પંચો આવ્યા અને તેઓ આરોપીની ઓફીસમાં ગયા, તે દરમ્યાન એકાદ કલાકનો સમય પસાર થયેલ; પંચો આવ્યા તે પહેલાં તેમની ફરિયાદ લખાઈ ગયેલ; ચૌધરી સાહેબે પંચોને ક્યા વિભાગમા નોકરી કરે છે તથા તેઓ પંચ તરીકે રહેવા ખુશી છે કે કેમ, તે બાબતે કોઈ પૂછપરછ કરેલ નહીં. એસીબી કચેરીથી અઠવાલાઈન્સ ની પેટા વિભાગીય કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીએ વાહનમાં આવતા આશરે ૫ થી ૧૦ મિનિટનો સમય લાગે; એસીબી કચેરીથી તેઓ તેમની ટુ વ્હીલર મોટર સાઈકલ ઉપર અઠવાલાઈન્સ ખાતેની આરોપીની કચેરી આવવા નીકળેલ અને તેમની પાછળ હાલના કેસના પંચ નં.૧ બેઠેલા અને ચૌધરી સાહેબ તેમની સુમો ગાડી લઈને તેમની પાછળ આવેલ; રેડ વખતે બે જ વાહનોનો ઉપયોગ કરવામા આવેલ; એસીબી કચેરીએથી ઉતર્યા બાદ ચૌધરી સાહેબ જે સુમો ગાડીમા બેસેલા તે ગાડીની બેસતા પહેલાં ઝડતી કરવામાં આવેલ કે કેમ, તે તેમને ખબર નથી. તેઓ તથા પંચ નં.૧ ચૌધરી સાહેબ સાથે તેમની સુમો ગાડીમાં બેસીને અઠવાલાઈન્સ ની કચેરીમા આવેલ હોય, તેવું બનેલ નથી.

**(૧૪.૧૫)** બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૧ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ જયારે આરોપીની ઓફિસમાં દાખલ થયા ત્યારે તેમની ઓફીસમાં બીજા કર્મચારીઓ પણ કામ કરતા હતા; આરોપી જયાં બેસતા હતા, તે રૂમને અડીને બીજી રૂમો આવેલ, જયાં ઓફીસની કામગીરી થતી; ચૌધરી સાહેબે આરોપીની ઓફીસમાં કામ

કરતા બીજા કર્મચારીઓના નામ, હોદ્ધા વગેરે પુછેલા નહીં; તેઓ જેટલો સમય આરોપીની ઓફીસમાં રહ્યા તેટલા સમય દરમ્યાન બીજા કર્મચારી તે રૂમમાં હાજર હતા; તેઓ જયારે સૌપ્રથમ વખત પંચ નં.૧ સાથે આરોપીની ઓફીસમા ગયા ત્યારે આરોપી તેમના ટેબલ પર હાજર મળેલ; આરોપીની ઓફીસ ભોંયતળિયે આવેલ છે અને આજુબાજુ ખુલ્લી જગ્યા અને કમ્પાઉન્ડ આવેલ છે; તેઓ જયારે પંચ નં.૧ સાથે આરોપીની ઓફીસમાં ગયા ત્યારે ચૌધરી સાહેબ તથા રેડીંગ પાટીના બીજા માણસો ક્યાં ઉભા રહેલા, તેની તેમને માહિતી નથી; તેઓ સૌપ્રથમ આરોપીની ઓફીસમાં ગયા અને પહેલી વાર બહાર આવ્યા, તે બે વચ્ચેનો સમયગાળો આશરે દશેક મિનિટનો હતો; તેઓ એસીબી કચેરીએ ફરિયાદ આપવા ગયા ત્યારે ટેન્ડરને લગતા કાગળો લઈને ગયેલ નહીં; આરોપીને બેસવાની વયવસ્થા એક મોટા રૂમમાં હતી જેમાં ટેબલ તથા ખુરસી આવેલા; આરોપીની સાથે આશરે બીજા ૨-૩ કર્મચારીઓ તે હોલમાં બેસતા હતા; તેમણે પેટાકચેરી ખાતે ટેન્ડર ભર્યું અને એસીબી ટ્રેપ ગોઠવાઈ, તે સમયગાળા દરમ્યાન આશરે ૧૫ થી ૨૦ વખત જવાનુ થયેલ; તે કચેરીમાં આશરે ૫ થી ૬ કર્મચારીઓ કામ કરતા હતા; તેઓ જે સમયગાળા દરમ્યાન કચેરીમાં હાજર હતા, તે દરમ્યાન શ્રી ચૌધરીએ આરોપીઓના બીજા સહકર્મચારીઓની પૂછપરછ કરેલ નહીં; તેમણે સ્વીકારેલ છે કે, શ્રી ચૌધરી તથા રેડીંગ પાટીના સભ્યોએ દોડીને પહેલાં નોટો કબજે કરેલ; તે નોટો રેડીંગ પાટીના સભ્યોએ લઈ લીધેલ; રેડીંગ પાટીના સભ્યો દોડી આવેલા અને નોટો કબજે કરેલ, તે દરમ્યાન પાંચેક મિનિટનો સમય થયેલ; તેમને એ વાત યાદ નથી કે, પાઉડરનો પ્રયોગ પહેલાં તેમના હાથ પર કરવામાં આવેલ કે આરોપીના હાથ પર કરવામાં આવેલ; પંચો ઉપર પાઉડરનો પ્રયોગ પેટાકચેરીમાં કરવામાં આવેલ નહીં; તારીખઃ ૨૪.૦૩.૨૦૧૧ ના રોજ તેમના પર જે ફોન આવેલ કે એક નાનપુરા, ડચ ગાર્ડનની સામેની ઓફીસમાં આવી ગયો છે, તે ફોન કઈ કચેરીથી તેમના

મોબાઈલ પર આવેલ, તે તેઓ કહી શકે નહીં; તેઓ ચેક લેવા માટે જંયતીભાઈને મળેલ; તેઓ જયારે નાનપુરા ડચ ગાર્ડનની સામે આવેલ ઓફિસમાં તારીખઃ ૨૪.૦૩.૨૦૧૧ ના રોજ ગયેલ ત્યારે તેમને ખબર હતી કે, તેમનો ચેક તૈયાર થઈ ગયેલ છે; તેમના કહેવા મુજબ, આરોપીએ ફોન ઉપર ₹૨૫૦૦૦ ની માંગણી કરતા તેમણે કહેલ કે, હાલ તેમની પાસે પૈસા નથી, ચેક બેંકમાં જમા કરાવેલ છે, તેથી તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ પૈસા આપી દઈશ; આરોપીનો તેમના પર ફોન આવ્યો ત્યારથી લઈને એસીબી કચેરીએ તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ફરિયાદ કરવા ગયા ત્યાં સુધીમાં આરોપીને મળવાનો પ્રસંગ બનેલ નહીં; આરોપીનો તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ સવારે ફોન આવેલ, પણ તેમને રૂબરૂ મળવાનો પ્રસંગ બનેલ નહીં; તેમને યાદ નથી કે, તેમણે ફરિયાદમાં એવું લખાવેલ હોય કે, "ત્યાર બાદ હું આરોપીને તેમની ઓફીસમાં રૂબરૂમાં મળેલ અને તેમણે કહેલ હોય કે તારો ચેક તને મળી ગયો છે, જેથી મેં હા કહેલ અને તેઓએ કહેલ હોય કે, મારા ૨૫,૦૦૦ નું શું થયું"; તેમણે સ્વીકારેલ છે કે, તેમને મળેલ બંને ચેક આરોપી જે ઓફીસમાં બેસતા હતા ત્યાંથી મળેલ નહીં; તેઓ સિવિલ હોસ્પિટલમાં જે કામગીરી કરતા હતા, તેની દેખરેખ હાલના આરોપીની ઓફીસ તથા સિવિલ હોસ્પિટલમાં આવેલ પી.ડબલ્યુ.ડી. ની ઓફીસ રાખતી હતી; તેમણે પહેલું બીલ રજૂ કરેલ, તે માટે તેમને આરોપીની ઓફીસે ૫ થી ૧૦ વાર જવાનું થયેલ; તેઓ ચેક બાબતે જે ૫ થી ૧૦ વાર આરોપીની ઓફીસે ગયેલ અને ત્યાર બાદ તેમને જે ચેક મળેલ, તે બે બનાવ વચ્ચે આશરે બેએક મહીનાનો સમયગાળો થયેલો; તેમને એ વાત ચોકકસ યાદ નથી કે, તેમણે પહેલું બીલ ₹૨,૪૫,૮૯૩–૯૨ નું રજૂ કરેલ; તેમને એ વાત યાદ નથી કે, તે બીલમાંથી ₹૨૧,૪૮૭–૮૧ ઓછા મળેલા; તેમને એ વાત યાદ નથી કે, બીજું બીલ ₹૧,૧૬,૨૧૪–૭૪ નું મૂકેલું; તેમને એ વાત યાદ નથી કે, તે બીજા બીલમાંથી ₹૩૮,૭૫૨–૨૯ ઓછા મળેલા; તેમને

એ વાતની ખબર નથી કે, ટેન્ડર પ્રમાણેની કામગીરી ન હોવાથી ઓછી રકમના ચેક મળેલા. તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, તેમને વારંવાર આરોપીની ઓફીસે જવાનું થતું હોવાથી તેમને એવી લાગણી થયેલ કે, આ ઓફીસનુ સંચાલન વ્યવસ્થિત રીતે થતું નથી અને તેમને એવું પણ લાગેલ કે, તેમને ખોટી રીતે ચેક માટે ધક્કા ખવડાવે છે. બાકીના સજેશન્સનો શાહેદ દ્વારા મહદ્ અંશે અસ્વીકાર કરવામાં આવેલ છે.

**(૧૫)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨** તરીકે **પંચ શંકરભાઈ ઝીણાભાઈ પટેલ**ને **આંક–૨૭** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૧ ની સાલમાં તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા હતો, ત્યારે તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ તેમના શાસન અધિકારીએ તેમને એસીબી કચેરીમાં જઈને ચૌધરી સાહબેને મળવા સૂચના આપેલ; જેથી તેઓ તથા પ્રવિણભાઈ પ્રજાપતી એસીબી કચેરીએ ગયેલ; ત્યાં ચૌધરી સાહબેની બાજુમાં એક ઈસમ હાજર હતા; તે ઈસમ ફરિયાદી હોવાનું તેમને જણાવવામાં આવેલ; ફરિયાદીની ફરિયાદ આધારે એક લાંચના છટકાનું આયોજન કરેલ; તેમાં તેઓને પંચો તરીકે રહેવાની સમજ આપતા તેઓએ રાજીખુશીથી પંચ તરીકે રહેવા તૈયારી બતાવેલ; ત્યાર બાદ ફરિયાદીને નામઠામ પૂછતા તેઓએ તેમનું નામ વિનયકુમાર નરેશભાઈ પટેલ, મુ.પો.ભાટપોર, તાપી ફળિયું, સુરતના હોવાનું જણાવેલ; ત્યાર બાદ ફરિયાદી અને તેમની અરસપરસ ઓળખાણ કરાવેલ.

**(૧૫.૧)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ એસીબીના સભ્યો સાથે તેમની અરસપરસ ઓળખાણ કરાવેલ; જે એસીબીના છ સભ્યો હતા, તેમાં ઝભ્ભા

સાહેબ, સતિષભાઈ, કાંતિભાઈ, વી.ડી.પાટીલ સાહેબ વગેરે હતા; ત્યાર બાદ સાહેબની સૂચના મુજબ વિનયકુમારે ફરિયાદની ટૂંકમાં હકીકત સંભળાવેલ. ફરિયાદીએ તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ કરેલ ફરિયાદ વાંચવા આપતા તે ફરિયાદ વાંચ્યા બદલ ફરિયાદીની સહી નીચે તેમણે તથા પંચ નં.૨ નાઓએ સહી કરેલી. જે આંક–૧૫ ની ફરિયાદમાં તેમણે તેમની તથા પંચ નં.૨ ની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૫.૨)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સાહેબની સૂચના મુજબ લાંચમાં રજૂ કરવાની રકમ ફરિયાદીને રજૂ કરવા જણાવતા તેમણે ₹૧,૦૦૦/– ના દરની કુલ ૨૫ ચલણી નોટો કુલ્લે ₹૨૫,૦૦૦/– રજૂ કરેલ, તે નોટના દર તથા નંબરો પંચનામામાં લખવામા આવેલા; પંચ નં.૨ એ સાહેબની સૂચના મુજબ ફરિયાદીની અંગઝડતી કરતા, ફરિયાદીએ કાળા કલરનું સફેદ ચોકડીવાળું આખી બાંયનું શર્ટ અને કમરે રાખોડી પેન્ટ પહેરેલ હતું; તેમણે પહેરલ શર્ટનું ડાબી બાજુનું છાતી પરનું ખીસ્સું જોતા તે ખાલી હતું; ત્યાર બાદ પેન્ટના આગળના ભાગે જમણી બાજુના ખીસ્સામાં તપાસ કરતા જુદા–જુદા દરની ચલણી નોટો કુલ્લે ₹૩૭૦/– ની હતી; ત્યાર બાદ પેન્ટના આગળના ડાબી બાજુના ખીસ્સામાં તપાસ કરતા એક સફેદ રૂમાલ, અને સેમસંગ કંપનીનો મોબાઈલ હતો; પેન્ટના પાછળના ભાગના ખીસ્સામાં તપાસ કરતા તે ખાલી હતું; ફરિયાદીએ માથા પર લાલ કલરની ટોપી પણ પહેરેલી હતી તેમજ પગમાં ચામડાના બુટ પહેરેલ હતા; ત્યાર બાદ સૂચના મુજબ તેમના ખીસ્સામાં જે કોઈ વસ્તુ હતી, તે જેમની તેમ રહેવા દીધેલ.

**(૧૫.૩)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, સાહેબની સૂચનાા મુજબ કચેરીમાંથી એક

કર્મચારીને બોલાવવામાં આવેલ; તેનું નામ પદમલોચન ક્ષેત્ર નિવૃત્ત કર્મચારી હતા; તેમને લાંચમાં આપવાની ચલણી નોટો પર ફિનોલ્ફથેલીન પાઉડર કેવી રીતે લગાડવામાં આવે તે અંગેનો પ્રયોગ કરવાની સૂચના આપેલ; પદમભાઈ કચેરીના કબાટમાંથી એક ફિનોલ્ફથેલીન પાઉડરની શીશી લઈ આવેલ અને તેની સાથે એક કીટ બેગ પણ લઈ આવેલ; આ ફિનોલ્ફથેલીન પાઉડરની ઉપયોગીતા અને ગુણધર્મ સમજાવતા કહેલ કે, ફિનોલ્ફથેલીન પાઉડર નરી આંખે જોઈ શકાતો નથી અને જથ્થામાં હોય તો તે જોઈ શકાય છે; ત્યાર બાદ નોટો પર ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ છે કે કેમ અને તે લાગેલ પાઉડર અન્ય વસ્તુના સંપર્કમા આવે તો તે પાઉડર લાગેલ છે કે કેમ, તેની ખાતરી કરવા તે કર્મચારીએ ડીસ્ટીલ વોટર અને થોડો સોડીયમ કાર્બોનેટ નાંખી દ્રાવણ બનાવેલ; આ દ્રાવણના છાંટા નોટો પર કે અન્ય વસ્તુ પર છાંટતા આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવે તેમ જણાવેલ; ત્યાર બાદ કાચનું બાઉલ અને તેમના હાથ સાબુ–પાણીથી ધોઈ પરત આવેલા.

**(૧૫.૪)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ કીટ બેગમાંથી ડીસ્ટીલ વોટર, સોડીયમ કાર્બોનેટનો ડબ્બો, પ્લાસ્ટીકની શીશ અને સીલ કરવાના સાધનોનો હાજર રહેલા તમામને પરીચય કરાવેલ; ત્યાર બાદ કર્મચારીએ ડીસ્ટીલ વોટર અને સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરી તેમાં પદમલોચને બંને હાથ બોળતા દ્રાવણમાં કોઈ ફેરફાર થયેલ નહીં; ત્યાર બાદ સાહેબની સૂચના મુજબ પદમલોચને એક કોરો કાગળ ટેબલ પર મૂકી, કબાટમાંથી ફિનોલ્ફથેલીન પાઉડરની શીશ કાઢેલ; તેમાંથી થોડો પાઉડવર સદર કોરા કાગળ પર કાઢેલ; ત્યાર બાદ સદર શીશીને બુચથી બંધ કરી કબાટમાં પરત મૂકી દીધેલ. કોરા કાગળ પર કાઢેલ પાઉડર પર પદમલોચને તેમના જમણા

હાથના આંગળા થોડા અડાડી ખંખેરી નાંખેલા; ત્યાર બાદ તેના હાથની આંગળી બતાવતા પાઉડર નરી આંખે જોઈ શકાતો ન હતો; ત્યાર બાદ પદમલોચને ડીસ્ટીલ વોટર અને સોડીયમ કાર્બોનેટાનું દ્રાવણ બનાવેલ; તે દ્રાવણમાં પદમલોચને તેમના જમણા હાથના આંગળા બોળતા દ્રાવણ આછા ગુલાબી રંગનું થઈ ગયેલ; ત્યાર બાદ સદર દ્રાવણને બહાર ઢોળી નાંખી તેમના હાથ સાબુ-પાણી ધોઈ, કાચનું બાઉલ ધોઈ પરત ઓફીસમાં આવેલા.

**(૧૫.૫)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક-૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ પો.ઈ. એસીબીની સૂચના મુજબ સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરવામાં આવેલ અને ફીલ્ટર પેપરના બોક્સમાંથી એક ગોળ સફેદ ફીલ્ટર પેપર કાઢી પદમલોચને તેના ડાબા હાથે પકડી, કોરા કાગળ ઉપરના ફિનોલ્ફથેલીન પાઉડર થોડો અડાડી, પાઉડર લાગેલ ભાગ ઉપર રહે તે મુજબ તેમના ડાબા હાથે પકડી રાખી, પોતાના જમણા હાથની આંગળીઓ વડે સોડીયમ કાર્બોનેટના દ્રાવણ ફિલ્ટર પેપરના ફીનોલ્પથેલીન પાઉડર લાગેલ ભાગ પર છાંટતા તેના પર આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલ; ત્યાર બાદ ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ તે ભાગ દ્રાવણમાં બોળતાં તે દ્રાવણ આછા ગુલાબી રંગનું થઇ ગયેલ; ત્યાર બાદ પદમલોચને બહાર જઇ ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ ફીલ્ટર પેપરને ફાડી નાશ કરેલ; ત્યાર પછી દ્રાવણને નાશ કરી કાચનું બાઉલ સાફ કરી, પોતાના જમણા હાથના આંગળા સાબુ પાણીથી સાફ કરી પરત આવેલ.

**(૧૫.૬)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક-૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સાહેબની સૂચનાા મુજબ

ફરિયાદીએ લાંચમાં આપવા રજૂ કરેલ ₹૨૫,૦૦૦/– ની ચલણી નોટોની બંને બાજુ તેમના બંને હાથના આંગળાની મદદથી ફિનોલ્ફથેલીન પાઉડર લગાડેલ; ત્યાર બાદ ચલણી નોટોને ખંખેરી નાંખી ચેમ્બરમાં હાજર રહેલ તમામને બતાવતાં, ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી નરી આંખે જોઇ શકાતી ન હતી; ત્યાર બાદ સૂચના મુજબ પદમલોચને ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ ચલણી નોટોની ગળી કરી, ફરિયાદીએ પહેરેલ શર્ટના ડાબી બાજુના ખિસ્સામાં મૂકી દીધેલ અને ફરિયાદીને સૂચના આપવામાં આવેલ કે, જયાં સુધી લાંચ આપવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય ત્યાં સુધી અડકવું નહીં; ત્યાર બાદ પદમલોચને બહાર જઇ પોતાના બંને હાથના આંગળાઓ સાબુ પાણીથી ધોઇ પરત આવેલ.

**(૧૫.૭)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સાહેબની સૂચના મુજબ કોરા કાગળ પર વધેલ પાઉડર તે જ કાગળમાં ગડી કરી, એક ખાખી કવરમાં મૂકી દીધેલ; ત્યાર બાદ એક કાપલી બનાવી, તે કાપલી પર 'વધેલ ફિનોલ્પથેલીન પાઉડર' લખી, તેઓ બંને પંચો તથા સાહેબે સહી કરી, તે કાપલી વાળી ખાખી કવરમાં મૂકી દીધેલ; ત્યાર બાદ ખાખી કવરને ગુંદર વડે બંધ કરી ઇન્સ્પેકટર, એસીબી, સુરત નું અંગ્રેજીમાં સીલ કરી, ખાખી કવર ઉપર ફરિયાદીનું નામ લખી, કવર ઉપર તેઓ બંને પંચો તથા સાહેબે સહી કરી, કવર ઉપર 'વધેલ ફીનોલ્પથેલીન પાઉડર માર્ક–એ' લખી સીલબંધ કવર ઓફિસના કબાટમાં મૂકી દીધેલ; ત્યાર બાદ પ્રથમ પંચનામાની કાર્યવાહી પૂર્ણ કરી, કચેરીમાંથી તમામ નીચે ઉતરી, નીચે પાર્ક કરેલ ટાટા સુમો જીપમાં બેસી ગયેલ.

**(૧૫.૮)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની

જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, પંચ નં.૧ ને સૂચના આપવામાં આવેલ કે, ટાટા સુમો જીપમાંથી ફરિયાદી ઉતર્યા પછી પંચ નં.૧ એ પણ સતત તેમની સાથે હાજર રહેવું; ફરિયાદી અને આરોપી જે વાતચીત કરે, તે ધ્યાનથી સાંભળવી અને કંઇક લેવડદેવડ થાય તે પણ ધ્યાનપૂર્વક જોવી; આરોપી જો લાંચની રકમ સ્વીકારે અને ફરિયાદી તેનો સૂચિત ઈશારો કરવા બહાર જાય ત્યારે પંચ નં.૧ એ આરોપી પાસે જ હાજર રહેવું; પંચ નં.૧ ની હાજરી બાબતે આરોપી પૂછપરછ કરે તો વિવેકબુદ્ધિપૂર્વકનો જવાબ આપવો.

**(૧૫.૯)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, સાહેબની સૂચના મુજબ પંચ નં.૨ અને એસીબી પાર્ટીના સભ્યો તમામ ટાટા સુમોમાં બેસી આરોપીની કચેરી પાસે ગાડી ઉભી રાખી, પ્રથમ પંચ નં.૧ અને ફરિયાદી ત્યાંથી ચાલતા કચેરી તરફ રવાના થાય, તેની પાછળ તરત જ ટાટા સુમો જીપમાંથી વારાફરતી તમામે ઉતરી થોડા થોડા અંતરે ચાલતા રવાના થવું; પંચ નં.૧ અને ફરિયાદી આરોપીની કચેરીમાં પ્રવેશતા તેની પાછળ એસીબીના સભ્ય અને પંચ નં.૨ નાએ એકબીજાના સંકલનમાં રહેવું; કચેરીની આજુબાજુ કોઈને શક અને વહેમ ન પડે તેમ ગોઠવાઇ જવું; ત્યાર બાદ ફરિયાદી સૂચિત ઈશારા માટે બહાર આવે ત્યારે તમામે પંચ નં.૧ જયાં હોય ત્યાં આવી જવું; ત્યાર બાદ સાહેબે હે.કો. સતીશ ગામીતને ફીનોલ્પથેલીન પાઉડરની હાજરી બાબતે પ્રયોગ કરવાના સાધનો, સોડીયમ કાર્બોનેટનો ડબ્બો, પ્લાસ્ટિકની ખાલી શીશી, ફીલ્ટર વોટર, સાબુ, પાણીનું કેન, સીલ કરવાના સાધનો લઇ લેવા સૂચના આપેલ. આમ પ્રથમ ભાગનું પંચનામું તેઓ બંને પંચોની હાજરીમાં તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ૧:૧૫ થી ૩:૦૦ કલાક દરમ્યાન એસીબી કચેરીમાં પૂર્ણ કરવામાં આવેલ; જે આંક–૨૯ ના પંચનામાના પ્રથમ ભાગના અંતે તેમણે તેમની તથા પંચ નં.૨ પ્રજાપતિભાઈની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૧૫.૧૦)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ એસીબી ના ચૌધરી સાહેબની સૂચના મુજબ એસીબી કચેરીએથી તમામ સ્ટાફ સહિત નીચે પાર્ક કરેલ ટાટા સુમો જીપમાં બેસી રવાના થયેલ; ત્યાંથી અઠવાલાઈન્સ, ચોપાટી, ડુમસ જતા રોડ પર ઈન્ડોર સ્ટેડીયમ ચાર રસ્તા પાસે ટાટા સુમો જીપ ઉભી રાખી, ચૌધરી સાહેબની સૂચના મુજબ પ્રથમ ફરિયાદી તથા પંચ નં.૧ સરકારી જીપમાંથી નીચે ઉતરી, ત્યાંથી આગળ જતાં રોડ ક્રોસ કરી, જમણી તરફ જતા તેમની સાથે તેઓ એટલે કે પંચ નં.૧ પણ રોડ ક્રોસ કરી ફરિયાદી સાથે સામે આવેલ એક ઝાડ પાસે નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, મેડીકલ પેટાવિભાગ લખેલ બોર્ડના એક બિલ્ડિંગમાં નીચે ભોંયતળીયે ગેટમાંથી ફરિયાદી તથા તેમણે પ્રવેશ કરેલ; ત્યાં નીચે ભોંયતળીયે પ્રવેશ કરતા એક નાનો ખંડ પસાર કરી, બીજા ખંડમાં પ્રવેશતા ડાબી બાજુ ટેબલ–ખુરસી પર બેસેલ આરોપી પાસે જઈ, ફરિયાદીએ પૂછેલ કે, 'કેમ છો સાહેબ'; ત્યારે તેમને જાણ થયેલ કે, આછા પોપટી કલરનું શર્ટ પહેરેલ તે આસિસ્ટંટ ઈજનેર પ્રદીપ કારખાનીસ સાહેબ (આરોપી) છે; ત્યાર બાદ આરોપીએ ફરિયાદીને પૂછેલ કે, 'પાર્ટ પેમેન્ટનો ચેક પાસ થઇ ગયો'; ત્યારે ફરિયાદીએ જણાવેલ કે, 'પાર્ટ પેમેન્ટનો ચેક પાસ થઇ ગયો છે અને નાણાં પણ મળી ગયા છે'; જેથી આરોપીએ જણાવેલ કે, 'મારા મહેનતના ₹૨૫,૦૦૦ લાવ્યો છે?' ફરિયાદીએ જણાવેલ કે, 'હા સાહેબ તમે માંગણી કરી છે એટલે લાવવા જ પડે ને'; ત્યારે આરોપી બોલેલ કે, 'લાવો'; ત્યાર પછી ફરિયાદીએ તેમણે પહેરેલ શર્ટના ડાબી બાજુના ખિસ્સામાં પોતાનો જમણો હાથ નાંખી ફિનોલ્ફથેલીન પાઉડર વાળી ગડી કરેલ ચલણી નોટો કાઢી, આરોપીને ધરેલ; ત્યારે આરોપીએ તે જમણા હાથે લઇ, ડાબા હાથની મદદથી ગણી પોતે પહેરેલ પેન્ટના આગળના જમણી બાજુના ખિસ્સામાં મૂકેલ; ત્યાર બાદ

ફરિયાદીએ તરત જ કચેરી બહાર જઈ સૂચિત ઈસારો કરેલ અને તરત જ એસીબી ઈન્સ્પેક્ટર, સ્ટાફ તથા પંચ નં.૨ આરોપી પાસ આવી ગયેલ; ત્યાર બાદ ચૌધરી સાહેબે આરોપીને પોતાની ઓળખ આપેલી અને આરોપીને તેનું નામ પૂછતા આરોપીએ તેમનું નામ પ્રદિપભાઇ શશીકાન્ત કારખાનીસ, આસી. ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન), રહે.૨૧, નીરવ પાર્ક, પાંચ બત્તી, ભરૂચના હોવાનું જણાવેલ.

**(૧૫.૧૧)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક-૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ ચૌધરી સાહેબે ફરિયાદીને બનાવ બાબતે પૂછતાં ફરિયાદીએ પણ તેમણે જણાવ્યા મુજબની હકીકત જણાવેલ; ત્યાર બાદ ચૌધરી સાહેબની સૂચના મુજબ સતિષભાઇને ફીનોલ્પથેલીન પાઉડરની હાજરી ચકાસવાનો પ્રયોગ કરવાની સૂચના આપતા, તેમણે પોતાની બેગમાંથી ડીસ્ટીલ વોટરની શીશી, કાચનું બાઉલ, ફીલ્ટર પેપરનું બોકસ, ખાલી પ્લાસ્ટીકની શીશી તથા સીલ કરવાના સાધનો બહાર કાઢેલ; ત્યાર બાદ એક કાચના બાઉલમાં ૧૫૦ મી.લી. ડીસ્ટીલ વોટર કાઢી, તેમાં થોડો સોડીયમ કાર્બોનેટ નાંખી દ્રાવણ બનાવેલ; તેમાં સતિષભાઇએ તેમના બંને હાથના આંગળા વારાફરતી બોળતા, દ્રાવણમાં કોઈ ફેરફાર થયેલ નહીં; ત્યાર બાદ સતિષભાઇએ ઓફિસ બહાર જઈ પોતાના બંને હાથ સાબુ-પાણીથી ધોઇ અંદર પરત આવેલા.

**(૧૫.૧૨)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક-૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ ચૌધરી સાહેબની સૂચના મુજબ આરોપીના જમણા હાથના આંગળા સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળતા, દ્રાવણનો રંગ આછો ગુલાબી થઇ ગયેલ; તે દ્રાવણ સતિષભાઇએ એક શીશીમાં ભરી, તેને સફેદ બુચ તથા ઢાંકણ વડે બંધ કરેલ; ત્યાર બાદ

કાગળની બે કાપલીઓ બનાવેલ, તેમાં તેઓ બંને પંચો તથા સાહેબે સહી કરેલ અને કાપલી પર 'કારખાનીસ સાહેબના જમણા હાથનું દ્રાવણ' લખી માર્ક–બી આપી, એક કાપલી શીશીના ઉપરના ભાગે સફેદ દોરાથી બાંધી, મોંઢા ઉપર 'પો.ઈ. એસીબી, સુરત સીટી' ના અંગ્રેજી માર્કા વાળું સીલ કરેલ; બીજી કાપલી શીશીની સાઈડે ગુંદરથી ચોંટાડી, તે સીલબંધ શીશી ચૌધરી સાહેબે તપાસ અર્થે કબજે લીધેલ.

**(૧૫.૧૩)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ ૧૫૦ મી.લી. સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરેલ; તે દ્રાવણમાં આરોપીના ડાબા હાથના આંગળા બોળતા દ્રાવણનો રંગ આછો ગુલાબી થઇ ગયેલ; તે દ્રાવણને એક પ્લાસ્ટીકની શીશીમાં ભરી, પંચનામાની વિગતે સીલ કરી, માર્ક–સી આપી, તે સીલબંધ શીશી ચૌધરી સાહેબે તપાસ અર્થે કબજે લીધેલ; તે શીશીને સફેદ બુચ અને ઢાંકણ વડે બંધ કરેલ; સતિષભાઈએ બહાર જઈ તેમના હાથ અને બાઉલ સાફ કરી પરત આવેલા.

**(૧૫.૧૪)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ કાચના બાઉલમાં સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરેલ; આરોપીએ પહેરેલ પેન્ટના જમણી બાજુના ખિસ્સામાંની તમામ ચીજવસ્તુઓ સતિષભાઈએ બહાર કાઢતા તેમાં ગડી કરેલ ચલણી નોટ મળી આવેલ, તે ગણી જોતાં ₹૧૦૦૦/– ના દરની ૨૫ નોટો મળી, કુલે ₹૨૫૦૦૦/– હતા; તે ચૌધરી સાહેબે કોરો કાગળ લઈ ટેબલ પર મૂકેલ; ત્યાર બાદ સતિષભાઈએ તૈયાર કરેલ દ્રાવણનો તે ચલણી નોટો પર છંટકાવ કરતા, ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ ચલણી નોટો પર આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલા; ત્યાર બાદ ચલણી નોટો ભેગી

કરી, તેની ગડી કરી, તે જ કાગળમાં પડીકું બનાવી મૂકી દીધેલ; ત્યાર બાદ સતિષભાઇએ બહાર જઈ પોતાના હાથના આંગળાઓ સાબુ–પાણીથી સાફ કરી ઓફિસમાં પરત આવેલા; ત્યાર બાદ કાગળની એક કાપલી બનાવી, કાપલી પર તેઓ બંને પંચો તથા સાહેબે સહી કરી, તેને માર્ક–'ડી' આપી પડીકાને પંચનામાની વિગતે સીલ કરી, તે પડીકું ચૌધરી સાહેબે તપાસ અર્થે કબજે લીધેલ.

**(૧૫.૧૫)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ ફિલ્ટર પેપરના બોકસમાંથી એક ફીલ્ટર પેપર કાઢી, આરોપીના પેન્ટના આગળના જમણા ખિસ્સામાં ફીલ્ટર પેપર નાખી બંને પડખે ઘસીને બહાર કાઢેલ; સતિષભાઇએ ત્યાર બાદ સોડીયમ કાર્બોનેટના દ્રાવણનો ફીલ્ટર પેપર પર છંટકાવ કરેલ; જ્યાં ફીનોલ્પથેલીન પાઉડર લાગેલ ત્યાં આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલ; ત્યાર બાદ ચૌધરી સાહેબે એક કોરો કાગળ પાથરી, તેના પર ફીલ્ટર પેપર પાથરી, તે જ પેપરમાં ગડી કરી, માર્ક–'ઈ' આપી, પંચનામાની વિગતે સીલ કરી, તપાસ અર્થે કબજે લીધેલ; ત્યાર બાદ સતિષભાઇ પોતાના હાથ સાફ કરી પરત આવેલા.

**(૧૫.૧૬)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સતિષભાઇએ આરોપીની અંગઝડતી કરતાં તેની પાસેથી એક નોકીયા કંપનીનો મોબાઈલ મળી આવેલ તથા પેન્ટના ખિસ્સામાંથી જુદા–જુદા દરની નોટો કુલ્લે ₹૧૩૮૭૦/– મળી આવેલ; ત્યાર બાદ ફિનોલ્ફથેલીન પાઉડર વાળી ચલણી નોટો સદર પેન્ટમાંથી મળેલ હોઈ, તે પેન્ટ કબજે કરવા બીજા પેન્ટની વ્યવસ્થા કરેલ; આરોપીએ પહેરેલ પેન્ટ ઉતરાવી, બીજું પેન્ટ પહેરાવી, તે પેન્ટના જમણી

બાજુના ખિસ્સાની અંદરના ભાગે તેઓ બંને પંચો તથા સાહેબે સહી કરેલ; ત્યાર બાદ પેન્ટને ગડી કરી, આછા પોપટી કલરના કવરમાં મૂકી, કવર ગુંદરથી ચોંટાડી માર્ક–'એફ' આપી, કવરને પંચનામાની વિગતે સીલ કરી, કવર ચૌધરી સાહેબે તપાસ અર્થે કબજે લીધેલ.

**(૧૫.૧૭)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સતિષભાઇએ ફરીથી કાચના બાઉલમાં દ્રાવણ તૈયાર કરી તેમાં ફરિયાદીનો જમણો હાથ બોળતા તે આછા ગુલાબી રંગનું થઇ ગયેલ; તે દ્રાવણને એક શીશીમાં ભરી, સફેદ બુચ તથા ઢાંકણથી બંધ કરી માર્ક–'જી' આપી ચૌધરી સાહેબે કબજે લીધેલ; ત્યાર બાદ સતિષભાઈ પોતાના હાથ સાફ કરી પરત આવેલા. ત્યાર બાદ ફરીથી સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરી તેમાં ફરિયાદીના ડાબા હાથના આંગળા બોળતા કોઈ ફેરફાર થયેલ નહીં, જેથી સતિષભાઇએ કાચના બાઉલનું દ્રાવણ બાથરૂમમાં જઇ નાશ કરેલ અને પોતાના આંગળા ધોઈ પરત આવેલ.

**(૧૫.૧૮)** સદર શાહેદ નં.૨ નાએ તેમની આંક–૨૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ ફરિયાદીની અંગઝડતી લીધેલ અને તેની વિગતવાર નોંધ પંચનામામાં કરવામાં આવેલ; લાંચના છટકાની કાર્યવાહી દરમ્યાન આરોપી પાસેથી ફીનોલ્પથેલીન પાઉડર વાળી ₹૨૫૦૦૦/– ની ચલણી નોટો તથા પેન્ટ કબજે કરેલ હોઈ, તે અંગે બે પ્રતમાં સીઝર મેમો તૈયાર કરવામાં આવેલ; તે સીઝર મેમો પર તેઓ પંચો તથા સાહેબ સહી કરેલ; અસલ પ્રત આરોપીને આપી, સ્થળપ્રત પર તેની સહી લેવામાં આવેલી અને તે પ્રત ચૌધરી સાહેબે તેમની પાસે રાખેલ. ચૌધરી સાહેબે તથા બંને પંચોએ ચતુર્દિશાનું નિરીક્ષણ કરી, તે અંગે

વિગતવાર નોંધ પંચનામામાં કરેલ; આ પંચનામું તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ૨૦:૦૦ કલાકે નાયબ કાર્યપાલકની કચેરી (માર્ગ અને મકાન) મેડીકલ પેટાવિભાગ, અઠવાલાયન્સ ખાતે પૂરું કરવામાં આવેલ; તેમાં તેઓ પંચોએ તથા સાહેબે સહી કરેલ. ત્યાર બાદ કચેરીએથી નીકળી સુમોમાં બેસી એસીબી કચેરીએ આવેલા; તેઓ ઓફિસમાં હાજર હતા તે દરમ્યાન ચૌધરી સાહેબે તેઓની ઓળખ આપેલ અને પંચોને સમજ આપેલ; આ ગુનાના આરોપી ત્યાં હાજર હતા; બંને પંચોએ તેની શરીર સ્થિતિનું પંચનામું લખાવેલ; જે તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના ૨૨:૦૦ કલાકથી ૨૨:૩૦ કલાક સુધી એસીબી કચેરીએ કરવામાં આવેલ; તેમાં તેઓ પંચોએ તથા સાહેબે સહી કરેલી. તેમણે સદર લાંચના છટકાનું પંચનામું **આંક–૨૯** થી રજૂ કરી તેમાં પંચ નં.૧ તરીકે તેમની અને પંચ નં.૨ તરીકે પ્રવિણભાઈની સહી હોવાનું જણાવેલ છે. વધુમાં તેમણે **આંક–૩૦** થી સીઝર મેમો અને **આંક–૩૧** થી આરોપીનું અટક પંચનામું રજૂ કરી, તેમાં પંચ નં.૧ તરીકે તેમની, પંચ નં.૨ તરીકે પ્રવિણભાઈની, એસીબી ઈન્સ્પેક્ટરની તથા આરોપીની સહી હોવાનું જણાવેલ છે. સદર શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૭ ઓળખી બતાવેલ છે અને તે પૈકી મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૫ અને ૭ સાથે રાખવામાં આવેલ પંચ સ્લીપ અનુક્રમે આંક–૩૨ થી ૩૭ અન્વયે રજૂ કરી તેમાં પંચ નં.૧ તરીકે તેમની અને પંચ નં.૨ તરીકે પ્રવિણભાઈની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં તેમણે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૫.૧૯) સદર શાહેદ નં.૨ નાએ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** પંચમા રહેવા અંગે તેમના સાહેબે તેમને સવારે પોણા અગીયારની આસપાસ જાણ કરેલ; તેમના સાહેબની કચેરીમાં ગયા બાદ સાહેબે ખાનગી તપાસની કામગીરીમાં સામેલ

રહેવા જણાવેલ; આ વાતચીત દરમ્યાન પાંચેક મિનિટ જેટલો સમય થયો હશે; તેઓ તથા પંચ નં.૨ પ્રવિણચંદ્ર તેમની ઓફીસથી નીકળી બપોરે એક વાગ્યાની આસપાસ એસીબી ઓફિસે પહોચી ગયેલા; તેઓ જયારે એસીબી ઓફિસમાં ગયા ત્યારે ફરિયાદીએ ફરિયાદ લખાવી દીધેલ હતી; તેઓની હાજરીમાં ફરિયાદ લખવામાં આવેલ ન હતી; આ ફરિયાદ કોણે લખેલ, તે તેઓ કહી શકે નહીં; પ્રથમ ભાગના પંચનામા દરમ્યાન તેમને ફરિયાદીએ પી.ડબલ્યુ.ડી. ખાતામાં શું કામગીરી કરાવવાની હતી, તેની માહિતી મળેલ; તેમની જાણ મુજબ ફરિયાદીનું ટેન્ડર ૨૦૦૯ માં મંજૂર થયેલ; આ ટેન્ડર મુજબ ફરિયાદીએ ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતમાં ૩૦૦ ઝાડ રોપવાના હતા, તેને લોખંડના પાંજરા લગાવવાના હતા અને તેને કલર કરી તેનું મેઇન્ટેનન્સ કરવાનું હતું; આ કામગીરીની કોઈ સમય–મર્યાદા નિયત હતી કે કેમ, તે તેમને યાદ નથી; આ ટેન્ડરની કામગીરી સિવાય ફરિયાદી આરોપીની કચેરી સાથે અન્ય કોઈ કામગીરી સંદર્ભે સંકળાયેલા હોવાની તેમને માહિતી નથી; બીજા ભાગનું પંચનામું પૂર્ણ થયેલ ત્યાં સુધી આવી બીજી કામગીરી અંગે તેમને માહિતી મળેલ કે કેમ, તે યાદ નથી; ચૌધરી સાહેબે તેમને એસીબીની ટ્રેપમાં અગાઉ પંચમાં રહેલ છે કે કેમ, અગાઉ તેમની પર ટ્રેપ થયેલ છે કે કેમ, તેમની કેટલા વર્ષની નોકરી થયેલ, તે અંગે પૂછપરછ કરેલ નહીં; તેમને યાદ નથી કે, તેમણે અંગઝડતી કરી ત્યારે ફરિયાદીના ખીસ્સામાં ₹૨૫૦૦૦/– હતા કે કેમ; ચૌધરી સાહેબે ₹૨૫૦૦૦/– રજૂ કર્યા હોય તેવું બનેલ નથી;

**(૧૫.૨૦)** સદર શાહેદ નં.૨ નાએ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એસીબી ઓફીસથી નીકળી જે જગ્યાએ ટ્રેપ માટે ગયેલ, તે કચેરી કોર્ટથી અઠવાગેટ તરફ જવાના રસ્તે આવેલ છે; સરકારી વસાહતની બાજુમાં ભોંયતળિયાના ભાગે

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી આવેલી છે; કોર્ટથી અઠવાગેટ તરફના રોડ ઉપર ઉભા રહીને આ કચેરી જોઈ શકાય તેમ છે; કચેરીના પ્રથમ ખંડમાં પ્રવેશ કરતા આગળ જતા બીજો ખંડ આવે અને બીજા ખંડની બાજુમાં આરોપીની ઓફિસ આવેલ હતી; આરોપીનો રૂમ ૨૦ x ૩૦ ના માપનો હતો; આરોપી જે ઓફિસમાં બેસતા હતા ત્યાં સ્ટીલના કબાટ, ટેબલ તથા ખુરશીઓ હતી; પ્રયોગવિધિ દરમ્યાન જ્યારે પણ સાબુ-પાણીથી હાથ ધોવાની અને બાઉલ-શીશી ધોવાની જરૂરીયાત પડતી ત્યારે આરોપીની ઓફિસની બહાર જવું પડતું હતું; બીજા ભાગનું પંચનામું પૂર્ણ થયું તે પહેલાં ફરિયાદીએ ટેન્ડરથી કરેલ કામગીરી અંગેના ચેક તેને મળેલાની માહિતી તેમને મળેલ; બીજા ભાગનું પંચનામું પૂર્ણ થયું ત્યાં સુધી તેમને જાણવા મળેલ નહીં કે, ફરિયાદીએ ટેન્ડરમાં નક્કી થયેલ શરતો મુજબ કામગીરી ન કરવાના કારણે તેમને નોટિસો આપવામાં આવેલી કે કેમ?

**(૧૫.૨૧)** સદર શાહેદ નં.૨ નાએ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ.સી.બી. વાળાએ સમન્સની સાથે ફરિયાદ તથા પંચનામાની ઝેરોક્ષ કોપી જે તે સમયે તેમને આપેલ હતી; તેમણે જે તે સમયે પંચનામું અને ફરિયાદ વાંચેલ અને તે મુજબ તેમણે નામદાર કોર્ટમાં અગાઉ જુબાની આપેલ; તેમને એ.સી.બી કચેરીએ ચાર-પાંચ દિવસ પહેલાં જવાનું અને રાજેન્દ્રભાઇ પાટીલને મળવાનું થયેલ હતું; રાજેન્દ્રભાઇએ પંચનામું અને ફરિયાદ પાછી વંચાવેલ; બીજા ભાગનું પંચનામું કઇ રીતે લખાવવાનું અને તેમાં શું લખવાનું, તે વિશે તેમને અનુભવ ન હતો; ટ્રેપીંગની કામગીરી દરમ્યાન ઈશારો થયો અને ટ્રેપીંગના બીજા માણસો આરોપીની ચેમ્બરમાં પહોંચ્યા, ત્યાર બાદ બીજા ભાગનું પંચનામું લખવાની શરૂઆત કરેલ, ત્યારથી આશરે બે કલાક જેટલો સમય લાગેલો; ઈશારો થયા પછી બેએક કલાક જેટલો સમય ગયેલ અને તે દરમ્યાન પ્રયોગો

કરવામાં આવેલા અને ત્યાર બાદ બીજા ભાગનું પંચનામું લખવાની શરૂઆત થયેલ; બીજા ભાગનું પંચનામું તેમણે કે પંચ નં.ર નાએ લખાવેલ હોય, તેવું બનેલ નથી; આરોપીની ઓફિસનો વિસ્તાર વસ્તીવાળો તથા સતત અવરજવર વાળો છે; તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ફરિયાદી સાથે આરોપીની ચેમ્બરમાં દાખલ થયા તે સમયે આરોપીની ચેમ્બરમાં સામેની બાજુએ અન્ય બે–ત્રણ ઈસમો બેઠા હતા; તેમને યાદ નથી કે, ટ્રેપીંગ ટીમ આરોપીની ચેમ્બરમાં દોડી આવી, તે સમયે આરોપીની ચેમ્બરમાં સામેની ખુરશીમાં બેસેલ ઈસમો હાજર હતા કે નહીં; બીજા ભાગનું પંચનામું લખવાની શરૂઆત થઇ તે સમયે આરોપીની ચેમ્બરની બહાર બેસેલ કર્મચારી તેઓની કામગીરી કરતા હતા; તેઓ આરોપીની કચેરીમાં દાખલ થયા અને ઈશારો થયો, તે વચ્ચે આશરે ૩૦ મિનિટથી ૪૫ મિનિટ જેટલો સમય લાગેલ હશે; આ સમય દરમ્યાન તેઓ આરોપીની ચેમ્બરમાં ઉભા હતા; આરોપીની ચેમ્બર નાની હોઈ, બીજા ભાગના પંચનામાની તમામ કાર્યવાહી ચૌધરી સાહેબે બાજુમાં આવેલ મોટી ચેમ્બરમાં કરેલ હતી; તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ઘણો સમય થયેલ હોઈ, ફરિયાદીએ આરોપી સાથે શું વાતચીત કરેલ, તે હાલ તેઓ કહી શકે નહીં; તેમણે સરતપાસમાં જે હકીકતો જણાવેલ તે પંચનામું વાંચી તૈયારી કરી જણાવેલ હતી. બાકીના સજેશન્સનો શાહેદ દ્વારા મહદ્ અંશે અસ્વીકાર કરવામાં આવેલ છે.

**(૧૬)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩** તરીકે **ટ્રેપીંગ ઓફિસર નંદકિશોર શ્રાવણ ચૌધરી**ને **આંક–૮૭** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૧ માં તેઓ એ.સી.બી. કચેરી સુરત ખાતે પી.આઇ તરીકે તેમની ફરજ બજાવતા હતા, ત્યારે તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૦:૩૦ ના અરસામાં તેઓ તેમની કચેરીએ હાજર હતા, તે વખતે આ કામના ફરિયાદી વિનયકુમાર

નરેશભાઈ પટેલે તેમની રૂબરૂ આવી તેની ફરિયાદ હકીકત જણાવેલ. જે આંક–૧૫ ની ફરિયાદની વિગતોનું તેમણે વર્ણન કરેલ છે. તેમણે ફરિયાદીની ફરિયાદ તેના લખાવ્યા મુજબ લખી લીધેલ અને સદર ફરિયાદ તેને વાંચી સમજાવેલ હતી અને ત્યાર બાદ ફરિયાદ ઉપર ફરિયાદીની સહી લીધલ અને રૂબરૂ તરીકે તેમણે સહી કરેલ, જે આંક–૧૫ ની ફરિયાદમાં તેમણે ફરિયાદીની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ તેમણે બે સરકારી કર્મચારીઓને પંચ તરીકે ફાળવવા અંગે શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતને યાદી લખેલ, જે યાદી તેમણે **આંક–૮૮** થી રજૂ કરી તેમાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવેલ છે અને તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમના બોલાવવાથી પંચોના માણસો તેમની કચેરીએ આવેલા અને ફરિયાદી આવેલા અને ફરિયાદીની ફરિયાદના આધારે લાંચના છટકાનું આયોજન કરેલ અને પંચોને પંચમાં રહેવાની સમજ કરતા બંને પંચોએ સ્વખુશી દર્શાવેલ; હાજર ફરિયાદીને તેનું નામઠામ પૂછતા તેણે તેનું નામ વિનયકુમાર નરેશભાઇ પટેલ રહે.ગામ ભાટપોર સુરતના હોવાનું જણાવેલ; તેમની સાથે પંચોની અરસપરસ ઓળખાણ કરાવેલ; તેમની એ.સી.બી. કચેરીના કુલ ૬ માણસો હતા, તેની પણ ઓળખાણ ફરિયાદી તથા પંચો સાથે અરસપરસ કરાવેલ; તેમના કહેવાથી ફરિયાદીએ તેમની ફરિયાદ હકીકત પંચો રૂબરૂ ટૂંકમાં જણાવેલ; બંને પંચોને સદર ફરિયાદ વાંચવા આપેલ અને બંને પંચોએ સદર ફરિયાદની નીચે સહીઓ પણ કરેલ; ત્યાર બાદ તેમણે ફરિયાદીને લાંચમાં આપવાની રકમ રજૂ કરવા જણાવતા ફરિયાદીએ ₹૧૦૦૦/– ના દરની ૨૫ ચલણી નોટો મળી કુલ્લે ₹૨૫,૦૦૦/– રજૂ કરેલ; તેના દર તથા નંબરો પંચનામામાં

લખી લીધેલા; ત્યાર બાદ તેમના કહેવાથી પંચ નં.૨ એ ફરિયાદીની અંજઝડતી કરેલ; ફરિયાદીએ આખી બાંયનુ કાળા કલરનું શર્ટ અને રાખોડી કલરનું પેન્ટ પહેરેલ હતું અને માથે કેપ પહેરેલી હતી; શર્ટનું ડાબી બાજુનું ખીસ્સું ખાલી હતું; પેન્ટના જમણી બાજુના આગળના ખીસ્સામાં જુદા જુદા દરની ચલણી નોટો મળી કુલ ₹૩૭૦/– હતા; પેન્ટના આગળના ડાબી બાજુના ખીસ્સામાં એક હાથરૂમાલ અને એક સેમસંગ કંપનીનો મોબાઈલ સીમકાર્ડ સાથેનો હતો; પેન્ટનું પાછળનું જમણી બાજુનું ખીસ્સુ ખાલી હતું; પગમાં બુટ પહેરેલ હતા; ઉપરોકત તમામ ચીજવસ્તુઓ જેમની તેમ રહેવા દીધેલ.

**(૧૬.૨)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમણે કચેરીમાંથી કર્મચારી પદમ લોચન એ.એસ.આઈને બોલાવેલ, જેમણે તેની ઓળખ આપેલ અને બંને પંચો તેમજ ફરિયાદી સાથે પણ ઓળખાણ કરાવેલ; તેમણે પદમ લોચનને ફરિયાદીએ લાંચમાં આપવા રજૂ કરેલ ₹૨૫,૦૦૦/– ની ચલણી નોટો ઉપર ફિનોલ્ફથેલીન પાઉડરનો પ્રયોગ કરવા સૂચના આપતા, પદમ લોચને ઓફિસના કબાટમાંથી એક ફિનોલ્ફથેલીન પાઉડરનું લેબલ મારેલ એક શીશી અને એક કીટ બોક્ષ બહાર કાઢેલ; તેમણે તમામને ફિનોલ્ફથેલીન પાઉડરના ગુણર્ધમો અને તેની ઉપયોગીતા બાબતે સમજાવેલ અને જણાવેલ કે, ફિનોલ્ફથેલીન પાઉડરાને નરી આંખે જોઈ શકાતો નથી, પરંતુ જથ્થામાં હોય તો જોઈ શકાય છે; આ ફિનોલ્ફથેલીન પાઉડર ચલણી નોટો કે અન્ય વસ્તુ પર લગાડવામાં આવે અને તેને ખંખેરી નાંખવામાં આવે તો ચલણી નોટો પર ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી નરી આંખે જોઈ શકાતી નથી; ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ નોટ કોઈ વસ્તુના સંપર્કમાં આવે અને તે વસ્તુ પર ફિનોલ્ફથેલીન પાઉડર લાગી જાય તો તેની ખાતરી કરવા માટે ડીસ્ટીલ

વોટરમાં થોડો સોડીયમ કાર્બોનેટ નાંખી તેને હલાવી તેનું દ્રાવણ બનાવી, તે દ્રાવણના છાંટા ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ વસ્તુ પર છાંટવામાં આવે તો જે જે જગ્યાએ ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ હોય ત્યાં ત્યાં આછો ગુલાબી રંગનો ઉપસી આવે; ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ વસ્તુને આ દ્રાવણમાં બોળવામાં આવે તો તેનો રંગ આછો ગુલાબી થઇ જાય છે.

**(૧૬.૩)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી પદમ લોચને કીટ બેગમાંથી ડિસ્ટીલ વોટરની શીશી, સોડીયમ કાર્બોનેટનો ડબ્બો, કાચનું બાઉલ, ફીલ્ટર પેપર બોક્ષ અને સીલ કરવાના સાધનો બહાર કાઢી તેનો પરીચય બધાને કરાવેલ; ડીસ્ટીલ વોટરની શીશીમાંથી ૫૦ મી.લી. જેટલું ડીસ્ટીલ વોટર કાચના બાઉલમાં કાઢી, તેમા સોડીયમ કાર્બોનેટ નાંખી દ્રાવણ બનાવેલ અને આ દ્રાવણમાં પદમ લોચને બંને હાથના આંગળાઓ બોળતા દ્રાવણમાં કોઇ ફેરફાર થયેલ નહીં; ત્યાર બાદ પદમ લોચન ઓફિસની બહાર જઇ પોતાના બંને હાથ સાબુ પાણીથી ધોઇ સાફ કરી પરત ઓફિસમાં આવેલ.

**(૧૬.૪)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી પદમ લોચને ઓફિસ ટેબલ ઉપર એક સફેદ કોરો કાગળ મૂકી, આ કાગળ ઉપર ફિનોલ્ફથેલીન પાઉડરની શીશીમાંથી થોડો ફિનોલ્ફથેલીન પાઉડર કાઢી, ફિનોલ્ફથેલીન પાઉડરની શીશીનું ઢાંકણ બંધ કરી, શીશી પરત ઓફિસના કબાટમાં મૂકી દીધેલ; ત્યાર બાદ પદમ લોચને કોરા કાગળ પર કાઢેલ ફિનોલ્ફથેલીન પાઉડર ઉપર તેમના જમણા હાથની આંગળીઓ સહેજ અડાડી ખંખેરી નાંખી ઓફીસમાં હાજર તમામને બતાવતા આંગળીઓ પર

ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી નરી આંખે જોઇ શકાતી ન હતી; આ ફિનોલ્ફથેલીન પાઉડર વાળી આંગળીઓ સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળતા દ્રાવણનો રંગ આછો ગુલાબી થઇ ગયેલ; ત્યાર બાદ પદમ લોચન ઓફીસની બહાર જઇ પોતાના બંને હાથો તથા કાચનું બાઉલ સાબુ પાણીથી ધોઇ સાફ કરી પરત ઓફિસમાં આવેલ.

**(૧૬.૫)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાાથી પદમ લોચને ફરીથી કાચના બાઉલમાં સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરી, ફીલ્ટર પેપરના બોક્ષમાંથી એક સફેદ ગોળ ફીલ્ટર પેપર કાઢી, તેમના ડાબા હાથમાં પકડી રાખેલ અને કાઢેલ ફિનોલ્ફથેલીન પાઉડર ઉપર સાધારણ અડાડેલ અને ફિનોલ્ફથેલીન પાઉડર લાગેલ ભાગ ઉપર તરફ રહે, તે રીતે ડાબા હાથે પકડી રાખેલ અને ચેમ્બરમાં હાજર તમામને બતાવતા ફીલ્ટર પેપર ઉપર ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી જોઇ શકાતી ન હતી; ત્યાર બાદ પદમ લોચને જમણા હાથની આંગળીઓ સોડીયમ કાર્બોનેટાના દ્રાવણમાં બોળી, ડાબા હાથે પકડેલ ફીલ્ટર પેપર પણ દ્રાવણનો છંટકાવ કરતા, જે જે જગ્યાએ છાંટા પડેલા, તે તે જગ્યાએ આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલ અને ફીલ્ટર પેપરને સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળતા દ્રાવણનો રંગ આછો ગુલાબી થઇ ગયેલ; ત્યાર બાદ પદમ લોચન ઓફીસની બહાર જઇ ફીલ્ટર પેપરને ફાડી, દ્રાવણને ઢોળી નાશ કરી, તેમના બંને હાથ તથા કાચનું બાઉલ સાબુ પાણીથી ધોઇ સાફ કરી પરત ઓફીસમાં આવેલ; ત્યાર બાદ તેમની સૂચનાથી પદમ લોચને ફરિયાદીએ લાંચમાં આપવા માટે રજૂ કરેલ ₹૨૫,૦૦૦/– ની ચલણી નોટો ઉપર બંને બાજુએ ફિનોલ્ફથેલીન પાઉડર તેમના બંને હાથના આંગળાઓની મદદથી ઘસીને લગાડી દીધેલ અને ફિનોલ્ફથેલીન પાઉડર વાળી ચલણી નોટોને ખંખેરી નાંખેલ અને તેમના

હાથમાં પકડી રાખી, હાજર તમામને તે બતાવેલ; આ ચલણી નોટો ઉપર ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી નરી આંખે દેખી શકાતી ન હતી; ત્યાર બાદ તેમની સૂચનાથી પદમ લોચને ફિનોલ્ફથેલીન પાઉડર વાળી ચલણી નોટોની ગડી બનાવી, ફરિયાદીએ પહેરેલ શર્ટના છાતીના ડાબી બાજુના ખીસ્સામાં મૂકી દીધેલ; તેમણે ફરિયાદીને સૂચના આપેલ કે, જયાં સુધી લાંચ આપવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય ત્યાં સુધી આ મુદ્દાની ચલણી નોટોને અડકવું નહીં; ત્યાર બાદ પદમ લોચન ઓફીસની બહાર જઇ તેમના બંને હાથ સાબુ પાણીથી ધોઇ સાફ કરી પરત આવેલ.

**(૧૬.૬)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી પદમ લોચને કોરા કાગળ પર વધેલ ફિનોલ્ફથેલીન પાઉડરનું એ જ કાગળમાં પડીકું બનાવી, એક ખાખી કવરમાં મૂકી દીધેલ અને તે પછી એક કાગળની કાપલીમાં બંને પંચોએ અને તેમણે સહીઓ કરેલ; આ કાપલીમાં 'વધેલ ફિનોલ્ફથેલીન પાઉડર' લખી, આ કાપલી પડીકા સાથે ખાખી કવરમાં મૂકી, કવરનું મોઢું ગુંદર વડે ચોંટાડી, કવર ઉપર એ.સી.બી. કચેરીનું સીલ મારેલ અને બંધ કવર ઉપર ફરિયાદીનું નામ લખી, 'પ્રયોગ દરમ્યાન વધેલ ફિનોલ્ફથેલીન પાઉડર માર્ક –એ' લખી, સીલબંધ કવર પર બંને પંચોએ તથા તેમણે સહી કરેલ અને સીલબંધ કવર ઓફીસના કબાટમાં મૂકાવી દીધેલ અને પદમ લોચનને લાંચના છટકામાં સાથે ન આવવાની સૂચના આપી રવાના કરેલ.

**(૧૬.૭)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેમણે ફરિયાદીને સૂચના આપેલ કે, કચેરીએ પંચનામાની કાર્યવાહી પૂરી થયા બાદ તેઓ તમામે કચેરીની નીચે

ઉતરી, પાર્ક કરેલા સરકારી વાહન ટાટા સુમોમાં બેસી જવું અને એ.સી.બી. કચેરીથી રવાના થઇ, અઠવાગેટ થઇ, નવી કોર્ટ બિલ્ડિંગ પાસે આવેલ આરોપીની કચેરીએથી થોડે દૂર જયાં સરકારી સુમો જીપ ઉભી રાખવામાં આવે ત્યાં ફરિયાદી અને પંચ નં.૧ એ સુમો જીપમાંથી ઉતરી ચાલતા ચાલતા રવાના થઇ, આરોપીની કચેરીમાં જઇ, આરોપી હાજર હોય તો તેને મળી, ફરિયાદીએ તેના પાર્ટ પેમેન્ટનો ચેક પાસ થઇ ગયો છે અને નાણાં મળી ગયા છે, તે બાબતે વાતચીત કરવી અને આ વાતચીત દરમ્યાન જો આરોપી લાંચના ₹૨૫૦૦૦/- ની માંગણી કરે તો ફરિયાદીએ તેના શર્ટની ડાબી બાજુના ખીસ્સામાં જમણો હાથ નાંખી ખીસ્સામાંથી મુદ્દાની ફિનોલ્ફથેલીન પાઉડરવાળી ₹૨૫,૦૦૦/- ની ચલણી નોટોની ગડી બહાર કાઢી, આરોપી સામે ધરવી અને જો તે ચલણી નોટોની ગડી સ્વીકારી લે તો તે પછી ફરિયાદીએ ઉધરસ ખાવાનો ડોળ કરી, ઉધરસ ખાવાના બહાને કચેરીની બહાર આવી, હાથ ઉંચા કરી આળસ મરડવાનો સૂચિત ઈશારો કરવો અને તરત જ પાછા આરોપી પાસે પહોંચી જવું અને જો આરોપી કચેરીએ હાજર ન મળે અથવા તો વાતચીત દરમ્યાન લાંચની રકમની માંગણી ન કરે અથવા કોઇ વાયદો કરે તો કોઇ પણ જાતના પ્રતિભાવ આપ્યા વિના સરકારી જીપ ઉભી રાખવામાં આવેલ હોય ત્યાં પરત આવી જવું. તેમણે પંચ નં.૧ ને પણ સૂચના આપેલ કે, જીપમાંથી નીચે ઉતર્યા બાદ સતત ફરિયાદી સાથે રહેવું અને ફરિયાદી આરોપીની ઓફીસમાં જાય ત્યારે પણ તેની સાથે રહેવું અને બંને વચ્ચે જે કાંઇ વાતચીત થાય તે ધ્યાનથી સાંભળવી અને જે કાંઇ લેવડદેવડ થાય તે જોવી અને આરોપી ફરિયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારી લે અને ફરિયાદી ઈશારો કરવા બહાર જાય ત્યારે તેમણે આરોપી પાસે ઉભું રહેવું; આરોપી હાજરી બાબતે પૂછપરછ કરે તો વિવેકબુદ્ધિથી જવાબ આપવો.

**(૧૬.૮)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમણે પંચ નં.૨ ને તથા એ.સી.બી પાર્ટીના સભ્યોને પણ સૂચના આપેલ કે, કચેરીએથી જીપમાં બેસી રવાના થઇ આરોપીની કચેરીથી થોડે દૂર જયાં સુમો ઉભી રાખવામાં આવે ત્યાંથી પ્રથમ ફરિયાદી અને પંચ નં.૧ એ ઉતરી આરોપીની કચેરી તરફ ચાલતા ચાલતા રવાના થયા બાદ તમામે વારાફરતી ગાડીમાંથી નીચે ઉતરી ફરિયાદી તથા પંચ નં.૧ ની પાછળ થોડે થોડે અંતરે એકબીજાના સંકલનમાં ચાલતા ચાલતા જવું અને ફરિયાદી અને પંચ નં.૧ આરોપીની કચેરીમાં જાય ત્યારે ઓફિસની આજુબાજુમાં કોઇને શક વહેમ ન પડે તે રીતે એકબીજાના સંકલનમાં ગોઠવાઇને ઉભા રહી જવું અને ફરિયાદી સૂચીત ઈશારો કરે એટલે ફરિયાદી અને પંચ નં.૧ જયાં હોય ત્યાં તરત જ પહોંચી જવું. વધુમાં તેમણે હે.કો. સતિષભાઇ ગામીતને તેમની સાથે ફિનોલ્ફથેલીન પાઉડરની હાજરી ચકાસવાના, પ્રયોગ કરવાના સાધનો, સોડીયમ કાર્બોનેટનો ડબ્બો, ડીસ્ટીલ વોટર, પ્લાસ્ટીકની ખાલી શીશીઓ, સીલ કરવાના સાધનો, પાણીનું કેન, સાબુ વગેરે સાથે લઇ લેવા સૂચના આપેલ અને તે અંગે પ્રાથમિક પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલ અને સદર પંચનામું તેને વાંચી સમજાવેલ અને તે બરાબર હોઈ, સદર પંચનામા ઉપર બંને પંચોએ સહીઓ કરેલ અને રૂબરૂ તરીકે તેમણે સહી કરેલ; તે પ્રાથમિક પંચનામું તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના ૧૩ઃ૧૫ કલાક થી ૧૫ઃ૦૦ કલાકે પૂરું કરેલ.

**(૧૬.૯)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ઉપર મુજબ ભાગ નં.૧ નું પંચનામુ પૂરું કરીને તમામને જરૂરી સૂચનાઓ આપી, ૧૫ઃ૧૫ કલાકે એ.સી.બી. ઓફીસેથી સરકારી વાહનમાં તમામ રવાના થઈ, જૂની બહુમાળી બિલ્ડિંગથી અઠવાગેટ ચોપાટી થઇ, ગવર્નમેન્ટ કવાર્ટસ પાસે આવેલ ઓફીસથી થોડે દૂર

સરકારી વાહન ઉભું રાખી, પહેલાં ફરિયાદી તથા પંચ નં.૧ ને રવાના કરી, તેઓ, પંચ નં.ર અને રેડીંગ પાર્ટીના માણસો વાહનમાંથી ઉતરેલા અને એકબીજાને જોઇ શકે તે રીતે ઓફીસની આજુબાજુ ગોઠવાઇ ગયેલા; થોડી વાર રહી ફરિયાદીએ ઓફીસની બહાર આવી સૂચિત ઇશારો કરતા, તેઓ, પંચ નં.૨ તથા રેડીંગ પાર્ટીના માણસો ફરિયાદીની પાછળ સદર ઓફીસ યાને કાર્યપાલક ઇજનેરની કચેરીમાં પહોંચી ગયેલ; ત્યાં ઓફીસમાં હાજર ઇસમને તેમની ઓળખ આપી, જેમના તેમ બેસી રહેવા જણાવી, તેનું નામઠામ પૂછતા, તેમણે પોતાનું નામ પ્રદિપ શશીકાંત કારખાનીશ, એડિશ્નલ આસિસ્ટંટ ઇજનેર, નાયબ કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ, મેડીકલ કોલેજ પેટાવિભાગ સુરત, રહે.ભરૂચના હોવાનું જણાવેલ.

**(૧૬.૧૦)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક-૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમણે પંચ નં.૧ ને બનાવ બાબતે પૂછતા તેમણે પંચ નં.૨, એ.સી.બી પાર્ટીના સભ્યો તથા તેઓ સાંભળી શકે તે રીતે જણાવેલ કે, તેઓ તથા ફરિયાદી નાયબ કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ, મેડીકલ કોલેજ પેટાવિભાગ, સુરતની ઓફીસમાં આવતા, ઓફીસમાં હાજર ઇસમને ફરિયાદીએ 'કેમ છો કારખાનીશ સાહેબ' તેમ પૂછેલ અને સામેથી આરોપીએ પૂછેલ કે, 'ચેક પાસ થઇ ગયો છે?' જેથી ફરિયાદીએ 'હા સાહેબ, ચેક પાસ થઇ ગયેલ છે અને પૈસા પણ મળી ગયા છે', તેમ જણાવતા આરોપીએ જણાવેલ કે, 'મારા માંગ્યા મુજબના મહેનતના પૈસા લાવ્યા છો?' પૈસા એટલે ₹૨૫,૦૦૦/-; ત્યારે ફરિયાદીએ હા પાડતા આરોપીએ 'લાવ ત્યારે' તેમ જણાવતા, ફરિયાદીએ જમણા હાથથી શર્ટના ઉપરના ખીસ્સામાંથી પાઉડર વાળી ₹૨૫,૦૦૦/- ની ચલણી નોટોની ગડી બહાર કાઢી, આરોપીને આપેલ, જે પૈસા આરોપીએ સ્વીકારી, બંને હાથથી ગણી, પેન્ટના આગળના જમણી

બાજુના ખીસ્સામાં મૂકી દીધેલા; ત્યાર બાદ ફરિયાદીએ બહાર જઇ ઇશારો કરતા, તેઓ, પંચ નં.૨ અને રેડીંગ પાર્ટીના માણસો તેમની પાસે આવી ગયેલ; ત્યાર બાદ તેમણે ફરિયાદીને બનાવ અંગે પૂછતા ફરિયાદીએ પણ ઉપર મુજબની હકીકત કહી સંભળાવેલ.

**(૧૬.૧૧)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમણે અ.હે.કો સતિષભાઇને કીટ બોક્ષ લાવવા જણાવેલ; તેણે કીટ બોક્ષમાંથી તમામ સાધનો બહાર કાઢી બતાવેલ અને તેમના કહેવાથી તેઓએ કાચના બાઉલમાં ૧૫૦ મી.લી. ડીસ્ટીલ વોટર કાઢી, તેમાં થોડો સોડીયમ કાર્બોનેટ નાંખી, તેનું દ્રાવણ બનાવેલ; તે દ્રાવણમાં ફરિયાદી અને આરોપી સિવાય તમામ માણસોના વારાફરતી બંને હાથના આંગળાઓ બોળતા દ્રાવણના રંગમાં કોઇ ફેરફાર થયેલ નહીં; ત્યાર પછી તમામ ઓફીસની બહાર જઇ પોતપોતાના બંને હાથ સાબુ પાણીથી ધોઇ પરત આવેલ.

**(૧૬.૧૨)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી આરોપીએ તેમના જમણા હાથના અંગુઠા સહિતના તમામ આંગળાઓ સદર તૈયાર કરેલ દ્રાવણમાં બોળતા, તે દ્રાવણ આછા ગુલાબી રંગનું થઇ ગયેલ, જે દ્રાવણ કાચની શીશીમાં ભરી, ઢાંકણથી બંધ કરી, તેમની તથા પંચોની સહી વાળી કાપલી બાંધી, 'પી.આઇ એ.સી.બી સુરત' ના માર્કાવાળા લાખથી સીલ કરેલ; તેના ઉપર 'પ્રદિપ શશીકાંત કારખાનીશ નાઓના જમણા હાથના આંગળાઓનું દ્રાવણ માર્ક–બી' લખી, બંને કાપલીઓ શીશી પર સીલ કરેલ અને સદર શીશી તપાસના કામે કબજે લીધેલ; ત્યાર બાદ સતિષભાઇ કચેરીની બહાર જઇ તેના બંને હાથ તથા કાચનું બાઉલ ધોઇ પરત આવેલ

અને ત્યાર બાદ તેમની સૂચનાથી ફરીથી કાચના બાઉલમાં ૧૫૦ મી.લી. દ્રાવણ તૈયાર કરેલ અને તેમાં આરોપીના ડાબા હાથના અંગુઠા સહિતના આંગળા બોળતા દ્રાવણનો રંગ આછો ગુલાબી થઇ ગયેલ, જે દ્રાવણ કાચની શીશીમાં ભરી, ઢાંકણા વડે બંધ કરી, કોરા કાગળ પર અલગ અલગ કાપલીઓ બનાવી, તેમાં તેમણે તથા પંચોએ સહીઓ કરેલ અને કાપલીમાં 'પ્રદિપભાઇ શશીકાંતભાઇ કારખાનીશના ડાબા હાથનું દ્રાવણ માર્ક–સી' લખી, બંને કાપલીઓ પૈકી એક કાપલી શીશીના મોઢે લગાવી, 'પી.આઇ. એ.સી.બી. સુરત' ના અંગ્રેજી માર્કાવાળું લાખથી સીલ કરી, બીજી કાપલી શીશીના સાઇડના ભાગે ચોંટાડી દીધેલ અને તે શીશી તપાસના કામે કબજે લીધેલ અને ત્યાર બાદ સતિષભાઇ ઓફીસની બહાર જઇ તેમના બંને હાથો તથા કાચનું બાઉલ સાબુ પાણીથી ધોઇ પરત આવેલ.

**(૧૬.૧૩)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તેમની સૂચના અનુસાર સતિષભાઇએ કાચના બાઉલમાં ૧૫૦ મી.લી. જેટલું સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ તૈયાર કરી, પંચ નં.૧ એ આરોપીએ પહેરેલ પેન્ટના જમણી બાજુના ખીસ્સામાંથી ચીજવસ્તુ બહાર કાઢતા તેમાંથી નોટોની એક ગડી મળી આવેલ, જે પંચ નં.૧ એ ખોલી જોતાં, તે નોટોના દર તથા નંબર પંચનામાના પહેલા ભાગમાં લખાવ્યા મુજબના કુલ ₹૨૫,૦૦૦/– હતા; ત્યાર બાદ તે નોટો ઉપર સદર દ્રાવણના છાંટા નાંખતા, નોટો ઉપર જયાં જયાં છાંટા પડેલ, ત્યાં ત્યાં આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલ; પંચ નં.૧ એ આ મુદ્દાની ફિનોલ્ફથેલીન પાઉડર વાળી ચલણી નોટોની ગડી બનાવી, કોરા કાગળમાં પડીકું વાળી, તે પડીકુ ટેબલ પર સાઇડ પર ખાખી કવરમાં મૂકી દીધેલ અને હે.કો સતિષભાઇ તથા પંચ નં.૧ બહાર જઇ પોતાના હાથ સાબુ પાણીથી ધોઇને પરત આવેલા; ત્યાર બાદ સતિષભાઇએ કોરા કાગળની કાપલી બનાવી, પંચોએ

તથા તેમણે તેમાં સહીઓ કરી, 'પ્રદિપ શશીકાંતભાઇ કારખાનીશે પહેરેલ પેન્ટના આગળના જમણી બાજુના ખિસ્સામાંથી મળી આવેલ મુદ્દાની ₹૨૫,૦૦૦/ ની ચલણી નોટો માર્ક–ડી' લખી, આ કાપલી સતિષભાઇએ મુદ્દાની ચલણી નોટોના પડીકા ઉપર દોરા વડે બાંધી, બંને સાઇડે 'પી.આઇ. એ.સી.બી. સુરત' ના માર્કાવાળું લાખથી સીલ કરેલ અને કાપલીમાં લખાવ્યા મુજબનું લખાણ કવર પર કરી, તેમણે તથા બંને પંચોએ સહી કરેલ અને સદર પડીકું તપાસના કામે કબજે કરેલ.

**(૧૬.૧૪)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી સતિષભાઇએ ફીલ્ટર પેપર કાઢી, આરોપીએ પહેરેલ પેન્ટના આગળની જમણી બાજુના ખીસ્સામાં ઘસી, તે ફીલ્ટર પેપર પર બનાવેલ દ્રાવણના છાંટા નાંખતા, જયાં જયાં છાંટા પડેલ ત્યાં ત્યાં આછા ગુલાબી રંગના ડાઘા ઉપસી આવેલા; જે ફીલ્ટર પેપર એક કોરા કાગળ પર મૂકી, તેનું પડીકુ બનાવી, ટેબલની સાઇડમાં મૂકી દીધેલ; ત્યાર બાદ સતિષભાઇએ ઓફીસની બહાર જઇ, દ્રાવણનો નાશ કરી પોતાના હાથ સાબુ પાણીથી ધોઇ પરત આવેલા; ત્યાર બાદ સતિષભાઇએ કાગળની કાપલી બનાવેલ, તેમાં પંચોએ તેમજ તેમણે સહી કરેલ અને કાપલીમાં 'પ્રદિપભાઇ શશીકાંતભાઇ કારખાનીશે પહેરેલ પેન્ટના આગળના જમણી બાજુના ખીસ્સાની અંદર ઘસેલ ફીલ્ટર પેપર માર્ક–ઇ' લખી, આ કાપલી ટેબલની એક સાઇડમાં મૂકેલ; ફીલ્ટર પેપરના પડીકાને દોરાથી બંને બાજુ બાંધી, 'પી.આઇ. એ.સી.બી. સુરત' ના માર્કાવાળું લાખ વડે સીલ કરી, કાપલીમાં ઉપર મુજબનું લખાણ કરી, આ સીલબંધ પડીકા ઉપર તેમણે તથા બંને પંચોએ સહીઓ કરેલ; આ પડીકું તપાસના કામે કબજે લીધેલ; ત્યાર બાદ સતિષભાઇએ બહાર જઇ, દ્રાવણનો નાશ કરી, બંને હાથ તથા બાઉલ સાબુ

પાણીથી ધોઇ પરત આવેલ.

**(૧૬.૧૫)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી આરોપીની અંગઝડતી કરતાં, આરોપીએ શરીરે પોપટી કલરનું શર્ટ પહેરેલ હતું, જેના ઉપરના ખીસ્સામાંથી મોબાઇલ મળી આવેલ; આરોપીએ રાખોડી કલરનું પેન્ટ પહેરેલ હતું, જે પેન્ટના આગળના જમણી બાજુના ખીસ્સામાંથી કાંઇ મળી આવેલ નહીં; પેન્ટના ડાબી બાજુના ખીસ્સામાંથી જુદા જુદા દરની ચલણી નોટો મળી આવેલ; આરોપી પગે બુટ પહેરેલ હતા; જે તમામ ચીજવસ્તુઓ જેમની તેમ રહેવા દઇ, બીજા પેન્ટની વ્યવયસ્થા કરેલ. આરોપીનું સદર પેન્ટ ઉતારાવી, તે પેન્ટના જમણી બાજુના ખીસ્સામાંથી મુદ્દાની નોટો મળી આવેલ તે ખીસ્સામાં તેમણે તથા બંને પંચોએ સહીઓ કરેલ; ત્યાર બાદ સદર પેન્ટની ઘડી વાળી એક કાગળમાં પડીકુ બાંધી, તે પડીકાને દોરાથી બાંધી, તેના ઉપર તેમની તથા બંને પંચોની સહીવાળી કાપલી બાંધી, 'પી.આઇ. એ.સી.બી. સુરત' ના માર્કા વાળું સીલ કરી, તે કવર ઉપર 'પ્રદિપ શશીકાંતભાઇ કારખાનીશે પહેરેલ પેન્ટ માર્ક–એફ' લખી, સદર કવર સીલ કરી તપાસના કામે કબજે લીધેલ.

**(૧૬.૧૬)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી સતિષભાઇએ બાઉલમાં ફરી દ્રાવણ તૈયાર કરેલ અને ફરિયાદીના જમણા હાથના અંગુઠા સહિતના આંગળા દ્રાવણમાં બોળતા, દ્રાવણનો રંગ આછો ગુલાબી થઇ ગયેલ; સદર દ્રાવણને સતિષભાઇએ એક કાચની શીશીમાં ભરી બુચ વઢે બંધ કરી, કોરા કાગળની બે અલગ અલગ કાપલીઓ બનાવેલ; તેમાં તેમણે તથા બંને પંચોએ સહી કરેલ અને બંને કાપલીઓ ઉપર

'ફરિયાદીશ્રી વિનયકુમાર નરેશભાઇ પટેલના જમણા હાથનું દ્રાવણ માર્ક–જી' લખી, એક કાપલી શીશીના મોઢા પર દોરા વડે બાંધી, 'પી.આઇ. એ.સી.બી. સુરતના માર્કાવાળું લાખથી સીલ કરી, બીજી કાપલી શીશીની સાઇડ ઉપર ચોંટાડી દીધેલી અને સદર શીશી તપાસના કામે કબજે લીધેલ; ત્યાર બાદ સતિષભાઇ ઓફીસની બહાર જઇ તેમના બંને હાથના આંગળા તથા બાઉલ સાબુ પાણીથી ધોઇ પરત આવેલ.

**(૧૬.૧૭)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની સૂચનાથી સતિષભાઇએ બાઉલમાં ફરી દ્રાવણ તૈયાર કરેલ અને ફરિયાદીના ડાબા હાથના અંગુઠા સહીતના આંગળા દ્રાવણમાં બોળતા દ્રાવણના રંગમાં કોઇ ફેરફાર થયેલ નહીં, જેથી સતિષભાઇએ રંગવિહીન દ્રાવણને ઓફીસની બહાર જઇ, ઢોળી નાશ કરેલ અને તેમના બંને હાથના આંગળાઓ તથા બાઉલ સાબુ પાણીથી ધોઇ પરત આવેલ. ત્યાર બાદ પંચ નં.૧ એ ફરિયાદીની અંગઝડતી કરતા પ્રથમ ભાગમાં જણાવ્યા મુજબની ચીજવસ્તુઓ સિવાયની બીજી કોઇ ચીજવસ્તુઓ મળી આવેલ નહીં; ફરિયાદીના શર્ટના ખીસ્સામાં મૂકેલ મુદ્દાની ફિનોલ્ફથેલીન પાઉડર વાળી ₹૨૫,૦૦૦/– ની ચલણી નોટો પણ મળી આવેલ હતી; અન્ય ચીજવસ્તુઓ જેમની તેમ રહેવા દીધેલ.

**(૧૬.૧૮)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, આ લાંચના છટકાના પંચનામાની કાર્યવાહી દરમ્યાન આરોપી પાસેથી મળી આવેલ મુદ્દાની ફિનોલ્ફથેલીન પાઉડરવાળી ₹૨૫,૦૦૦/ ની ચલણી નોટો તથા આરોપીએ પહેરેલ રાખોડી કલરનું પેન્ટ તપાસના કામે કબજે લીધેલ અને તે અંગે બે પ્રતમાં સીઝર મેમો બનાવડાવી, તેમાં તેમણે તથા બંને પંચોએ સહીઓ કરી, સીઝર

મેમાની અસલ પ્રત આરોપીને આપી, તે મળ્યા અંગેની સ્થળ પ્રત ઉપર આરોપીની સહી લઈ તપાસના કામે કબજે લીધેલ; સદર બનાવવાળી જગ્યાની ચર્તુસિમાનું વર્ણન પંચનામામાં લખાવ્યા મુજબનું લખેલ; બનાવવાળી જગ્યાએથી અન્ય કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નહીં; સદરહુ ખંડમાં લાઇટ પંખા ચાલું હતા; આ અંગેનું વિગતવારનુ પંચનામું પંચોના લખાવ્યા મુજબ તેમણે લખેલ અને સદર પંચનામું તેને વાંચી સમજાવી, તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ૨૦:૦૦ કલાકે પૂરૂં કરેલ અને સદર પંચનામા ઉપર બંને પંચોએ સહી કરેલ અને રૂબરૂ તરીકે તેમણે સહી કરેલ. તેમણે સદર આંક–૨૯ ના પંચનામામાં બંને પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને તેમાં લખેલ તમામ હકીકતો ખરી હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૩૦ ના સીઝર મેમોમાં લખેલ હકીકત ખરી હોવાનું જણાવી, તેમાં બંને પંચોની, આરોપીની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧૯)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપી તથા ઓફીસમાં હાજર ચંદ્રકાત મહેતાનું નિવેદન લઇ કામમાં સામેલ રાખેલ; ચંદ્રકાત મહેતાએ આ કામના ફરિયાદીના મંજૂર થયેલા બીલોની ફાઇલની ઝરોક્ષ રજૂ કરેલ, જે તેમણે પંચનામાની કાયવાહી બાદ તે જ દિવસે કબજે કરેલ, જે તેમણે **આંક–૯૦** થી રજૂ કરી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ સ્થળ પરની કામગીરી પૂર્ણ કરી ઓફિસે પરત આવેલ અને ૨૧:૩૦ કલાકે આ કામે ગુનો દાખલ કરી, ઉપરી અધીકારીઓને તથા આરોપીની ઓફીસના નિયંત્રણ અધીકારીઓને રીપોર્ટ કરેલ; ત્યાર બાદ આ કામે આરોપી તથા તમામ કબજે કરેલ મુદ્દામાલ અને તપાસના કાગળો પો.ઇ. શ્રી રાઠોડ સાહેબને સોંપેલ.

**(૧૬.૨૦)** સદર શાહેદ નં.૩ નાએ તેમની આંક–૮૭ ની સોગંદ પરની જુબાની દરમ્યાન આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં તેમણે મુદ્ામાલ આર્ટિકલ નં.૧ થી ૭ ઓળખી બતાવી, તે સાથે રાખવામાં આવેલ આંક–૩૨ થી ૩૭ ની પંચ સ્લીપોમાં બંને પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે,

**(૧૬.૨૧) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૩ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બહુમાળી બિલ્ડિંગમાંથી કોઇ સરકારી પંચ મેળવેલા નથી. ફરિયાદી પહેલી વાર તેમને બપોરે ૦૨:૦૦ થી ૦૨:૩૦ વાગ્યાનાં સુમારે મળેલા અને તેમને તેની ફરિયાદ સમજવામાં અડધો–પોણો કલાક લાગેલો; ફરિયાદીએ જે કંપની જણાવેલ, તે તેમના પિતાના નામે હતી અને તેનો વહિવટ ફરિયાદી કરતા હતા; ફરિયાદી અને આરોપી ફરિયાદ અગાઉ કેટલી–કેટલી વખત મળેલ, તેનો સમય ફરિયાદમાં લખેલો નથી; ફરિયાદ લીધા પહેલાં અને ફરિયાદ લીધા બાદ તેમણે ટેન્ડરનો અભ્યાસ કરેલ નથી; ફરિયાદી તેમની પાસે આવ્યા ત્યારે એકલા આવેલ; તેમણે ફરિયાદ લીધાના અડધો–પોણો કલાક પછી પંચો માટે યાદી લખેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, ફરિયાદી પહેલાં તેમની પાસે ૦૨:૦૦ થી ૦૨:૩૦ વાગ્યે નહીં, પરંતુ ૧૦:૦૦ થી ૧૦:૩૦ ની આસપાસ આવેલ; પંચો કયાંથી બોલાવવા, તેનો નિર્ણય તેમનો હતો; પંચો મેળવવાની યાદીમાં કોઇ સમય લખેલ નથી; પંચો અગાઉ કોઇ ખાનગી ગુનામાં સંડોવાયેલા છે કે કેમ, તે બાબતે તેમણે કોઇ જાતે તપાસ કરેલી નથી; ફરિયાદીએ જે ફરિયાદ આપી, તેમાં આરોપીએ ફરિયાદીને કયા સમયે બોલાયેલ, તે સમયનો ઉલ્લેખ કરેલ નથી; આ ટ્રેપમાં એક વાહનનો ઉપયોગ કરવામાં આવેલ; વાહનનો નંબર પ્રથમ ભાગના પંચનામામાં લખવામાં આવેલ નથી; તેઓ જે વાહન

લઈને ગયેલ, તે સરકારી વાહન હતું; તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ ટ્રેપ કેસનો ગુનો દાખલ કરી, તે જ દિવસે વધુ તપાસ રાઠોડ સાહેબને સુપરત કરેલ; ફરિયાદ દાખલ કરતી વખતે ફરિયાદી તેમની સાથે ટેન્ડર કે કોઈ વર્ક ઓર્ડર લાવેલ નહીં; બીજા ભાગના પંચનામાની કામગીરી થઈ ત્યાં સુધી તેમને જાણકારી મળેલ નહીં કે, ટેન્ડર સંદર્ભે ફરિયાદીએ કોઈ બેદરકારી દાખવેલ છે કે કેમ; તેમને મળેલ જાણકારી પ્રમાણે તારીખઃ ૧૯.૦૩.૨૦૧૧ ના રોજ ચેકની ચૂકવણી કરતી વખતે ફરિયાદી પાસે લાંચની રકમની માંગણી કરવામાં આવેલી નહીં.

**(૧૬.૨૨) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૩ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** આરોપીની ચેમ્બરમાં જતા અગાઉ કચેરીના બે રૂમ આવે છે; આ બંને રૂમમાં કચેરીના સ્ટાફ મેમ્બર્સ બેસે છે; આરોપીની ચેમ્બર પ્રમાણમાં નાની અને આશરે ૨૧ x ૧૧ નાં ક્ષેત્રફળની છે; ટ્રેપની કાર્યવાહી દરમ્યાન એટલે કે તેઓ જ્યાં સુધી રોકાયા ત્યાં સુધી આરોપીના ઉપરી અધિકારીને બોલાવી ટેન્ડર સંદર્ભે ફરિયાદી તરફે થયેલ બેદરકારીની કોઈ વિગત મેળવેલી નહીં; તેમણે વધુમાં સ્વીકારેલ છે કે, આરોપી અને ફરિયાદી વચ્ચે શું સંવાદ થયો, તે તેઓ વૉચમાં જે પોઝિશનમાં હતા, ત્યાંથી સાંભળી શકે નહીં; બીજા ભાગનું પંચનામું પૂરું થયા બાદ આરોપીની કચેરીના કર્મચારીના સિનીચર કલાર્કનાં તેમણે નિવેદન નોંધેલ; આ શાહેદ સિનીયર કલાર્ક ચંદ્રકાંત મોહનલાલ મહેતા પાસેથી ટેન્ડરને લગતા મંજૂર થયેલા બિલોની ફાઈલની ઝેરોક્ષ મેળવેલ.

**તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,** "પાર્ટ–રેટ"નાં કારણે આરોપી તથા આરોપીની ઓફિસ તરફથી જે રકમ ફરિયાદીના બિલની રકમમાંથી કાપી લેવામાં આવતી હતી, તેને કારણે ફરિયાદીને આરોપી સાથે

મનદુઃખ હતું અને આ "પાર્ટ–રેટ" ની રકમનાં કારણે ફરિયાદીને આર્થિક નુકશાન થતું હતું, તેથી તેમણે આરોપી સામે ખોટી હકીકતો ઉપજાવી કાઢી હાલની આ ફરિયાદ આપેલ છે. સદર શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેમણે આરોપી કે ફરિયાદીના મોબાઈલ ફોન પંચનામાની રૂએ કબજે કરેલ નથી. આરોપી અને ફરિયાદી વચ્ચેની વાતચીતનું મોબાઈલ રેકોર્ડીંગ કરવામાં આવેલ નથી. બાકીના સજેશન્સનો શાહેદ દ્વારા મહદ્ અંશે અસ્વીકાર કરવામાં આવેલ છે.

**(૧૭)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે **તપાસ કરનાર અધિકારી મહેન્દ્રસિંહ વજેસિંહ રાઠોડ**ને **આંક–૧૦૩** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૧ માં તેઓ સુરત શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન હાલનો ગુનો દાખલ થતા તેની તપાસ તેમને તારીખઃ ૨૫.૦૩.૨૦૧૧ ના રોજ મળેલ. તપાસના કામે તેમણે આરોપીનો કબજો પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એન.એસ.ચૌધરી પાસેથી સંભાળેલ; આરોપીનું પંચો રૂબરૂ અટક પંચનામું કરેલ, જે આંક–૩૧ ના પંચનામામાં તેમણે બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, પંચનામાની વિગતે કબજે કરેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.ને પૃથક્કરણ અર્થે મોકલી આપેલ. આ સંબંધે તેમણે **આંક–૧૦૪** થી મુદ્દામાલ રવાનગી નોંધ, **આંક–૧૦૫** થી એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ અને **આંક–૧૦૬** થી એફ.એસ.એલ. નો રવાગની પત્ર અને રસાયણશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છ. આ ઉપરાંત તેમણે **આંક–૧૦૭** થી આરોપીના ઘરની ઝડતી–તપાસ કરવા માટે કરેલ રીપોર્ટ , **આંક–૧૦૮** થી ભરૂચ એ.સી.બી. એ પંચો મેળવવા લખેલ યાદી અને **આંક–૧૦૯** થી ઝડતી પંચનામું કરેલ

છે. આ સંબંધે તેમણે જણાવેલ છે કે, આરોપીના ઘરેથી જુદા જુદા દરની કુલે ₹૧,૦૬,૧૬૦/– ની ચલણી નોટો કબજે લીધેલ; જેની મુદ્દામાલ પાવતી ફાડવામાં આવેલી અને આરોપીને ત્યાંથી જે કોઈ ચીજવસ્તુઓ ઝડતી વખતે તપાસ દરમ્યાન મળી આવેલ, તેનો ઈન્વેન્ટરી મેમો બનાવેલ, જે ઈન્વેન્ટરી મેમો તેમણે **આંક–૧૧૦** થી અને મુદ્દામાલ કબજે કર્યાની રસીદ **આંક–૧૧૧** થી રજૂ કરેલ છે. વધુમાં તેમણે **આંક–૧૧૨** થી આરોપીનો સેવાકીય રેકર્ડ તેમજ ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલ ટેલિફોનિક વાતચીતની કોલ ડીટેઈલ **આંક–૧૧૩** થી રજૂ કરેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, કાર્યપાલક ઈજનેરની કચેરીમાંથી કેસને લગતા બીલો મંજૂર કરવા તૈયાર કરેલ ફાઈલની નકલો તેમણે મેળવેલ. જે આ કામે આંક–૯૦ થી રજૂ થયેલ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વિશેષમાં તેમણે લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલ; આરોપી વિરુદ્ધ પ્રોસીક્યૂશનની મંજૂરી મેળવવા માટે તપાસનાં કાગળો વડી કચેરી મારફતે અધિક ઈજનેર કચેરી, સુરત માર્ગ અને મકાન વર્તુળ, સુરતને મોકલી આપવામાં આવેલ, જેઓએ આરોપી વિરુદ્ધ પ્રોસીક્યૂશન માટે મંજૂરી આપેલ, જે મંજૂરી આંક–૧૦૧ થી રજૂ હોવાનું જણાવેલ છે. મંજૂરી આવતા આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા હોઈ, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૭.૧) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** તેમણે ટેન્ડરની કાર્યવાહી સંદર્ભે ફરિયાદીનું વધારાનું નિવેદન લીધેલ નથી; તપાસ દરમ્યાન તેમને જાણવા મળેલ કે, ટ્રેપ અગાઉ ફરિયાદીએ જે કોઈ કામગીરી કરેલ અને તેના બીલો મૂકેલ, તેની ચૂકવણી થયેલ છે.

## મુદ્દા નં.૩ સંદર્ભે પુરાવાનું મૂલ્યાંકન

(૧૮) પ્રસ્તુત કેસની ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈ હેઠળ આરોપી વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી થયેલ છે. આ કેસના પુરાવાની મૂલવણી કરતા પહેલાં નામદાર સર્વોચ્ચ અદાલતના **એ.આઈ.આર. ૨૦૧૫ (એસસી) ૨૯૭૨ – રામ લખન સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય**ના ચૂકાદાનો સંદર્ભ લાભદાયી છેઃ–

> ***11.*** *Dishonesty and corruption are biggest challenges for any developing country. If the public servant indulges in corruption, the citizens who are vigilant in all aspects take note of this seriously and develop a sense of distress towards the Government and its mechanism, on a whole it sends a very alarming message to the society at large and to the common man in particular. In any civilized society, the paramount consideration is the welfare of the society and corruption is the biggest hindrance in that process. If the corrupt public servant is not punished, then it will have a negative impact on the honest public servants who will be discouraged and demoralized. Some upright officers resist corruption but they cannot alone change the system which victimizes them through frequent punitive transfers, threat to their families and fabricating, foisting false cases.*
>
> ***12.*** *In such a scenario, until and unless we maintain a fine balance between prosecuting a guilty officer and protecting an innocent officer from vexatious, frivolous*

*and mala fide prosecution, it would be very difficult for the public servant to discharge his duties in free and fair manner. The efficiency of a public servant demands that he should be free to perform his official duties fearlessly and without any favour. The dire necessity is to fill in the existing gap by protecting the honest officers while making the corrupt officers realize that they are not above law. The protection to an honest public servant is required not only in his interest but in the larger interest of society. This Court time and again extended assurance to the honest and sincere officers to perform their duty in a free and fair manner towards achieving a better society.*

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **૨૦૧૩(૪) એસ.સી.સી. ૬૪૨ – નિરંજન હેમચંદ્ર શશીત્તલ**ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

*"It can be stated without any fear of contradiction that corruption is not to be judged by degree, for corruption mothers disorder, destroys societal will to progress, accelerates undeserved ambitions, kills the conscience, jettisons the glory of the institutions, paralyses the economic health.*

આ તબક્કે **૨૦૨૧(૦) સુપ્રિમ (એસસી) ૫૦ – એન.વિજયકુમાર વિ. તામિલનાડુ રાજ્ય**નો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

*"12. It is equally well settled that mere recovery by itself cannot prove the charge of the*

*prosecution against the accused. Reference can be made to the judgments of this Court in the case of C.M. Girish Babu v. CBI, Cochin, High Court of Kerala (2009) 3 SCC 779 and in the case of B. Jayaraj v. State of Andhra Pradesh (2014) 13 SCC 55. In the aforesaid judgments of this Court while considering the case under Sections 7, 13(1)(d)(i) and (ii) of the Prevention of Corruption Act, 1988 it is reiterated that to prove the charge, it has to be proved beyond reasonable doubt that accused voluntarily accepted money knowing it to be bribe. Absence of proof of demand for illegal gratification and mere possession or recovery of currency notes is not sufficient to constitute such offence. In the said judgments it is also held that even the presumption under Section 20 of the Act can be drawn only after demand for and acceptance of illegal gratification is proved. It is also fairly well settled that initial presumption of innocence in the criminal jurisprudence gets doubled by acquittal recorded by the trial court...*"

**(૧૯)** મુદ્દા નં.૩ અનુસાર આરોપી વિરુદ્ધ **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબનો ગુનો પુરવાર થાય છે કે કેમ, તે નિર્ણિત કરવાનું રહે છે. આ સંબંધે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવાની ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ, સદર આક્ષેપ પુરવાર કરવા માટે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતોના શ્રેણીબદ્ધ ચૂકાદાઓથી પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત અનુસાર ફરિયાદ પક્ષે નીચેની બાબતો પુરવાર કરવી આવશ્યક છેઃ–

૧. લાંચના છટકા સમયે આરોપીએ લાંચની રકમની **માંગણી** (demand)કરેલ હતી.

૨. આરોપીએ લાંચની રકમનો **સ્વીકાર** (acceptance) કરવામાં આવ્યો.

૩. આરોપી પાસેથી આક્ષેપિત લાંચની ચલણી નોટો **રીકવરી** (recovery)કરવામાં આવેલ છે.

આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના **નિરજ દત્તા વિ. રાજ્ય – એ.આઈ.આર. ૨૦૨૨ (એસ.સી.) ૧૨૪૮** ના ચૂકાદાનો સંદર્ભ લાભદાયી રહેશે. સદર ચૂકાદાના પેરા–૬૮ માં ઠરાવવામાં આવેલ છે કે,

***68.*** *What emerges from the aforesaid discussion is summarised as under:*

*(a) Proof of demand and acceptance of illegal gratification by a public servant as a fact in issue by the prosecution is a sine qua non in order to establish the guilt of the accused public servant under Sections 7 and 13 (1)(d) (i) and(ii) of the Act.*

*(b) In order to bring home the guilt of the accused, the prosecution has to first prove the demand of illegal gratification and the subsequent acceptance as a matter of fact. This fact in issue can be proved either by direct evidence which can be in the nature of oral evidence or documentary evidence.*

*(c) Further, the fact in issue, namely, the proof of demand and acceptance of illegal gratification can also be proved by circumstantial evidence in the absence of direct oral and documentary evidence.*

*(d) In order to prove the fact in issue, namely, the demand and acceptance of illegal gratification by the public servant, the following aspects have to be borne in mind:*

*(i) if there is an offer to pay by the bribe giver without there being any demand from the public servant and the latter simply accepts the offer and receives the illegal gratification, it is a case of acceptance as per Section 7 of the Act. In such a case, there need not be a prior demand by the public servant.*

*(ii) On the other hand, if the public servant makes a demand and the bribe giver accepts the demand and tenders the demanded gratification which in turn is received by the public servant, it is a case of obtainment. In the case of obtainment, the prior demand for illegal gratification emanates from the public servant. This is an offence under Section 13 (1) (d)(i) and (ii) of the Act.*

*(iii) In both cases of (i) and (ii) above, the offer by the bribe giver and the demand by the public servant respectively have to be proved by the prosecution as a fact in issue. In other words, mere acceptance or receipt of an illegal gratification without anything more would not make it an offence under Section 7 or Section 13 (1)(d), (i) and (ii) respectively of the Act.*

*Therefore, under Section 7 of the Act, in order to bring home the offence, there must be an offer which emanates from the bribe giver which is accepted by the public servant which would make it an offence. Similarly, a prior demand by the public servant when accepted by the bribe giver and inturn there is a payment made which is received by the public servant,*

*would be an offence of obtainment under Section 13 (1)(d) and (i) and (ii) of the Act.*

*(e) The presumption of fact with regard to the demand and acceptance or obtainment of an illegal gratification may be made by a court of law by way of an inference only when the foundational facts have been proved by relevant oral and documentary evidence and not in the absence thereof. On the basis of the material on record, the Court has the discretion to raise a presumption of fact while considering whether the fact of demand has been proved by the prosecution or not. Of course, a presumption of fact is subject to rebuttal by the accused and in the absence of rebuttal presumption stands.*

*(f) In the event the complainant turns 'hostile', or has died or is unavailable to let in his evidence during trial, demand of illegal gratification can be proved by letting in the evidence of any other witness who can again let in evidence, either orally or by documentary evidence or the prosecution can prove the case by circumstantial evidence. The trial does not abate nor does it result in an order of acquittal of the accused public servant.*

*(g) In so far as Section 7 of the Act is concerned, on the proof of the facts in issue, Section 20 mandates the court to raise a presumption that the illegal gratification was for the purpose of a motive or reward as mentioned in the said Section. The said presumption has to be raised by the court as a legal presumption or a presumption in law. Of course, the said presumption is also subject to rebuttal. Section 20 does not apply to Section 13 (1) (d)*

*(i) and (ii) of the Act.*

*(h) We clarify that the presumption in law under Section 20 of the Act is distinct from presumption of fact referred to above in point (e) as the former is a mandatory presumption while the latter is discretionary in nature.*

ઉપરોક્ત ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેતા, પ્રસ્તુત કેસના મહત્વના તત્વો સંદર્ભે પુરાવાની ચર્ચા નીચે મુજબ કરી છેઃ–

**(૨૦)** નામદાર સર્વોચ્ચ અદાલતના શ્રેણીબદ્ધ ચૂકાદાઓ કે જેની અગાઉ ચર્ચા કરવામાં આવેલ છે, તેમાં પ્રસ્થાપિત થયેલ છે કે, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ટ્રેપ કેસોમાં આરોપી તરફે લાંચની રકમની માંગણી તથા તેનો સ્વૈચ્છીક (voluntary) સ્વીકાર પુરવાર કરવું ફરિયાદ પક્ષ માટે આવશ્યક છે અને લાંચની રકમની માંગણી (Demand) તેમજ સ્વીકાર (Acceptance) ના પુરાવાની અનુપસ્થિતિમાં માત્ર છટકાના નાણાંની રીકવરીથી આરોપી વિરુદ્ધ તહોમતનામું પુરવાર થયેલું ગણી શકાય નહીં.

**(૨૧)** અત્રે નામદાર સર્વોચ્ચ અદાલતના **એ.આઈ.આર. ૨૦૧૬ (એસસી) ૨૯૮ – ક્રિશન ચંદર વિ. દિલ્હી રાજ્ય**ના ચૂકાદાનો સંદર્ભ લાભદાયી છે, જેમાં ઠરાવવામાં આવેલ છે કે,

***34.*** *It is well settled position of law that the demand for the bribe money is sine qua non to convict the accused for the offences punishable under Sections 7 and 13(1)(d) read with Section 13(2) of the PC Act. The same legal principle has been held by this Court in the*

*case of B. Jayaraj (supra), A. Subair (supra) and P. Satyanarayana Murthy (supra) upon which reliance is rightly placed by the learned senior counsel on behalf of the appellant. The relevant paragraph 7 from B. Jayaraj case (supra) reads thus:*

*"7. Insofar as the offence under Section 7 is concerned, it is a settled position in law that demand of illegal gratification is sine qua non to constitute the said offence and Page 29Crl.A. @ SLP(Crl) No. 703/2015 29 mere recovery of currency notes cannot constitute the offence under Section 7 unless it is proved beyond all reasonable doubt that the accused voluntarily accepted the money knowing it to be a bribe. The above position has been succinctly laid down in several judgments of this Court. By way of illustration reference may be made to the decision in C.M. Sharma v. State of A.P. and C.M. Girish Babu v. CBI."*

*(emphasis supplied)*

*In the case of P. Satyanarayana Murthy (supra), it was held by this Court as under:*

*"21. In State of Kerala and another vs. C.P. Rao, this Court, reiterating its earlier dictum, vis-à-vis the same offences, held that mere recovery by itself, would not prove the charge against the accused and in absence of any evidence to prove payment of bribe or to show that the accused had voluntarily accepted the money knowing it to be bribe, conviction cannot be sustained.*

*22. In a recent enunciation by this Court to discern the imperative pre-requisites of Sections 7 and 13 of the Act, it has been underlined in B. Jayaraj in unequivocal*

*terms, that mere possession and recovery of currency notes from an accused without proof of demand would not establish an offence under Sections 7 as well as 13(1)(d)(i)&(ii) of the Act. It has been propounded that in the absence of any proof of demand for illegal gratification, the use of corrupt or illegal means or abuse of position as a public servant to obtain any valuable thing or pecuniary advantage cannot be held to be proved. The proof of demand, thus, has been held to be an indispensable essentiality and of permeating mandate for an offence under Sections 7 and 13 of the Act. Qua Section 20 of the Act, which permits a presumption as envisaged therein, it has been held that while it is extendable only to an offence under Section 7 and not to those under Section 13(1)(d) (i)&(ii) of the Act, it is contingent as well on the proof of acceptance of illegal gratification for doing or forbearing to do any official act. Such proof of acceptance of illegal gratification, it was emphasized, could follow only if there was proof of demand. Axiomatically, it was held that in absence of proof of demand, such legal presumption under Section 20 of the Act would also not arise.*

*23. The proof of demand of illegal gratification, thus, is the gravamen of the offence under Sections 7 and 13(1) (d) (i)&(ii) of the Act and in absence thereof, unmistakably the charge therefore, would fail. Mere acceptance of any amount allegedly by way of illegal gratification or recovery thereof, dehors the proof of demand, ipso facto, would thus not be sufficient to bring home the charge under these two sections of the*

*Act. As a corollary, failure of the prosecution to prove the demand for illegal gratification would be fatal and mere recovery of the amount from the person accused of the offence under Sections 7 or 13 of the Act would not entail his conviction thereunder."*

*(emphasis supplied)*

તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા– **એ.આઈ.આર. ૨૦૧૫ (એસસી) ૩૫૪૯ – પી. સત્યનારાયણ મુર્થી વિ. ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટ ઓફ પોલીસ**ના ચૂકાદામાં પણ ઠરાવવામાં આવેલ છે કે**,**

**પૃથક્કરણનો અભિપ્રાયઃ**

નમૂના માર્ક-એ, બી, સી, ડી-૧ થી ડી-૨૫, એફ અને જી માં ફિનોલ્ફથેલીનની હાજરી શોધાયેલ છે.

આમ, ફરિયાદ પક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવાને વૈજ્ઞાનિક પુરાવાથી પણ સમર્થન મળે છે. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલ ના

**નરેન્દ્ર ચંપકલાલ ત્રિવેદી વિ. ગુજરાત રાજ્ય – ૨૦૧૨(૭) એસસીસી ૮૦** ના ચૂકાદાનો સંદર્ભે લાભદાયી છે. જેમાં ઠેરવેલ છે કે...

> ***13.*** *The demand and acceptance of the amount as illegal gratification is the sine qua non for constituting an offence under the Act. It is also settled in law that there is a statutory presumption under Sec. 20 of the Act which can be dislodged by the accused by bringing on record some evidence, either direct or circumstantial, that money was accepted other than the motive or reward as stipulated under Sec. 7 of the Act. It is obligatory on the part of the Court to consider the explanation offered by the accused under Sec. 20 of the Act and the consideration of the explanation has to be on the anvil of preponderance of probability. It is not to be proven beyond all reasonable doubt. It is necessary to state here that the prosecution is bound to establish that there was an illegal offer of bribe and acceptance thereof. The same has to be founded on facts. In this context, we may refer with profit to the decision in M. Narsinga Rao V/s. State of A. P. (2001) 1 SCC 691 wherein a three-Judge Bench referred to Sec. 20 of the Act and stated that the only condition for drawing the legal presumption under Sec. 20 is that during trial it should be proved that the accused has accepted or agreed to accept any gratification. The Section does not say that the said condition should be satisfied through direct evidence. Its only requirement is that it must be proved that the accused has accepted or agreed to accept the gratification. Thereafter, the*

*Bench produced a passage from Madhukar Bhaskarrao Joshi V/s. State of Maharashtra (2000) 8 SCC 571 with approval. It reads as follows :-*

*["The premise to be established on the facts for drawing the presumption is that there was payment or acceptance of gratification. Once the said premise is established the inference to be drawn is that the said gratification was accepted 'as motive or reward' for doing or forbearing to do any official act. So the word 'gratification' need not be stretched to mean reward because reward is the outcome of the presumption which the Court has to draw on the factual premise that there was payment of gratification. This will again be fortified by looking at the collocation of two expressions adjacent to each other like 'gratification or any valuable thing'. If acceptance of any valuable thing can help to draw the presumption that it was accepted as motive or reward for doing or forbearing to do an official act, the word 'gratification' must be treated in the context to mean an9 payment for giving satisfaction to the public servant who received it."]*

વધુમાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા **કંવર સીંઘ વિ. રાજ્ય – ૨૦૧૪(૦) એઆઈજેઈએલ–ડીએલ ૧૩૬૬૫૦૬** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

***36.*** *Therefore, even according to the Appellant, PWs 3 and 4 were definitely present in his room when the raiding party arrived there. As pointed out by the Supreme Court in Mukut Bihari v. State of Rajasthan, it is possible that in a given case, a panch witness may not remain present when the actual handing over of*

*the bribe amount takes place. It was concluded that "it is always desirable to have a shadow witness in the trap party but mere absence of such a witness would not vitiate the whole trap proceedings." In Hazari Lal v. State (Delhi Administration), the Court reminded that the absence of an explanation from the Appellant as to how the currency notes were obtained from him would be a relevant factor. In the present case both PWs 3 and 4 confirm that the treated notes were recovered from the possession of the Appellant. Both of them confirmed that the hand washes of the Appellant turned pink. The FSL report confirmed this. In the circumstances, the presumption under Section 20 of the PC Act stood attracted. The Appellant was unable to rebut the statutory presumption and instead raised a false plea of total denial.*

આ ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **બેચરભાઈ એસ. પ્રજાપતિ વિ. ગુજરાત રાજ્ય – ૨૦૦૮(૧૧) એસસીસી ૧૬૩** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

***7.*** *It is to be noted that both the trial Court and the High Court have analysed the evidence in great detail and have found that the appellant had demanded and accepted a sum of Rs. 200.00 from the complainant for allowing the luxury bus to go to the destination. The tainted currency notes were recovered from the appellant. The test of anthrecene powder was carried out of the hands of the raiding party under ultra violet lamp but no marks of anthracene powder was found. Similar test was carried out on the hands of the complainant. On the accused-appellant's trouser*

*presence of anthracene powder was noticed. It has also been established that the numbers of the currency notes were matched with the denominations mentioned in the pre-trap panchnama.*

***8.*** *Looked at from these angles, it cannot be said that the conclusions of, either the trial Court or the High Court, suffer from any infirmity.*

**(૨૫.૧)** ઉપરોક્ત ચૂકાદાના તારતમ્યને ધ્યાને લેતાં, આરોપીએ લાંચની માંગણી કરતા અને ફરિયાદીએ લાંચના નાણાં આરોપીને ધરતા અને આરોપીએ તે સ્વીકારતા **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ—૨૦** નું અનુમાન કરવું આવશ્યક છે. આ કાયદાની કલમ—૨૦ નીચે મુજબ છેઃ—

**20.** Presumption where public servant accepts any undue advantage -

Where, in any trial of an offence punishable under section 7 or under section 11, it is proved that a public servant accused of an offence has accepted or obtained or attempted to obtain for himself, or for any other person, any undue advantage from any person, it shall be presumed, unless the contrary is proved, that he accepted or obtained or attempted to obtain that undue advantage, as a motive or reward under section 7 for performing or to cause performance of a public duty improperly or dishonestly either by himself or by another public servant or, as the case may be, any undue advantage without consideration or for a consideration which he knows to be inadequate under section 11.

(૨૫.૨) આ તબક્કે **<u>મરહૂમ પી. સારંગપાની મારફત તેમના કાયદેસરના વારસદારો પાકા સરોજ વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય – ૨૦૨૩(૦) એ.આઈ.આર. ૪૭૩૯</u>** ના ચૂકાદાનો સંદર્ભે લાભદાયી રહેશે. સદર ચૂકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> ***11.*** *In view of the above, once the undue advantage i.e., any gratification whatever, other than the legal remuneration is proved to have been accepted by the accused, the Court is entitled to raise the presumption under Section 20 that he accepted the undue advantage as a motive or reward under Section 7 for performing or to cause performance of a public duty improperly or dishonestly. No doubt, such presumption is rebuttable. The Constitution Bench in Neeraj Dutta (supra), also had dealt with the issue of presumption under Section 20 of the Act and held as under: -*
>
> *88.7. (g) Insofar as Section 7 of the Act is concerned, on the proof of the facts in issue, Section 20 mandates the court to raise a presumption that the illegal gratification was for the purpose of a motive or reward as mentioned in the said Section. The said presumption has to be raised by the court as a legal presumption or a presumption in law. Of course, the said presumption is also subject to rebuttal. Section 20 does not apply to Sections 13(1)(d)(i) and (ii) of the Act.*
>
> ***12.*** *In the instant case the pre-trap and post-trap*

*proceedings were duly proved by the prosecution by examining the concerned witnesses, who had duly supported the case of prosecution. Both the courts below have recorded the findings that the prosecution had proved beyond reasonable doubt the conscious acceptance of the tainted currency by the accused and also the recovery of tainted currency from the appellant. Therefore, the burden had shifted on the appellant to dispel the statutory presumption under Section 20 of the said Act, and prove that it was not accepted as a motive or reward for the performance of his public duty, which the appellant had failed to dispel. The explanation offered by the appellant did not tally with the statement of the complainant recorded under Section 164 of Cr.P.C. The High Court had also recorded that the defence taken by the appellant that the acceptance of tainted currency by him was towards the Audit fees of the Society was not proved by him in as much as there was nothing on record to show that the amount paid by the complainant Immadi Laxmaiah to the appellant was out of the funds of the Society.*

**(૨૫.૩)** વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **દુર્લભજી દામજીભાઈ વાંઢ્રા વિ. ગુજરાત રાજ્ય – ૨૦૧૩(૪) જી.એલ.આર. ૩૫૦૮** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

***27.*** *The Apex Court in case of Narendra Champaklal Trivedi Vs. State of Gujarat reported in AIR 2012 SC 2263, held that the demand and acceptance of the amount as illegal gratification is the sine qua non for constituting an offence under the Act. It is also settled*

*law that there is a statutory presumption under Section 20 of the Act which can be dislodged by the accused by bringing on record some evidence, either direct or circumstantial, that money was accepted by him other than the motive or reward as stipulated under Section 7 of the Act. The Apex Court further held that it is obligatory on the part of the court to consider the explanation offered by the accused under Section 20 of the Act and the consideration of the explanation has to be on the anvil of preponderance of probability. It was further held that it is not to be proved beyond reasonable doubt and it is necessary to state here that the prosecution is bound to establish that there was an illegal offer of bribe and acceptance thereof. The same has to be founded on facts. The Apex Court referred to the decision in the case of M.Narsinga Rao V/s. State of A.P. reported in (2001) 1 SCC 691 wherein a threeJudge Bench referred to Section 20 of the Act and stated that the only condition for drawing the legal presumption under Section 20 is that during trial it should be proved that the accused has accepted or agreed to accept any gratification. The section does not say that the said condition should be satisfied through direct evidence. Its only requirement is that it must be proved that the accused has accepted or agreed to accept the gratification. Thereafter, the Apex Court reproduced a passage from the decision in the case of Madhukar Bhaskarrao Joshi V/s. State of Maharashtra, reported in (2000) 8 SCC 571 with approval. It reads as follows:*

*"The premise to be established on the facts for*

*drawing the presumption is that there was payment or acceptance of gratification. Once the said premise is established the inference to be drawn is that the said gratification was accepted 'as motive or reward' for doing or forbearing to do any official act. So the word 'gratification' need not be stretched to mean reward because reward is the outcome of the presumption which the court has to draw on the factual premise that there was payment of gratification. This will again be fortified by looking at the collocation of two expressions adjacent to each other like 'gratification or any valuable thing'. If acceptance of any valuable thing can help to draw the presumption that it was accepted as motive or reward for doing or forbearing to do an official act, the word 'gratification' must be treated in the context to mean any payment for giving satisfaction to the public servant who received it."*

***28.*** *In Raj Rajendra Singh Seth V/s. State of Jharkhand & Anr. reported in AIR 2008 SC 3212, the principle laid down in Madhukar Bhaskarrao Joshi (supra) was reiterated.*

***29.*** *In State of Maharashtra V/s. Dnyaneshwar Laxman Rao Wankhede, reported in JT 2009(12) SC 516, it has been held that to arrive at the conclusion that there had been a demand of illegal gratification, it is the duty of the court to take into consideration the facts and circumstances brought on record in their entirety and for the said purpose, undisputedly, the presumptive evidence as laid down in Section 20 of the Act must also be taken into consideration.*

***30.*** *In C.M. Girish Babu V/s. C.B.I., Cochin, High Court of Kerala reported in AIR 2009 SC 2022, after referring to the decisions in M.Narsinga Rao (supra) and Madhukar Bhaskarrao Joshi (supra), this Court has held thus:*

*"19. It is well settled that the presumption to be drawn under Section 20 is not an inviolable one. The accused charged with the offence could rebut it either through the crossexamination of the witnesses cited against him or by adducing reliable evidence. If the accused fails to disprove the presumption the same would stick and then it can be held by the Court that the prosecution has proved that the accused received the amount towards gratification."*

***31.*** *In the case on hand, the money was admittedly demanded by the original accused No.2 and recovered from the original accused No.1 and therefore, a presumption under Section 20 of the Act becomes obligatory. It is a presumption of law and it casts an obligation on the court to apply it in every case brought under Section 7 of the Act. The said presumption is a rebuttable one. In the present case, the explanation offered by the accusedappellants has not been accepted and there is no evidence on the basis of which it can be said that the presumption has been rebutted.*

***32.*** *The learned counsel for the appellants have vehemently submitted that admittedly there has been*

*no demand or acceptance. To bolster the said aspect, they have drawn inspiration from the statement of the complainant in his examinationinchief. The said statement, in my considered opinion, is not to be read out of context. He has clarified as regards the demand and acceptance at various places in his examinationinchief as well as in the crossexamination. The witness has clearly stated that there was demand of bribe and giving of the same. Nothing has been brought on record to doubt the presence of the shadow witness. He had given the signal after which the trapping party arrived and did the needful. The witnesses have supported the case of the prosecution. The currency notes were recovered from the possession of the appellant - accused No.1. In the crossexamination nothing has really been elicited to doubt his presence and veracity of the testimony. The appellants in their statement under Section 313 of the Code of Criminal Procedure have made an adroit effort to explain their stand but I have no hesitation in holding that they have miserably failed to dislodge the presumption. Thus, analysed and understood, there remains no shadow of doubt that the accusedappellants had demanded the bribe and accepted the same. Therefore, the conviction recorded by the learned trial Judge does not warrant any interference.*

***33.*** *Looking to the facts of the case, I am of the considered opinion that the prosecution has proved beyond reasonable doubt that the appellants accused, being public servants, demanded the bribe amount*

*and also accepted the bribe amount from the complainant. The accused have not discharged their burden of rebutting the statutory presumption of guilt against them. From the facts and evidence on record it is clearly established beyond reasonable doubt that the amount by way of bribe was demanded by the accused No.2 and in the result accepted by the accused No.1 voluntarily as an illegal gratification.*

***34.*** *In view of above, I am in complete agreement with the findings, ultimate conclusion and resultant order of conviction and sentence passed by the trial Court and I am of the view that no other conclusion except the one reached by the trial Court is possible in the instant case as the evidence on record stands. Therefore, there is no valid reason or justifiable ground to interfere with the impugned judgment and order of conviction and sentence.*

**(૨૬)** આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો, એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, આ કામના આરોપી એક રાજ્ય સેવક હતા અને આરોપી વિરુદ્ધ પ્રોસિક્યૂશન માટે કાયદેસરની મંજૂરી મેળવવામાં આવેલ હતી. ફરિયાદ પક્ષના પુરાવાઓમાંથી **(૧)** લાંચના છટકા સમયે આરોપી દ્વારા લાંચની રકમની **માંગણી** (demand), **(૨)** આરોપી દ્વારા લાંચની રકમનો **સ્વીકાર** (acceptance) અને **(૩)** આરોપી પાસેથી આક્ષેપિત લાંચની ચલણી નોટો **રીકવરી** (recovery) નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે. જેથી ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ આંક–૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની

કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨) મુજબનો આક્ષેપિત ગુનો સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોઈ, **મુદ્દા નં.૩** નો નિર્ણય '**હકાર**' માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૪ અને ૫ઃ**–

**(૨૭)** ઉપરોક્ત મુદ્દા નં.૩ ના સંદર્ભમાં ફરિયાદ પક્ષના પુરાવાની કરેલ વિસ્તૃત ચર્ચા તથા તેના નિર્ણયને ધ્યાને લેતાં, આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુના નિઃશંકપણે પુરવાર થતા હોઈ, **મુદ્દા નં.૪** નો નિર્ણય '**હકાર**' માં ઠરાવી **મુદ્દા નં.૫** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

## હુકમ

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૫૮(૨)** અન્વયે **પ્રદિપ શશીકાંત કારખાનીશ,** અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩) મેડીકલ કોલેજ પેટાવિભાગ, અઠવાલાઈન્સ, સુરત નાને **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવવામાં આવે છે.

સજાના મુદ્દા પરત્વે પક્ષકારોને સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
વિશેષ ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૧૭.૦૩.૨૦૨૬

**સજા અંગે સાંભળ્યા**.

(૨૮) આ કામમાં સજા અંગે આરોપીને રૂબરૂ સાંભળ્યા, જ્યારે **આરોપી તરફે વિ.વકીલશ્રી જી.આઈ. દેસાઈ**ને રૂબરૂ સાંભળ્યા. તેઓની રજૂઆત એવી છે કે, આરોપીએ ૪૦ વર્ષની નોકરી પૂર્ણ કરી સને ૨૦૧૯ માં સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલ છે. આ સમયગાળા દરમ્યાન તેમના વિરુદ્ધ હાલના ગુના સિવાય અન્ય કોઈ ગુનો નોંધાયેલ નથી. આ કેસની ટ્રાયલ દરમ્યાન તેઓ નિયમિત હાજર રહેલ છે અને કેસની ટ્રાયલ ચલાવવામાં પૂરેપૂરો સહકાર આપેલ છે. આરોપી હાલમાં નિવૃત્ત જીવન ગુજારે છે. જેથી આ તમામ સંજોગો ધ્યાને લઈ, આરોપીને ગુના સબબ ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે.

(૨૯) **વિ.એ.પી.પી.શ્રી ડોબરીયાએ વધુમાં રજૂઆત કરેલ છે કે,** ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈ હેઠળનો ગુનો નિઃશંકપણે સાબિત કરેલ છે. હાલનો ગુનો સને ૨૦૧૧ માં બનેલ છે, એટલે આશરે ૧૫ વર્ષ પહેલાં બનેલ ગુનામાં રૂપિયા પચ્ચીસ હજારની લાંચની રકમની માંગણી કરી તેનો સ્વીકાર કરેલ છે. સદર લાંચની રકમના સને ૨૦૧૧ ના મૂલ્યની હાલના સમયના મૂલ્ય સાથે સરખામણી કરવામાં આવે તો, આ લાંચની રકમ ખૂબ જ મોટી થવા જાય છે, જેથી આરોપીને સજા કરતા સમયે આ બાબતને અવગણી શકાય નહીં. વધુમાં, હાલના સમયમાં સમાજનું ભ્રષ્ટાચારનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે. આ સંજોગોમાં આ પ્રકારના કિસ્સામાં કોઈ પણ રીતે હળવો અભિગમ રાખી શકાય નહીં. આવા સરકારી કર્મચારીઓ પોતાની કાયદેસર ફરજ બજાવવા માટે પણ મોટી રકમની લાંચ માંગણી કરે છે. આથી સમાજમાંથી ભ્રષ્ટાચારનું દુષણ દૂર કરવા અને સમાજમાં દાખલો બેસે તે પ્રકારે આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

**(૩૦)** આરોપી વિરુદ્ધ પુરવાર થયેલ**ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબના ગુના સંબંધે સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવ તો, અગાઉ સદર અધિનિયમની **કલમ–૭** ના ગુના માટે **ઓછામાં ઓછી કેદની સજા છ મહિના** અને **વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની હતી**. જ્યારે **કલમ–૧૩(૧)ઘ, ૧૩(૨)** ના ગુના માટે **ઓછામાં ઓછી કેદની સજા એક વર્ષની** અને **વધુમાં વધુ સાત વર્ષ સુધીની હતી**.

**(૩૦.૧)** ત્યાર બાદ સદર અધિનિયમમાં તારીખઃ ૧૬.૦૧.૨૦૧૪ થી અમલમાં આવેલ સુધારા મુજબ, **કલમ–૭** ના ગુના માટે **ઓછામાં ઓછી કેદની સજા ત્રણ વર્ષ** અને **વધુમાં વધુ સાત વર્ષ સુધીની કરવામાં આવેલ**. જ્યારે **કલમ–૧૩(૧)ઘ, ૧૩(૨)** ના ગુના માટે **ઓછામાં ઓછી કેદની સજા ચાર વર્ષની** અને **વધુમાં વધુ દસ વર્ષ સુધીની કરવામાં આવેલ.**

**(૩૦.૨)** હાલનો ગુનો સને ૨૦૦૮ માં બનેલ હોઈ, સને ૨૦૧૪ માં આ અધિનિયમમાં કરવામાં આવેલ સુધારો હાલના કેસને લાગુ પડતો નથી. પરીણામે, હાલના ગુનાના કામે આરોપીને તેમની સામે સાબિત થયેલા ગુનામાં અગાઉ નિશ્ચિત કરવામાં આવેલ સજાનો સમયગાળો ધ્યાને લેવામાં આવેલ છે.

**(૩૧)** લોકશાહી દેશ માટે ભ્રષ્ટાચાર એ સૌથી મોટો અપરાધ છે, આ તબક્કે મહાત્મા ગાંધીના શબ્દો ટાંકવા જરૂરી જણાય છે, જે નીચે મુજબ છેઃ–

> *"It (corruption) has now become worse than before. Restraint from it has practically gone. Corruption will go*

*when the large number of persons given unworthily to it realise that the nation does not exist for them to exploit but that they exist to serve the nation. This requires morals, and extreme vigilance on the part of those who are free of the taint. Indifference will be criminal..."*

*(27 January 1948. From the pages of The Hindu)*

**(૩૧.૧)** નામદાર સર્વોચ્ચ અદાલતના **છત્તીસગઢ રાજ્ય વિ. અમન કુમાર સીંઘ – ૨૦૨૩(૬) એસસીસી ૫૫૯** ના ચૂકાદાનો સંદર્ભ લાભદાયી રહેશે. સદર ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે**,**

***49.*** *We preface our discussion, leading to the answers to the above two questions, taking note of a dangerous and disquieting trend that obviously disturbs us without end. Though it is the preambular promise of the Constitution to secure social justice to the people of India by striving to achieve equal distribution of wealth, it is yet a distant dream. If not the main, one of the more prominent hurdles for achieving progress in this field is undoubtedly 'corruption'. Corruption is a malaise, the presence of which is all pervading in every walk of life. It is not now limited to the spheres of activities of governance; regrettably, responsible citizens say it has become a way of one's life. Indeed, it is a matter of disgrace for the entire community that not only on the one hand is there a steady decline in steadfastly pursuing the lofty ideals which the founding fathers of our Constitution had in mind, degradation of moral values in society is rapidly on the rise on the other. Not much debate is required to trace the root of corruption. 'Greed', regarded in Hinduism as one of the seven sins, has been overpowering in its impact. In*

*fact, unsatiated greed for wealth has facilitated corruption to develop like cancer. If the corrupt succeed in duping the law enforcers, their success erodes even the fear of getting caught. They tend to bask under a hubris that rules and regulations are for humbler mortals and not them. To get caught, for them, is a sin. Little wonder, outbreak of scams is commonly noticed. What is more distressing is the investigations/inquiries that follow. More often than not, these are botched and assume the proportion of bigger scams than the scams themselves. However, should this state of affairs be allowed to continue- Tracking down corrupt public servants and punishing them appropriately is the mandate of the P.C. Act. "We the people", with the adoption of our Constitution, had expected very high standards from people occupying positions of trust and responsibility in line with the Constitutional ethos and values. Regrettably, that has not been possible because, inter alia, a small section of individuals inducted in public service for 'serving the public' appear to have kept private interest above anything else and, in the process, amassed wealth not proportionate to their known sources of income at the cost of the nation. Although an appropriate legislation is in place to prevent the cancer of corruption from growing and developing, wherefor maximum punishment by way of imprisonment for ten years is stipulated, curbing it in adequate measure, much less eradicating it, is not only elusive but unthinkable in present times. Since there exists no magic wand as in fairy tales, a swish of which could wipe out greed, the Constitutional Courts owe a duty to the people of the*

*nation to show zero tolerance to corruption and come down heavily against the perpetrators of the crime while at the same time saving those innocent public servants, who unfortunately get entangled by men of dubious conduct acting from behind the screen with ulterior motives and/or to achieve vested interests. The task, no doubt, is onerous but every effort ought to be made to achieve it by sifting the grain from the chaff. We leave the discussion here with the fervent hope of better times in future.*

**(૩૧.૨)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **મધ્ય પ્રદેશ રાજ્ય વિ. રામ સીંઘ – ૨૦૦૦(૫) એસસીસી ૮૮** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

***7.*** *Corruption in a civilised society is a disease like cancer, which if not detected in time is sure to maliganise the polity of country leading to disastrous consequences. It is termed as plague which is not only contagious but if not controlled spreads like a fire in a jungle. Its virus is compared with HIV leading to AIDS, being incurable. It has also been termed as Royal thievery. The socio-political system exposed to such a dreaded communicable disease is likely to crumble under its own weight. Corruption is opposed to democracy and social order, being not only anti-people, but aimed and targeted against them. It affects the economy and destroy the cultural heritage. Unless nipped in the bud at the earliest, it is likely to cause turbulence shaking of the socio-economic-political system in an otherwise healthy, wealthy, effective and vibrating society.*

(૩૧.૩) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **શાંતિલાલ મીના વિ. એન.સી.ટી. ઓફ દિલ્હી રાજ્ય સીબીઆઈ – ૨૦૧૫(૬) એસસીસી ૧૮૫** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

> ***20.*** *As far as punishment for offences under the PC Act is concerned, we do not think that there is any serious scope for reforming the convicted public servant. The moment he is convicted, he loses his job. Hence, there is no significance to the theory of reformation of his conduct in public service. The only relevant object of punishment in such cases is denunciation and deterrence. That is the reason the Parliament has restricted the judicial discretion in imposing punishment.*
>
> ***21.*** *To quote Friedmann, "Generally, the philosophy of deterrence still prevails in modern criminology. We continue to be concerned with preventing, by appropriate punitive sanctions, both the individual offender and other members of society from the repetition of crime, or the imitation on the part of others by similar actions" [Law in Changing Society, W. Friedmann, 2nd Edition, P.224.]. Unless the courts award appropriately deterrent punishment taking note of the nature of the offence under the PC Act and the status of the public servant at the relevant time, people will lose faith in the justice delivery system and the very object of the legislation on prevention of corruption will be defeated. The court is the conscience of the statute and hence its judgments should project and promote the policy arms of punishment, lest it should shake the faith of common man in courts. The judgment on sentence shall not shock the common*

*man. It should reflect the public abhorrence of the crime. The court has thus a duty to protect and promote public interest and build up public confidence in efficacy of rule of law. Misplaced sympathy or unwarranted leniency will send a wrong signal to the public giving room to suspect the institutional integrity, affecting the credibility of its verdict. Thus, while awarding sentence in cases under the PC Act, the court should bear in mind the expectation of the people of its paramount duty to prevent corruption in society by providing prompt conviction and stern sentence.*

**(૩૧.૪)** આ ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **સુબ્રમનીયમ સ્વામિ વિ. સી.બી.આઈ. – ૨૦૧૪(૮) એસ.સી.સી. ૬૮૨** ના ચૂકાદાનામાં ઠરાવવામાં આવેલ છે કે,

*"Corruption is an enemy of the nation and tracking down corrupt public servants and punishing such persons is a necessary mandate of the PC Act, 1988. It is difficult to justify the classification which has been made in Section 6-A (of the Delhi Special Police Establishment Act, 1946) because the goal of law in the PC Act, 1988 is to meet corruption cases with a very strong hand and all public servants are warned through such a legislative measure that corrupt public servants have to face very serious consequences."*

*And again, Corruption is an enemy of nation and tracking down corrupt public servant, howsoever high he may be, and punishing such person is a necessary mandate under the PC Act, 1988. The status or position of public servant does not qualify such public servant from exemption from equal treatment.*

**(૩૧.૫)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **નિરજ દત્તા વિ. રાજ્ય – ૨૦૨૩(૪) એસસીસી ૭૩૧** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

*"In this regard, we would like to reiterate what has been stated by this Court in Swatantar Singh vs. State of Haryana (1997) 4 SCC 14:*

*"6. ..........Corruption is corroding, like cancerous lymph nodes, the vital veins of the body politic, social fabric of efficiency in the public service and demoralising the honest officers. The efficiency in public service would improve only when the public servant devotes his sincere attention and does the duty diligently, truthfully, honestly and devotes himself assiduously to the performance of the duties of his post. The reputation of corruption would gather thick and unchaseable clouds around the conduct of the officer and gain notoriety much faster than the smoke". The above has been reiterated in A.B. Bhaskara Rao vs. CBI (2011) 10 SCC 259 by quoting as under from the case of State of M.P. vs. Shambhu Dayal (2006) 8 SCC 693:*

*"32. It is difficult to accept the prayer of the respondent that a lenient view be taken in this case. The corruption by public servants has become a gigantic problem. It has spread everywhere. No facet of public activity has been left unaffected by the stink of corruption. It has deep and pervasive impact on the functioning of the entire country. Large-scale*

*corruption retards the nation-building activities and everyone has to suffer on that count." We place on record our appreciation of all learned senior counsel as well as counsel and instructing counsel including learned ASGs who have assisted the Court.*

(૩૨) સજાના મુદ્ધા પરત્વે બંને પક્ષના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા. આ કામના આરોપી વિરુદ્ધ **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબનો ગુનો સાબિત થયેલ છે. અગાઉ કરેલ ચર્ચા મુજબ, ભ્રષ્ટાચાર તે ભારત જેવા લોકશાહી દેશ માટે એક મોટું દુષણ છે, જે સામાજીક તથા આર્થિક વિકાસ પ્રતિરોધક છે. તેને જ લઈને કાયદામાં કઠોર શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આરોપી સને ૨૦૧૯ માં નિવૃત્ત થયેલ છે અને હાલમાં તેઓ નિવૃત્ત જીવન ગુજારે છે, આથી તેમને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. પરંતુ પ્રવર્તમાન સમયમાં લાંચ–રૂશ્વતખોરીનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે. જેથી આ અનિષ્ટને ડામવા માટે કોઈ પણ સંજોગોમાં હળવો અભિગમ દાખવી શકાય નહીં. પરીણામે, આરોપીની વય, તેમની સામાજીક જવાબદારી, તેમના વિરુદ્ધના ગુનાની ગંભીરતા, સમાજ વિરોધી ગુનાનો પ્રકાર, સમાજ પર પડનારી અસર વગેરે તમામ પાસાઓ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લઈને સજા અંગે હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

(૩૩) ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લઈ, આ પ્રકરણના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

## આખરી હુકમ

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૫૮(૨) અન્વયે **આરોપી પ્રદિપ શશીકાંત કારખાનીશ,** અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩) મેડીકલ કોલેજ પેટાવિભાગ, અઠવાલાઈન્સ, સુરત નાને;

[i] **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭** મુજબના ગુના સબબ **૩ (ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા** અને **₹૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નો દંડ** ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮(૩)** અન્વયે વધુ **૧ (એક) માસ**ની **સાદી કેદની સજા** કરવાનો હુકમ કરવામાં આવે છે.

[ii] **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૧૩(૧)ઘ, ૧૩(૨)** મુજબના ગુના સબબ **૩ (ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા** અને **₹૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નો દંડ** ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮(૩)** અન્વયે વધુ **૧ (એક) માસ**ની **સાદી કેદની સજા** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. **ઉપરોક્ત દંડ અને ડિફોલ્ટ સિવાયની** તમામ સજા **આરોપી**એ એકસાથે ભોગવવી.

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૬૮ ની જોગવાઈ મુજબ, આરોપી જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહ્યા હોય, તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપી હાલના ગુનાના કામે જામીન ઉપર મુક્ત થયેલા હોઈ, તેમના જામીનખત રદ કરી તેમને તાત્કાલિક કસ્ટડીમાં લેવા હુકમ કરવામાં આવે છે.

૫. આ કેસમાં લાંચના છટકાનું આયોજન કરતી વખતે ફરિયાદીએ રજૂ કરેલ ₹૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) એ.સી.બી. કચેરી, સુરત દ્વારા જો ફરિયાદીને પરત કરવામાં આવેલ ન હોય તો સદર રકમ અપીલ સમય બાદ એ.સી.બી. કચેરી, સુરત નાએ આ કામના ફરિયાદી વિનયકુમાર નરેશભાઈ પટેલને નિયમાનુસાર જરૂરી ખરાઈ કરાઈ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૬. સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પૈકી;

[i] **<u>મુદ્દામાલ આર્ટિકલ નં.૪</u>** ની ₹૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ની ચલણી નોટો સંબંધે ડિમોનીટાઈઝેશનના સમયગાળા દરમ્યાન જો કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો, સદર ચલણી નોટો અપીલ સમય બાદ એ.સી.બી. કચેરી, સુરતને પરત કરવાનો અને એ.સી.બી. કચેરી, સુરતનાએ આ ચલણી નોટો નિયમાનુસાર રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

[ii] **<u>મુદ્દામાલ આર્ટિકલ નં.૮</u>** ની ₹૧,૦૬,૧૬૦/- (અંકે રૂપિયા એક લાખ છ હજાર એકસો સાંઠ પૂરા) ની ચલણી નોટો આ કામના આરોપી પ્રદિપ શશીકાંત કારખાનીશના ઘરેથી આંક-૧૦૯ ના ઝડતી પંચનામા દરમ્યાન કબજે લેવામાં આવેલ હોઈ, સદર રકમ આરોપીની અગંત બચતની હોઈ, અપીલ સમય પૂરો થયા બાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૯૮ અનુસાર સદર રકમ આ કામના આરોપીને નિયમાનુસાર જરૂરી ખરાઈ કરીને પરત કરવા.

[iii] જ્યારે **અન્ય તમામ મુદ્દામાલ** બિનકિંમતી હોઈ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૯૮ અનુસાર અપીલ સમય પૂરો થયા બાદ તેનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૭. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૪(૧)** ની જોગવાઈ મુજબ, આ ચૂકાદાની એક નકલ આરોપીને વિના મૂલ્યે સત્વરે પૂરી પાડવી.

૮. આ કામના આરોપી તત્કાલિન સમયે અધિક આસિસ્ટંટ ઈજનેર – નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ–૩), મેડીકલ કોલેજ પેટાવિભાગ, અઠવાલાઈન્સ, સુરત તરીકે ફરજ બજાવતા હતા, જેથી આ હુકમની એક ખરી નકલ તેમની સંબંધીત વડી કચેરીને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૯. વધુમાં આ હુકમની **સોફ્ટ કોપી ઈમેઈલના માધ્યમથી** આવકવેરા વિભાગને જાણ સારૂ મોકલવા હુકમ કરવામાં આવે છે.

**૧૦.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૬ અન્વયે આ હુકમની **સોફ્ટ કોપી ઈમેઈલના માધ્યમથી** જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**નોંધઃ** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ આ કેસમાં રજૂ થયેલા પુરાવાઓની વિગતો અલગ પરિશિષ્ટ દર્શાવી, તે પરિશિષ્ટ આ ચૂકાદો સાથે અંતમાં સામેલ રાખવામાં આવેલ છે.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧૭મી** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

સ્થળઃ સુરત
તારીખઃ ૧૭.૦૩.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
વિશેષ ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે તપાસેલા શાહેદોનું લીસ્ટ

| શાહેદ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | વિનયકુમાર નરેશભાઈ પટેલ | ફરિયાદી |
| ૨ | શંકરભાઈ ઝીણાભાઈ પટેલ | પંચ નં.૧ |
| ૩ | નંદકિશોર શ્રાવણ ચૌધરી | ટ્રેપીંગ ઓફિસર |
| ૪ | મહેન્દ્રસિંહ વજેસિંહ રાઠોડ | તપાસ કરનાર અધિકારી |

સહી/-

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
વિશેષ ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૧૭.૦૩.૨૦૨૬

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ

| આંક | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧૫/૧ | ફરિયાદ | ૧ |
| ૨૯/૨ | લાંચના છટકાનું પંચનામું | ૨ |
| ૩૦/૨ | સીઝર મેમો | ૨ |
| ૩૧/૨ | આરોપીનું અટક પંચનામું | ૨ |
| ૩૨/૨ થી ૩૭/૨ | પંચ સ્લીપ (મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૫, ૭) | ૨ |
| ૮૮/૩ | પંચો મેળવવા માટે લખવામાં આવેલ યાદી | ૩ |
| ૯૦/૩ | બીલો મંજૂર કરવા માટે તૈયાર કરેલ ફાઈલની નકલો | ૩ |
| ૧૦૧ | પ્રોસીક્યૂશનની મંજૂરીનો હુકમ (બચાવ પક્ષની કબૂલાતના આધારે આંકે પાડેલ છે). | -- |
| ૧૦૪/૪ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૪ |
| ૧૦૫/૪ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૪ |
| ૧૦૬/૪ | એફ.એસ.એલ. નો રવાગની પત્ર અને રસાયણશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૪ |

| આંક | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧૦૭/૪ | આરોપીના ઘરની ઝડતી–તપાસ કરવા માટે કરેલ રીપોર્ટ | ૪ |
| ૧૦૮/૪ | ભરૂચ એ.સી.બી.એ પંચો મેળવવા લખેલ યાદી | ૪ |
| ૧૦૯/૪ | ઝડતી પંચનામું | ૪ |
| ૧૧૦/૪ | ઈન્વેન્ટરી યાદી | ૪ |
| ૧૧૧/૪ | મુદ્દામાલ કબજે કર્યાની રસીદ | ૪ |
| ૧૧૨/૪ | આરોપીનો સેવાકીય રેકર્ડ | ૪ |
| ૧૧૩/૪ | કોલ ડીટેઈલ | ૪ |

સહી/–

સ્થળઃ સુરત

તારીખઃ ૧૭.૦૩.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
વિશેષ ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ

| મુ.આ. નં. | મુદ્દામાલનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧ | વધારાનો ફિનોલ્ફથેલીન પાઉડર | ૨ |
| ૨ | દ્રાવણ | ૨ |
| ૩ | દ્રાવણ | ૨ |
| ૪ | લાંચના છટકા માટે ઉપયોગમાં લેવાયેલ ₹૨૫,૦૦૦/- ની ચલણી નોટો | ૨ |
| ૫ | ફિલ્ટર પેપર | ૨ |
| ૬ | આરોપીનું પેન્ટ | ૨ |
| ૭ | દ્રાવણ | ૨ |
| ૮ | આરોપીના ઘરેથી કબજે લીધેલ ₹૧,૦૬,૧૬૦/- ની ચલણી નોટો | ૪ |

સહી/-

સ્થળઃ સુરત
તારીખઃ ૧૭.૦૩.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
વિશેષ ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]